દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 101 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ- ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 April 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૯ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૬ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભારતીય કોસ્ટ ગાર્ડ, એટીએસ અને એનસીબીની સંયુક્ત કામગીરી

# પોરબંદરના દરિયામાંથી ₹ ૬૦૦ કરોડનું હેરોઈન પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

**૧૪ પાકિસ્તાનીઓ પણ ઝડપાયા**

અમદાવાદ: ગુજરાતના દરિયામાંથી અવારનવાર નશીલા પદાર્થો પકડાવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. વધુ એકવાર અરબી સમુદ્રમાંથી હેરોઈનના ૮૬ કિલો જથ્થા સાથે ૧૪ પાકિસ્તાનીઓ ઝડપાયા હતા. હેરોઈનના જથ્થાની બજાર કિંમત અંદાજે રૂ.૬૦૦ કરોડ હોવાનું જણાવ્યુંહતું.

પોરબંદર ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે ૨૮મી એપ્રિલ રવિવારના રોજ દરિયામાં ગુપ્ત માહિતી આધારે એન્ટી-નાર્કોટિક્સ ઓપરેશન હાથ ધર્યું હતું. પાકિસ્તાની બોટમાંથી ૧૪ ક્રૂ સાથે રૂ.૬૦૦ કરોડની કિંમતનું અંદાજે ૮૬ કિલો હેરોઈન પકડવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં ભારતીય કોસ્ટ ગાર્ડ, એન્ટી ટેરરિઝમ સ્કવોડ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ સહયોગ કર્યો હતો. ઓપરેશનને સફળ કરવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજો અને એર ક્રાફટ મિશન તહેનાત કરવામાં આવ્યા હતા.

કોસ્ટ ગાર્ડ, એનસીબી અને એટીએસ અધિકારીઓએ શંકાસ્પદ બોટની ઓળખ કરી હતી. જહાજની નિષ્ણાત ટીમે શંકાસ્પદ બોટ પર સવારી કરી અને સંપૂર્ણ તપાસ કર્યા પછી, મોટી માત્રામાં માદક દ્રવ્યોની હાજરીની પુષ્ટિ કરી હતી. આ દરમિયાન સુરક્ષા એજન્સીઓ અને પાકિસ્તાની બોટ વચ્ચે ફાયરિંગ પણ થયું હતું. જેમાં પાકિસ્તાની બોટચાલક ઘાયલ થયો હતો. પાકિસ્તાની બોટને તેના ક્રૂ સાથે પકડી વધુ તપાસ માટે તેને પોરબંદર લાવવામાં આવશે.


અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે ગુજરાત એટીએસ અને એનસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી ગાંધીનગરના પીપળજમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપી પાડી હતી. ગુજરાત અને રાજસ્થાન મળીને ત્રણ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૦થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ફેક્ટરીમાં વિવિધ પ્રકારના ડ્રગ્સ માટેનું રો મટિરિયલ તૈયાર કરવામાં આવતું હતું. અહીં તૈયાર થતા ડ્રગ્સને રાજ્ય તથા અન્ય દેશોમાં મોકલવામાં આવતું હોવાનું પણ ખુલ્યું હતુ. ■

નશીલા પદાર્થ કબજેઃ ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (આઈસીજી)ના જહાજ રાજરતને રવિવારે પાકિસ્તાનની એક બૉટ કબજે કરી તેમાંથી નશીલા પદાર્થો જપ્ત કર્યા હતા અને બૉટમાં સવાર ૧૪ પાકિસ્તાનીઓની ધરપકડ કરી હતી. (એજન્સી)



# ઉત્તર પ્રદેશમાં ટ્રક-બસ અથડામણમાં સાતનાં મોત

## ઉન્નાવની દુર્ઘટનામાં પચીસ જણ ઘાયલ



અકસ્માતઃ બિલાસપુરના ઝૂખાલામાં રવિવારે ટ્રક સાથે અથડાયા બાદ એક બસ પુલ પરથી નીચે ખાબકી હતી. આ દુર્ઘટનામાં બસમાં સવાર અનેક પ્રવાસી ઘાયલ થયા હતા. (એજન્સી)

ઉન્નાવ: ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં રવિવારે બપોરે ટ્રક અને બસ વચ્ચેની અથડામણમાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયા હતા અને અંદાજે પચીસ જણ ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોમાં અનેકની હાલત ગંભીર હોવાથી મરણાંક વધવાની ભીતિ છે.

સફીપુર કોતવાલી ક્ષેત્રમાં જમલ્દીપુરની નજીક આ દુર્ઘટના થઇ હતી. બાંગરમઉથી ઉન્નાવ જતી બસ સફીપુર કોતવાલી ક્ષેત્રના જમલ્દીપુર ગામની પાસે પહોંચી ત્યારે સામેની દિશામાંથી ઘણી ઝડપથી આવતી એક ટ્રક તેની સાથે અથડાઇ હતી અને બસનો અડધો ભાગ ચીરીને આગળ નીકળી ગઇ હતી.

ટ્રકચાલક ચકલવંશી માર્ગ પરથી આગળ જઇને નાસી ગયો હતો. પોલીસે તેને પકડવા માટે નાકાબંધી કરી હતી.

બસના બે મુસાફરનું માથું ધડથી અલગ થઇ ગયું હતું અને અનેક પ્રવાસીને શરીરના અંગ તૂટી ગયાં હતાં.

ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા અને ગંભીર રીતે ઇજા પામેલા લોકોને વધુ સારવાર માટે મોટી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ઓડિશા, આંધ્ર, તેલંગણા, બિહાર, યુપીમાં કાળઝાળ ગરમીની આગાહી

નવી દિલ્હીઃ હવામાન વિભાગે આગામી થોડા દિવસ દરમિયાન ઓડિશા અને આંધ્ર પ્રદેશના રાયલસીમા વિસ્તારમાં તાપમાન ૪૩થી ૪૫ અંશ સેલ્સિયસ જેટલું થઇ જવાની આગાહી કરી હતી.

તેણે જણાવ્યું હતું કે તેલંગણા, મહારાષ્ટ્રના મરાઠવાડા, ઝારખંડ, દક્ષિણ બિહાર, પૂર્વ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના ગંગા નદીના કિનારા પાસેના વિસ્તારમાં ગરમી થોડા દિવસ ૪૧થી ૪૩ અંશ સેલ્સિયસ રહેવાની શક્યતા છે.

આ ઉપરાંત, આસામ, મેઘાલય, ત્રિપુરા, કેરળ, કર્ણાટકના કેટલાક ભાગ, ગોવા, સિક્કિમ, ઝારખંડ, પુડુચેરી, કેરળમાં પણ કાળઝાળ ગરમી ચાલુ રહેવાની આશા છે.

હિમાચલ પ્રદેશ અને પૂર્વ મધ્ય પ્રદેશમાં વાવાઝોડા સાથે કરાં પડવાની અને જમ્મુ - કાશ્મીર, લદાખ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને આસામના અમુક વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના પણ વ્યક્ત કરાઇ હતી.

સ્કાઇમેટ વેધરના અહેવાલ મુજબ આગામી થોડા દિવસ દરમિયાન પશ્ચિમ હિમાલયમાં હળવો કે મધ્યમ વરસાદ થશે, જ્યારે જમ્મુ - કાશ્મીર, હિમાચલના અમુક વિસ્તારમાં ભારે વરસાદ તેમ જ હિમવર્ષા થઇ શકે છે.

પંજાબ, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્રના વિદર્ભ, છત્તીસગઢ, કિનારાના આંધ્ર પ્રદેશ, તેલંગણાના કેટલાક વિસ્તારમાં ઝડપી પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે.

તેણે જણાવ્યું હતું કે દિલ્હી - એનસીઆરમાં આગામી થોડા દિવસ વાદળિયું વાતાવરણ અને લઘુતમ તાપમાન ૩૦ અંશ તેમ જ મહત્તમ ૩૮ અંશ સેલ્સિયસ રહેવાની શક્યતા છે.



હીટવેવઃ કોલકાતામાં રવિવારે હીટવેવને પગલે રસ્તાઓ સૂમસામ નજરે પડ્યા હતા. (એજન્સી)

# દેવગૌડાના પૌત્રને સંડોવતા સેક્સ સ્કેન્ડલની તપાસ માટે સીટ રચાશે

બેંગલુરુઃ કર્ણાટક સરકારે હસન સાંસદ પ્રજ્વલ રેવન્ના સાથે સંકળાયેલા કથિત સેક્સ કૌભાંડની તપાસ માટે વિશેષ તપાસ ટીમ બનાવવાનો નિર્ણય કર્યો છે.

નોંધનીય છે કે પ્રજ્વલ જેડી(એસ)ના વડા અને પૂર્વ વડા પ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર છે. તેઓ હાસન લોકસભા મતવિસ્તારમાં એનડીએના ઉમેદવાર હતા. જ્યાં ૨૬ એપ્રિલે મતદાન થયું હતું. જેડી(એસ) ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એનડીએમાં જોડાઇ હતી. મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ શનિવારે મોડી રાત્રે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકારે પ્રજ્વલ રેવન્નાના અશ્લીલ વીડિયો કેસના સંબંધમાં એક વિશેષ તપાસ ટીમ બનાવવાનો નિર્ણય કર્યો છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે હાસન જિલ્લામાં અશ્લીલ વીડિયો ક્લિપ્સ ફરતી થઇ રહી છે, જેમાં મહિલાઓનું યૌન શોષણ થયું હોય તેવું લાગે છે. સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે આ પૃષ્ઠભૂમિમાં મહિલા આયોગના અધ્યક્ષ(ડો. નાગલક્ષ્મી ચૌધરી) એ સીટ તપાસ કરવા માટે સરકારને પત્ર લખ્યો હતો. તેમની વિનંતીના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# દક્ષિણ ચીનમાં વાવાઝોડામાં પાંચનાં મોત, સેંકડો ફેક્ટરી ઈમારતોને નુકસાન

બીજિંગઃ દક્ષિણ ચીનના શહેર ગુઆંગઝૂમાં શનિવારે ત્રાટકેલા વાવાઝોડામાં પાંચ લોકોનાં મોત અને ૧૪૦થી વધુ ફેક્ટરી ઇમારતોને નુકસાન થયું હોવાનું રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું.

ચીનના હવામાન વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર વાવાઝોડું હોંગકોંગ નજીક એક વિશાળ મહાનગર અને ઉત્પાદન કેન્દ્ર ગુઆંગઝૂના બાયયુન જિલ્લામાં બપોરે ૩ વાગ્યે ત્રાટક્યું હતું. ઓનલાઇન પોસ્ટ કરાયેલા વીડિયોમાં મધ્ય બપોરના આકાશમાં તોફાનના વાદળો અને કાટમાળ હવામાં ઉછળતા જોવા મળે છે. સત્તાવાળાઓએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાનના વિદેશ પ્રધાનને નાયબ વડા પ્રધાન બનાવાયા

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડારને રવિવારે દેશના નાયબ વડા પ્રધાન બનાવાતા અનેક રાજકીય નિષ્ણાતોને આશ્ચર્ય થયું હતું. તેઓ નવાઝ શરીફના વેવાઇ પણ છે. ૭૩ વર્ષીય ઇશાક ડાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને તેઓ વડા પ્રધાન શહબાઝ શરીફના પક્ષ પાકિસ્તાન

મુસ્લિમ લીગ - નવાઝના વરિષ્ઠ નેતા છે.

વડા પ્રધાન શહબાઝ શરીફના આદેશથી ઇશાક ડારની તાત્કાલિક અસરમાં આવે તે રીતે નિમણૂક કરાઇ હતી. ઇશાક ડારની નાયબ વડા પ્રધાન તરીકે નિમણૂકની જાહેરાત કરાઇ ત્યારે તેઓ અને વડા પ્રધાન શરીફ વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠકમાં ભાગ લેવા સઉદી અરેબિયામાં હતા.ડાર ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફના નજીકના સાથી ગણાય છે. તેમના દીકરાએ નવાઝ શરીફની દીકરી સાથે નિકાહ કર્યા હતા. ડાર અગાઉની બે સરકારમાં નાણાં પ્રધાન પણ હતા. તેમને ગયા માર્ચમાં વિદેશ પ્રધાન બનાવાયા હતા. (એજન્સી)

# શહજાદાએ મહારાજાઓનું અપમાન કર્યું, પરંતુ નવાબોના અત્યાચાર પર ચુપ્પી સાધીઃ મોદી



ભેટઃ લોકસભાની ચૂંટણી દરમિયાન કર્ણાટકના બેલગાવીમાં યોજાયેલી એક જાહેરસભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એક સ્મૃતિચિહ્ન ભેટમાં આપવામાં આવ્યું હતું. (એજન્સી)

બેલગાવી (કર્ણાટક)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર ભારતના રાજા મહારાજાઓનું અપમાન કરવાનો અને બીજી તરફ તુષ્ટીકરણની રાજનીતિ કરવા માટે નવાબો, નિઝામો, સુલતાનો અને બાદશાહો દ્વારા આચરવામાં આવેલા અત્યાચાર પર ચુપ્પી સાધીને બેવડું વલણ અપનાવવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

એક પ્રચાર રેલીને બેલગાવીમાં સંબોધતાં તેમણે કહ્યું હતું કે ઈતિહાસ અને સ્વાતંત્ર્ય ચળવળ અંગેનાં લખાણોમાં વોટબેંકની રાજનીતિને ધ્યાનમાં રાખીને તુષ્ટિકરણને સુનિશ્ચિત કર્યું હતું. આજની તારીખે કૉંગ્રેસના શહજાદા તે પાપ આગળ લઈ જઈ રહ્યા છે. તમે કદાચ શહજાદાનું તાજેતરનું નિવેદન સાંભળ્યું હશે, જેમાં તે કહે છે કે ભારતના રાજાઓ અને મહારાજાઓ અત્યાચારી હતા. ત્યારબાદ તેમણે એમ કહ્યું હતું કે શહજાદાએ રાજા મહારાજાઓ પર ગરીબો અને લોકોની જમીનો અને મિલકતો હડપ કરવાનો આરોપ લગાવ્યો હતો, તેમણે છત્રપતિ શિવાજી મહારાજ અને કિત્તુર રાણી ચેન્નમ્મા જેવી મહાન હસ્તીઓનું અપમાન કર્યું છે.

મૈસુરના રાજવંશના યોગદાનને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસના શહજાદાના નિવેદન ઈરાદાપૂર્વકના અને મતબેંકની રાજનીતિને ધ્યાનમાં રાખીને તુષ્ટીકરણ માટે કરવામાં આવ્યા હતા.

શહજાદાએ રાજા-મહારાજા માટે અપમાનાસ્પદ નિવેદન કર્યા હતા, પરંતુ નવાબો, નિઝામો, સુલતાનો અને બાદશાહો દ્વારા કરવામાં આવેલા અત્યાચાર અંગે બોલતાં તેમના મોં પર તાળાં લાગી ગયાં હતાં. તેમનું મોં તેમના પર સિવાઈ ગયું હતું, પરંતુ રાજા-મહારાજા માટે તેઓ ખરાબ બોલે છે અને તેમનું અપમાન કરે છે, એમ પણ તેમણે કહ્યું હતું.

રાહુલ ગાંધીને ઔરંગઝેબ દ્વારા

(જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાનમાં ત્રણ દિવસીય હિંગળાજ યાત્રા પૂર્ણ, એક લાખથી વધુ યાત્રાળુઓ પહોંચ્યા

હિંગળાજ (પાકિસ્તાન)ઃ દક્ષિણ-પશ્ચિમ પાકિસ્તાનમાં આવેલા હિંગળાજ માતાની ત્રણ દિવસીય યાત્રા પૂર્ણ થઇ હતી. સેંકડો હિંદુઓ પ્રાચીન ગુફામાં બનેલા હિંગળાજ માતાના દર્શન કરવા માટે સીડીઓ ચઢી શિખર પર પહોંચે છે. બલુચિસ્તાન પ્રાંતના હિંગોળ નેશનલ પાર્કની આસપાસ પાકિસ્તાનના સૌથી મોટા હિંદુ તહેવાર હિંગળાજ યાત્રા યોજવામાં આવે છે. આ યાત્રા શુક્રવારે શરૂ થઇ હતી અને રવિવારે પૂર્ણ થઇ હતી. આયોજકોનું કહેવું છે કે ૧૦૦,૦૦૦ થી વધુ હિન્દુઓએ આ યાત્રામાં ભાગ લીધો હતો.

મુસ્લિમ બહુમતી ધરાવતા પાકિસ્તાનમાં ૪.૪ મિલિયન હિંદુઓ છે, જે વસ્તીના માત્ર ૨.૧૪ ટકા છે અને હિંગળાજ માતાની આ યાત્રામાં દર વર્ષે દેશભરમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ અહીં આવે છે. મુસ્લિમો અને હિંદુઓ સામાન્ય રીતે પાકિસ્તાનમાં શાંતિપૂર્ણ રીતે રહે છે. અહીં ૧૯૪૭માં ભાગલા બાદ મોટાભાગના હિંદુઓ ભારતમાં સ્થળાંતર કરી ગયા હતા. જોકે તાજેરના વર્ષોમાં હિંદુ મંદિરો પર હુમલાઓના કિસ્સામાં વધારો થયો છે.



વાર્ષિક મહોત્સવઃ પાકિસ્તાનના વાયવ્ય બલૂચિસ્તાન પ્રાન્તના લાસબેલા જિલ્લામાં આવેલા હિંગળાજસ્થિત પ્રાચીન હિંગળાજ માતાના મંદિરમાં શુક્રવારે ઉજવાયેલા વાર્ષિક મહોત્સવમાં હિન્દુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. ત્રણ દિવસની આ યાત્રામાં એક લાખ કરતાં પણ વધુ હિન્દુ શ્રદ્ધાળુઓએ લીધો હતો. (એજન્સી)

હિંદુઓનું માનવું છે કે હિંગળાજ માતાનું આ સ્થાન એ છે જ્યાં વૈવાહિક સુખ અને દીર્ઘાયુષ્યની દેવી સતીના શરીરના અવશેષો પૃથ્વી પર પડ્યા હતા. મંદિરના સૌથી વરિષ્ઠ પૂજારી મહારાજ ગોપાલે સમજાવ્યું કે લોકો અહીં શા માટે આવે છે. તેમણે કહ્યું કે ''આ હિંદુઓની સૌથી પવિત્ર તીર્થયાત્રા છે જે કોઈ આ ત્રણ દિવસોમાં મંદિરની મુલાકાત લે છે અને તે મુજબ પૂજા કરે છે તેના બધાં પાપો માફ થઈ જાય છે.''

સફર સેંકડો કિલોમીટર દૂરથી શરૂ થાય છે, મોટે ભાગે પાડોશી સિંધ પ્રાંતમાંથી સેંકડો બસો હૈદરાબાદ અને કરાચી જેવાં શહેરોમાંથી રવાના થઈ પાકિસ્તાનના દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમમાં આવે છે, પરંતુ પવિત્ર સ્થળોએ પાર્કિંગ અને વાહનો ખૂબ ઓછા છે. તેથી ઘણા યાત્રાળુઓ સૂકા અને પથ્થરો પર ચાલતા ચાલતા તેમની મુસાફરી પૂર્ણ કરે છે. ૨૮ વર્ષીય કાંનવલ તેના પતિ સાથે પહેલીવાર મંદિરે પહોંચી હતી. તેણીએ કહ્યું હતું કે ''લગ્નના છ વર્ષ પછી અમારે હજુ સુધી બાળક નથી તેથી અમે દેવીના આશીર્વાદ લેવા માટે આવ્યા છીએ. અમારુ માનવું છે કે અહીંથી કોઇ ખાલી હાથે પાછું જતું નથી.''

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસ ખરેખર હિંદુઓની સંપત્તિ મુસ્લિમોને આપી શકે?

**લોકસભાની** ચૂંટણીમાં કૉંગ્રેસ હિંદુઓની સંપત્તિ છીનવીને મુસ્લિમોને વહેંચી દેશે એ મુદ્દો ગાજ્યો છે અને વાત ચૂંટણી પંચ લગી પહોંચી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે હિમાચલ પ્રદેશમાં જાહેરસભાને સંબોધતાં સવાલ કર્યો કે, તમારી સંપત્તિ તમારાં સંતાનો પાસે રહે એવું ઈચ્છો છો કે, મુસ્લિમોમાં વહેંચી દેવાય એવું ઈચ્છો છો ? ઠાકુરે કૉંગ્રેસ ના હાથે વિદેશી હાથ સાથે હાથ મિલાવી લીધા હોવાનો કટાક્ષ પણ કર્યો.

અનુરાગ ઠાકુરે જે કંઈ કહ્યું તેમાં નવું કશું નથી કેમ કે નરેન્દ્ર મોદી દરેક જાહેરસભામાં આ વાત કરી જ રહ્યા છે. કર્ણાટકમાં કૉંગ્રેસે તેની શરૂઆત કરી દીધી હોવાનો દાવો પણ કરાઈ રહ્યો છે. કૉંગ્રેસે તેના ચૂંટણીઢંઢેરામાં હિંદુઓની સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેવાશે એવું કહ્યું નથી કે કર્ણાટકમાં કોઈની સંપત્તિ લઈને મુસ્લિમોને આપી હોવાનું જાણમાં નથી પણ છતાં ભાજપના નેતા આ વાતો કરે જ છે.

અનુરાગ ઠાકુરે પણ એ જ વાત કરી છે અને કૉંગ્રેસે તેની સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. કૉંગ્રેસે પહેલાં પણ ચૂંટણી પંચને ફરિયાદ કરેલી પણ તેના કારણે કોઈ ફરક પડ્યો નથી. ભાજપના નેતા હજુ એવી વાતો કરી જ રહ્યા છે અને ચૂંટણી પંચ તેમને કશું કરી રહ્યું નથી. કૉંગ્રેસ ની નવી ફરિયાદમાં પણ કશું થાય એવી શક્યતા નથી.

ભાજપ આ મુદ્દાને ચગાવીને હિંદુઓને મુસ્લિમોનો ડર તો બતાવી જ રહ્યો છે પણ સાથે સાથે દેશના બંધારણની પણ મજાક ઉડાવી રહ્યો છે. ખાનગી પ્રોપર્ટીને સરકાર સામૂહિક વિકાસનાં કામ માટે હસ્તગત કરી શકે કે નહીં એ અંગેનો કેસ સુપ્રીમ કોર્ટમાં પડતર છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરી રહી છે ને તેના પર સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણીમાં શું ચુકાદો આવે છે તેના પર સૌની નજર છે પણ આ કેસ કોઈની પ્રોપર્ટી છીનવીને કોઈને સોંપવાનો નથી.

આ દેશના બંધારણ પ્રમાણે, કોઈ સરકાર સામાન્ય લોકોની સંપત્તિ છીનવીને બીજા કોઈને આપી ના શકે. સરકાર જાહેરહિત માટેનાં કામો માટે જમીન સંપાદન કરે તેમાં પણ તેણે લોકોને વળતર આપવું પડે છે અને આ વળતર કેટલું હોવું જોઈએ તે અંગેના નિયમો છે.

આ જોગવાઈ અને નિયમો પણ જાહેરહિતનાં કાર્યો માટે છે. વ્યક્તિગત રીતે કોઈને આપવા માટે કોઈની સંપત્તિ ના છીનવી શકાય એવું આ દેશનું બંધારણ સ્પષ્ટપણે કહે છે પણ ભાજપ પોતાના રાજકીય ફાયદા માટે બંધારણીય જોગવાઈનું માન જાળવવાનું સૌજન્ય પણ ચૂકી રહ્યો છે એ ખટકે છે.

જો કે સૌથી ખટકે એવી વાત શું છે ખબર છે? કેન્દ્રમાં દસ વર્ષ સુધી શાસન કર્યા પછી ભાજપે આ દેશના હિંદુઓને મુસ્લિમોનો ડર બતાવીને મત માગવા પડે છે. કૉંગ્રેસ તમારી સંપત્તિ મુસ્લિમોમાં વહેંચી દેશે, કૉંગ્રેસ તમારા ઘરમાંથી સોના-ચાંદી લઈને મુસ્લિમોને આપી દેશે, કૉંગ્રેસ તમારાં મંગળસૂત્ર છીનવીને મુસ્લિમોને આપી દેશે એવી બધી વાતો કરવી પડે છે. દસ વર્ષમાં લોકોની જિંદગી બદલી નાંખી હોય તો ખરેખર તો કશું કહેવાની જ જરૂર ના પડે. તમારું કામ જ બોલે પણ ભાજપને પોતાનું કામ નથી બોલતું તેનો ડર કેમ છે ? દસ વર્ષના શાસન પછી લોકો બીજા વિકલ્પ વિશે વિચારશે જ નહીં ને આંખો મીંચીને ભાજપને જ મત આપશે એવો વિશ્વાસ કેમ નથી?

આ બધી વાતો સાંભળ્યા પછી એ સવાલ પણ થાય કે, ભાજપ હિંદુઓને શું સમજે છે ? હિંદુઓ કાયર છે અને કૉંગ્રેસ કશું કરશે તો તેની સામે શરણાગતિ સ્વીકારીને ચૂપચાપ બધું આપી દેશે એવું કેમ માને છે ? કૉંગ્રેસ કે મુસલમાનોથી હિંદુઓને પોતે જ બચાવી શકશે એવા ભ્રમમાં કેમ છે ?

ભાજપ મુસ્લિમોનો ડર બતાવીને ખરેખર તો હિંદુઓનું અપમાન કરી રહ્યો છે.

પોતાના વિના હિંદુઓનું રક્ષણ કરનાર કોઈ નથી એવું વારંવાર જતાવીને ભાજપ ખરેખર તો હિંદુઓની મજાક ઉડાવી રહ્યો છે, હિંદુઓને હાંસીપાત્ર બનાવી રહ્યો છે. કમનસીબે બહુમતી હિંદુઓમાં એ ગૌરવ જ નથી કે ખુલ્લેઆમ ઉડાવાતી આ હાંસી સામે વિરોધ પણ કરી શકે. લોકશાહીમાં દરેક વ્યક્તિને પોતે જેને મત આપવો હોય તેને મત આપવાનો અધિકાર છે. હિંદુઓમાં પણ દરેક વ્યક્તિ પોતાને ગમે તેને મત આપી શકે પણ કમ સે કમ આવા અપમાન સામે જાગૃતિ તો બતાવે.

હિંદુઓએ પોતાનો ઈતિહાસ જાણવાની જરૂર છે અને પોતાના આત્મગૌરવને ફરી જાગૃત કરવાની જરૂર છે. આ દેશમાંથી હિંદુઓને નેસ્તનાબૂદ કરવાના ભરપૂર પ્રયત્નો થયા પણ હિંદુઓને કોઈ નેસ્તનાબૂદ નથી કરી શક્યું. ઈસવી સન ૬૩૨માં મોહમ્મદ પયગંબર સાહેબના નિધનનાં થોડાંક વરસો પછી જ ભારત પર મુસ્લિમોનાં આક્રમણ શરૂ થઈ ગયેલાં.

લગભગ ૮૦ વર્ષ સુધી આ આક્રમણોને ખાળ્યા પછી આઠમી સદીમાં સિંધમાં પહેલી વાર મુસ્લિમ શાસન આવ્યું ત્યાંથી શરૂ કરીને છત્રપતિ શિવાજી મહારાજે સત્તરમી સદીમાં હિંદુપત પાદશાહીની સ્થાપના કરી ત્યાં સુધીનાં લગભગ સાડા આઠસો વર્ષમાં હિંદુઓને ખતમ કરીને મુસ્લિમ બનાવવાના બહુ પ્રયત્નો થયા.

એક હાથમાં તલવાર ને બીજા હાથમાં કુરાન લઈને નીકળેલા મુસ્લિમ આક્રમણખોરોએ દુનિયાના સંખ્યાબંધ આખેઆખા દેશોની પ્રજાને મુસ્લિમ બનાવી દીધી પણ ભારતમાં કેમ સમગ્ર પ્રજાને મુસલમાન ના બનાવી શક્યા ? કેમ કે આ દેશના હિંદુ રાજા હાર્યા હતા ને મુસલમાનો સામે ઘૂંટણ ટેકવી દીધા હતા પણ હિંદુઓ નહોતા હાર્યા. હિંદુઓ પોતાની ઓળખ, પોતાના ધર્મ, પોતાની સંસ્કૃતિને જાળવવા માટે લડતા હતા. આ લડતના કારણે હિંદુત્વ ટક્યું ને હિંદુઓ પણ ટક્યા. એ વખતે ભાજપ પણ નહોતો ને આ ભાજપના ટૂણિયાટ નેતા પણ નહોતા.

આઝાદ ભારતમાં પણ હિંદુત્વ ભાજપના કારણે ટક્યું છે એવો ભ્રમ ભાજપ ઊભો કરી રહ્યો છે પણ વાસ્તવમાં ભાજપનું અસ્તિત્વ હિંદુઓને આભારી છે. હિંદુઓ આ વાત સમજે એ જરૂરી છે. કોઈને હિંદુઓની હાંસી ઉડાવવાનો કે તેમના આત્મગૌરવ પર ઘા કરવાનો અધિકાર નથી, ભાજપને પણ નહીં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), સોમવાર, તા. ૨૯-૪-૨૦૨૪

- ભારતીય દિનાંક ૯, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૨જો અર્દીબેહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર પૂર્વાષાઢા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૧ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૭ (તા. ૩૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૪, રાત્રે ક. ૨૧-૩૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - પંચમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વિશેષરૂપે શિવજીએ ધારણ કરેલ ચંદ્રનું પૂજન કરવું. શિવજીને જળ, આદિ અભિષેક કરવા. શિવજીને આંબાની ખીર અર્પણ કરવી. પરગામ પ્રયાણ મધ્યમ, પરદેશગમનનું પસ્તાનું થઈ શકે. વિદ્યારંભ, માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચના કામકાજ, મક્કમ મનથી કામકાજના નિર્ણયો લેવા. જૂના કામકાજ પૂર્ણ કરવા માટે નક્ષત્ર શ્રેષ્ઠ છે. આંબળાના ઔષધીય પ્રયોગો.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ રાજકારણમાં સફળતા, મંગળ-નેપ્ચૂન યુતિ સંયમહીન, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ કાર્યશક્તિનો અભાવ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, મંગળ-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ (કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર

## જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષામાં ફસાયેલા ડઝનેક મુસાફરોને બચાવાયા

શ્રીનગરઃ જમ્મુ કાશ્મીરની બોર્ડર બાંદીપોરા-ગુરેઝ રોડ પર હિમવર્ષામાં ફસાયેલા ડઝનેક મુસાફરોને રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) એ બચાવ્યા હતા. મુસાફરોના વાહનો હિમવર્ષામાં ફસાઇ ગયાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હિમવર્ષાના કારણે રાઝદાન પાસ પર લગભગ ૩૫ વાહનો ફસાયા હોવાની જાણકારી મળતા બીઆરઓના કર્મચારીઓએ કાર્યવાહી શરૂ કરી હતી. તેઓએ કહ્યું કે બીઆરઓ ટીમે તેમના વાહનોને સલામત સ્થળે લઈ જતા પહેલા મુસાફરો અને ડ્રાઈવરોની સલામતીની ખાતરી કરી હતી.

ગુરેઝ ખીણમાં અને બાંદીપોરા જિલ્લાના પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષાના કારણે રસ્તો અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો છે.

## મોદી સરકાર અબજોપતિઓ માટે કામ કરે છે, પટનાયક સરકાર પસંદગીના લોકો માટેઃ રાહુલ ગાંધી

કટક (કર્ણાટક): કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રવિવારે એવો આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીમાંથી પોતાની સરકાર ફક્ત અબજોપતિઓ માટે ચલાવે છે, જ્યારે મુખ્ય પ્રધાન નવીન પટનાયક ઓડિશામાં પસંદગીના લોકો માટે સરકાર ચલાવે છે.

કટકના સાલેપુરમાં એક રેલીને સંબોધતાં રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે બીજેડી અને ભાજપ એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા હોવા છતાં વાસ્તવમાં તેઓ સાથે મળીને લડી રહ્યા છે. આને પાર્ટનરશિપ અથવા તો લગ્ન કહો, બંને બીજેડી અને ભાજપ ભેગા જ છે, એમ તેમણે કહ્યું હતું.

પટનાયકની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાન હોવા છતાં રાજ્યની બીજેડીની સરકાર તેમના સહકારી વી. કે. પાંડિયન ચલાવી રહ્યા છે.

તેમમે કહ્યું હતું કે અંકલ-જી અને નવીન-બાબુએ ઓડિશાને પીએએએનએન-પાન આપ્યું છે, જેનો અર્થ થાય છે પાંડિયન, અમિત શાહ, નરેન્દ્ર મોદી અને નવીન પટનાયક. તેમણે તમારી સંપત્તિ લૂંટી છે.

રૂ. ૯ લાખ કરોડની લૂંટ ખાણ કૌભાંડમાં થઈ હતી. રૂ. ૨૦,૦૦૦ કરોડની લૂંટ લેન્ડ ગ્રેબિંગના માધ્યમથી થઈ છે. પ્લાન્ટેશન કૌભાંડ રૂ. ૧૫,૦૦૦ કરોડનું હતું. અહીં અને દિલ્હીમાં જેવી કૉંગ્રેસની સરકાર આવશે કે તરત જ અમે તમને તમારા નાણાં પાછા આપવાનું ચાલુ કરી દઈશું, એમ તેમણે કહ્યું હતું.

રાહુલે એવો દાવો કર્યો હતો કે આવી જ રીતે તેલંગણામાં બીઆરએસ ભાજપની સાથે મળીને કામ કરતું હતું અને તેમની પાર્ટીએ સત્તામાંથી આ લોકોની હકાલપટ્ટી કરી હતી.

નવીન-બાબુએ તમને પાંડિયન આપ્યા છે, હું તમને કહું છું કે કૉંગ્રેસ તમને શું આપશે. અમે કેન્દ્રમાં સત્તામાં આવશું તો પાંચ ક્રાંતિકારી કામ કરીશું. ગરીબ પરિવારોની એક યાદી તૈયાર કરીશું અને દરેક મહિલાને તેમના ખાતામાં વાર્ષિક રૂ. એક લાખ આપવામાં આવશે, એટલે કે દર મહિને રૂ. ૮,૫૦૦. અમે પહેલી નૌકરી પક્કી યોજના લાવીને બધા જ ડિગ્રી-ડિપ્લોમાધારી બેરોજગાર યુવાનોને એપ્રેન્ટિસશીપ એક વર્ષ માટે જાહેર ક્ષેત્ર, ખાનગી ક્ષેત્ર, સરકારી હોસ્પિટલો અને કચેરીઓમાં આપીશું. ઓડિશામાં કૉંગ્રેસની સરકાર આવશે તો મહિલાને રૂ. ૨૦૦૦ દરમહિને આપવામાં આવશે, બેરોજગાર યુવાનોને દર મહિને રૂ. ૩,૦૦૦ આપવામાં આવશે. ૨૦૦ યુનિટ સુધીની વીજળી મફતમાં આપવામાં આવશે અને એલપીજી સિલિન્ડર ફક્ત રૂ. ૫૦૦માં આપવામાં આવશે. અંકલ-જી ફક્ત ૨૨ કરોડપતિઓ માટે કામ કરે છે, જ્યારે કૉંગ્રેસ રાજ્યમાં કરોડો લખપતિઓ તૈયાર કરશે, એમ પણ તેમણે કહ્યું હતું.

## મુખ્ય પ્રધાન મમતા બેનરજીનો મોટો દાવોઃ બંગાળમાં ભાજપને મદદ કરી રહ્યા છે કૉંગ્રેસ અને સીપીઆઇ (એમ)

કાલિયાચક (પશ્ચિમ બંગાળ): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ એકલા હાથે લોકસભા ચૂંટણી લડી રહી છે. બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ અને સીપીઆઈ(એમ) રાજ્યમાં ભાજપને મદદ કરી રહ્યાં છે.

માલદા જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા બેનરજીએ દાવો કર્યો હતો કે ટીએમસી કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર સામે લડાઈ લડશે અને લોકસભા ચૂંટણી પછી ઇન્ડિયા ગઠબંધન સરકાર બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

તેમણે કહ્યું હતું કે "બંગાળમાં કૉંગ્રેસ સાથે અમારું કોઈ ગઠબંધન નથી. અહીં સીપીઆઈ-એમ અને કૉંગ્રેસ વચ્ચે ગઠબંધન છે. બંને ભાજપ સાથે છે અને જો તમે (મતદારો) કૉંગ્રેસ અથવા સીપીઆઈ (એમ)ને મત આપો છો તો તે સમાન હશે."

તેમણે કહ્યું હતું કે "ભાજપ વિરોધી મતોને કાપવા માટે અને નરેન્દ્ર મોદીને મદદ કરવી એ આ રાજ્યમાં ભાજપની બે આંખો છે." બેનરજીએ દાવો કર્યો હતો કે ટીએમસી એ શરત સાથે કોંગ્રેસ સાથે બેઠક વહેંચણી અંગે ચર્ચા કરવા માંગતી હતી કે તેમને બંગાળમાં સીપીઆઈ(એમ) સાથે કોઈ તાલમેલ રાખવામાં ના આવે પરંતુ તેઓએ અમારી વાત સાંભળી નહીં. પશ્ચિમ બંગાળમાં કૉંગ્રેસ અને સીપીઆઈ (એમ)ના નેતાઓ ભાજપની જેમ બોલી રહ્યા છે અને રાજ્યમાં ટીએમસી સરકારની જનહિતકારી નીતિઓ વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે. બેનરજીએ કહ્યું હતું કે મેં ઇન્ડિયા ગઠબંધનને તેનું નામ આપ્યું છે, પરંતુ ગઠબંધન બંગાળમાં અસ્તિત્વમાં નથી. ૨૦૧૬માં એસએસસી ભરતી અંગે કલકત્તા હાઈ કોર્ટના આદેશ અંગે મોદીની ટિપ્પણીઓ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું, "૨૬,૦૦૦ યુવાનોએ અચાનક તેમની નોકરી ગુમાવી દીધી છે. શું તે તમને ખુશ કરે છે?"

## મમતા બેનરજી આતંકવાદ વિરુદ્ધ નરમ વલણ રાખે તેવી સરકાર ઈચ્છે છેઃ નડ્ડા

મુર્શિદાબાદ (પશ્ચિમ બંગાળ): ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડાએ શનિવારે આરોપ લગાવ્યો હતો કે તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતા બેનરજી કેન્દ્રમાં એવી સરકાર ઈચ્છે છે જે આતંકવાદ પર નરમ વલણ ધરાવતી હોય.પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં એક ચૂંટણી રેલીને સંબોધતા નડ્ડાએ દાવો કર્યો હતો કે રાજ્યમાં મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ સરકાર ભ્રષ્ટાચાર, બળજબરી વસૂલી, તુષ્ટિકરણ અને ભેદભાવ માટે ઓળખાય છે.

તેમણે કહ્યું હતું કે અમે મજબૂત સરકાર 'ઇચ્છીએ છીએ, પરંતુ મમતા બેનરજી મજબૂર સરકાર' ઈચ્છે છે. અમે તેમની તુષ્ટિકરણની રાજનીતિની વિરુદ્ધ છીએ જે ઘૂસણખોરોને સમર્થન આપે છે. તેમની સરકાર આતંકવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

તેમણે સંદેશખાલી સંબંધિત ઘટનાઓનો ઉલ્લેખ કરતા આરોપ લગાવ્યો હતો કે મમતા બેનરજીના શાસનમાં રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત નથી. સંદેશખાલીમાં તૃણમૂલના નેતા શાહજહાં શેખ અને તેના સહયોગીઓ પર મહિલાઓની જાતીય સતામણી અને જમીન હડપ કરવાનો આરોપ છે. મમતા બેનરજીએ મહિલાઓના સન્માન અને ગરિમા સાથે રમતા શાહજહાં શેખને બચાવવાનો પ્રયાસ કર્યો તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

નડ્ડાએ આક્ષેપ કર્યો હતો કે મમતાની સરકાર સીએએનો વિરોધ કરે છે. તેમની સરકાર આતંકવાદીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. શિક્ષકોની નોકરીમાં કૌભાંડનો ઉલ્લેખ કરતા નડ્ડાએ આરોપ લગાવ્યો હતો કે ટીએમસીના શાસન હેઠળ ભ્રષ્ટાચાર અને લૂંટ દિવસનો ક્રમ બની ગયો છે.

## કમ્બોડિયામાં ધડાકોઃ ૨૦સૈનિક શહીદ, અનેક ઘાયલ

ચબાર મોન (કમ્બોડિયા): અહીં રવિવારે થયેલા ધડાકામાં ૨૦ સૈનિક શહીદ થયા હતા અને અન્ય કેટલાક સૈનિક ઘાયલ થયા હતા. આ વિસ્ફોટમાં નજીકમાં આવેલા અનેક ઘરને નુકસાન થયું હતું.

કોમ્પોંગ સ્પેઉ પ્રાંતમાંના ધડાકાના સ્થળથી પ્રસારમાધ્યમોને દૂર રાખવામાં આવ્યા હતા.

પ્રાથમિક અહેવાલમાં જણાવાયું હતું કે કમ્બોડિયાના કોમ્પોંગ સ્પેઉ પ્રાંતમાંના ચબાર મોન ખાતે થયેલા ધડાકાનું કારણ તાત્કાલિક જાણી નથી શકાયું.

એક ગ્રામ્યજને જણાવ્યું હતું કે મેં ક્યારેય આટલો મોટો ધડાકો નહોતો સાંભળ્યો. આ વિસ્ફોટ થયો ત્યારે હું મારા ઘરમાં સમારકામ કરાવી રહ્યો હતો. ધડાકાને લીધે મારા ઘરની છત પરની ટાઇલ્સ તૂટી ગઇ હતી અને નીચે પડી હતી. આખું ઘર ધ્રૂજી ગયું હતું.

ગામનાં અમુક ઘરની છત ઊડી ગઇ હતી, કેટલાક ઘરની છતમાં કાણાં પડી ગયાં હતાં. ઘાયલ સૈનિકોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

લશ્કરી અધિકારીએ જણાવ્યું હતું કે ધડાકાને લીધે લશ્કરી મથકમાંની ચાર ઇમારતને અને લશ્કરના વાહનોને નુકસાન થયું હતું. અંદાજે પચીસ ગ્રામ્યજનના ઘરને પણ નુકસાન થયું હતું.

કમ્બોડિયામાં ભારે ગરમી છે ત્યારે આ દુર્ઘટના બની હતી અને તેની વધુ તપાસ ચાલુ છે. (એજન્સી)

## કેરળમાં લોકસભાની ચૂંટણીમાં ગેરવ્યવસ્થા અંગે તપાસ કરવા કૉંગ્રેસની ચૂંટણીપંચને વિનંતી

નવી દિલ્હીઃ કેરળમાં ૨૬ એપ્રિલે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં જોવા મળેલી ગેરવ્યવસ્થા અંગે વ્યાપક તપાસ યોજવાની કૉંગ્રેસે ચૂંટણીપંચને રવિવારે વિનંતી કરી હતી.

ચૂંટણીપંચને લખેલા પત્રમાં કેરળ વિધાનસભામાં વિપક્ષના નેતા વી. ડી. સાતીયનએ આક્ષેપ કર્યો હતો કે કેરળમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ભારે ગેરવ્યવસ્થા જોવા મળી હતી અને તેને કારણે અનેક બૂથમાં મતદાન કરવામાં ભારે વિલંબ થયો હતો.

અનેક બૂથમાં બે મતદાતાના મતદાન વચ્ચે બિનજરૂરી વિલંબ થયેલો જોવા મળ્યો હતો અને તેને કારણે અનેક મતદાતાઓએ મતદાન માટે પોતાનો વારે આવે તે માટે સાડાચાર કલાક જેટલી રાહ જોવી પડી હતી.

અનેક બૂથ પર ભારે ગરમી વચ્ચે મતદાતાઓ કલાકો રાહ જોયા બાદ મતદાન કર્યા વિના જ પાછા ફર્યા હતા. અનેક મતદાતાઓ સાંજે છ વાગ્યા પહેલા જ મતદાનમથકે આવી ગયા હોવા છતાં મતદાન નહોતા કરી શક્યા. અનેક મતદાન મથક પર ચૂંટણી અધિકારીઓની ઉદાસિનતા અને બેદરકારી પણ જોવા મળી હતી. અધિકારીઓનું આ વલણ ઓછા મતદાનનું મુખ્ય કારણ હોવાનું તેમણે કહ્યું હતું. ઈવીએમમાં ખરાબી પણ આ માટેનું એક કારણ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## મણિપુરમાં બે સમુદાયના ગ્રામીણ સ્વયંસેવકો વચ્ચે ગોળીબારમાં એકનું મોત, ત્રણ ઘાયલ

ઇમ્ફાલઃ મણિપુરના વંશીય હિંસાગ્રસ્ત કાંગપોકપી જિલ્લામાં રવિવારે બે સમુદાયના ગ્રામીણ સ્વયંસેવકો વચ્ચે ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના ત્યારે બની હતી જ્યારે કાંગપોકપી જિલ્લામાં પડોશી પર્વતીય વિસ્તારમાં કેટલાક ડઝનબંધ બંદૂકધારીઓએ રવિવારે સવારે ઇમ્ફાલ ખીણની પરિઘમાં આવેલા કૌત્રુક ગામ પર હુમલો કર્યો હતો. જેના કારણે ગામડાના સ્વયંસેવકોને વળતો જવાબ આપવા માટે ગામમાં તૈનાત કરવામાં આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે આ આગ ધીમે ધીમે કડાંગબંદ અને સેંજમ ચિરાંગના નજીકના ગામો સુધી ફેલાઇ છે.

નોંધનીય છે કે ગયા વર્ષે ૩ મેના રોજ વંશીય હિંસા ફાટી નીકળી ત્યારથી કૌત્રુક ગામ બે લડતા સમુદાયોના ગ્રામીણ સ્વયંસેવકો વચ્ચે ભીષણ ગોળીબારનું સાક્ષી રહ્યું છે. તેને બંદૂકના હુમલા માટે સૌથી સંવેદનશીલ વિસ્તારો પૈકી એક તરીકે ઓળખવામાં આવે છે.

ગયા વર્ષે ૩ મેથી ઇમ્ફાલ ખીણમાં રહેતા મેઇતેઇ અને પડોશી પર્વતીય પ્રદેશમાં રહેતા કુકીઓ વચ્ચે વંશીય હિંસામાં ૨૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને હજારો લોકો બેઘર થયા છે.

### નાગાલેન્ડમાં અચોક્કસ મુદતના બિઝનેસ શટડાઉનની અસર

## પડોશી આસામમાં જીવનાવશ્યક વસ્તુઓ ખરીદવા લોકોની પડાપડી

કોહિમાઃ નાગા પોલિટિકલ ગ્રૂપ દ્વારા માગવામાં આવતી ખંડણીના વિરોધમાં નાગાલેન્ડમાં અચોક્કસ મુદતના બિઝનેસ શટડાઉનની અસરને પગલે પડોશી આસામમાં જીવનાવશ્યક વસ્તુઓ ખરીદવા લોકોની પડાપડી જોવા મળી હતી.

રવિવારે આ વિરોધ સતત ત્રીજા દિવસમાં પ્રવેશ્યો હતો.

દીમાપુરમાં બિઝનેસની રક્ષા કરવામાં જોવા મળેલી સરકારની કથિત નિષ્ક્રિયતાના વિરોધમાં પણ દીમાપુર ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીસ (ડીસીસીઆઈ) દ્વારા શુક્રવારે શટડાઉનની હાકલ કરવામાં આવી હતી.

કોન્ફેડરેશન ઑફ નાગાલેન્ડ ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ (સીએનસીસીઆઈ)એ પણ આ હાકલને ટેકો આપ્યો હતો જેને પગલે શનિવારથી અન્ય જિલ્લાઓમાં પણ શટડાઉન કરવામાં આવ્યું હતું.

રાજ્યભરમાં બજારો બંધ રહ્યા હતા જેને કારણે નાગાલેન્ડ અને આસામની સરહદે રહેતા લોકો જીવનાવશ્યક વસ્તુઓ ખરીદવા પડોશી આસામમાં ગયા હતા.

લોકોની તેમ જ વાહનવ્યવહારની અવરજવર પર કોઈ પ્રતિબંધ લાદવામાં નહોતો આવ્યો.

સોમવારે બપોરે બાર વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી એમ છ કલાક શટડાઉનમાં રાહત આપવામાં આવશે એવી જાહેરાત સીએનસીસીઆઈએ કરી હતી.

અનેક જિલ્લાઓમાં કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના વિના શટડાઉન લાગુ કરવામાં આવ્યો હોવાને કારણે સોમવારે શટડાઉનમાં રાહત આપવાના નિર્ણયને ધ્યાન પર લેવામાં આવ્યો હોવાનું સીએનસીસીઆઈના પ્રમુખ ખેકૂગા મૂરુએ કહ્યું હતું.

ખંડણી માગતા ગ્રૂપ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાની સીએનસીસીઆઈએ સરકારને વિનંતી કરી હતી.

રાજ્યના ગૃહ કમિશનર વિકેયી કેનિયાએ પોલીસને સંબંધિત લોકો વિરુદ્ધ કડક પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

બીજીતરફ ડીસીસીઆઈએ શનિવારે દીમાપુર ડીસીપી મારફતે સરકારને પાંચ માગણીનો પત્ર પાઠવ્યો હતો. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### દક્ષિણ ચીનમાં

હતું કે અન્ય ૩૩ લોકો ઘાયલ થયા છે અને ૧૪૧ ફેક્ટરીની ઇમારતોને નુકસાન થયું છે. ગુઆંગઝૂના અન્ય ભાગો માટે ટોર્નેડો ચેતવણીઓ જારી કરવામાં આવી હતી અને બપોર પછી શહેરના અન્ય જિલ્લામાં બીજું વાવાઝોડું ત્રાટક્યું હોવાના અપ્રમાણિત અહેવાલો હતા.

યુએસ ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેને આ મહિનાની શરૂઆતમાં ચીનની સત્તાવાર મુલાકાત દરમિયાન ગુઆંગઝૂની મુલાકાત લીધી હતી. નોંધનીય છે કે સપ્ટેમ્બરમાં પૂર્વી ચીનના જિઆંગસુ પ્રાંતમાં બે વાવાઝોડાએ ૧૦ લોકોના જીવ લીધા હતા.

### શાહજાદાએ મહારાજાઓનું

કરવામાં આવેલા અત્યાચારો યાદ આવતા નથી. તેમણે આપણાં સંખ્યાબંધ મંદિરોને અપવિત્ર કર્યા અને તેમને તોડી પાડ્યાં હતાં. કૉંગ્રેસ ખુશી ખુશી ઔરંગઝેબની પ્રશંસા કરનારા લોકો સાથે ગઠબંધન કરે છે. તેમને યાદ નથી આવતું કે આપણાં ધાર્મિક સ્થળો કોણે તોડ્યાં? લોકોની હત્યાઓ કરી, ગાયોની હત્યાઓ કરી. તેમને યાદ નથી આવતું કે નવાબે કેવી રીતે દેશના ભાગલા કરાવવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે બનારસના રાજા દ્વારા બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના કરીને આપેલા યોગદાન અને મહારાણી અહિલ્યાબાઈ હોળકર દ્વારા મંદિરોના પુનઃનિર્માણ કરીને આપવામાં આવેલા યોગદાનને યાદ અપાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે વડોદરાના મહારાજાએ આંબેડકરની ક્ષમતા પિછાણી હતી. કૉંગ્રેસના શહજાદાને રાજા-મહારાજાઓના યોગદાન યાદ રહેતા નથી. વોટ બેન્કના રાજકારણ માટે તેઓ રાજા-મહારાજાઓની વિરુદ્ધ બોલવાની હિંમત દાખવી શકે છે, પરંતુ નવાબો, સુલતાનો અને બાદશાહો વિરુદ્ધ બોલવાની હિંમત ચાલતી નથી. કૉંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિનો પર્દાફાશ થઈ ગયો છે અને તેમના ચૂંટણીઢંઢેરામાં પણ તે સ્પષ્ટ થઈ રહ્યું છે.

રાજ્યમાં કૉંગ્રેસની સરકાર આવી ત્યારથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે બેલગાવીમાં આદિવાસી મહિલા પર અત્યાચાર થયો. ચિક્કોડીમાં જૈન સાધુની હત્યા કરવામાં આવી હતી. હુબલીમાં નેહા હીરેમઠ નામની વિદ્યાર્થિનીની કોલેજના પરિસરમાં હત્યા કરવામાં આવી હતી. આ કિસ્સામાં તો તુષ્ટિકરણના રાજકારણ માટે અત્યાચારી સામે કાર્યવાહી કરવામાં આવી નહોતી એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

# કૉંગ્રેસ પાસે ન નેતા છે, ન નીતિ છે, ન તો નિયત છેઃ રાજનાથ સિંહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં બે ફેઝનું મતદાન થઇ ગયું છે. ભાજપે ૪૦૦ પારનો સંકલ્પ રાખ્યો છે તે સરળતાથી પ્રાપ્ત થવા જઇ રહ્યો છે. ચૂંટણી પ્રચારમાં એવાં રાજ્યોમાં જવાની તક મળી છે જ્યાં ભાજપને એક પણ બેઠક પર વિજય નો હતો મળતો તે વિસ્તારમાં આજે ભાજપ મજબૂતાઇથી લડી રહ્યું છે અને ઘણી બેઠકો પર વિજય મેળવશે તેવો વિશ્વાસ છે એવું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું.

અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા તેમણે વધુમાં જણાવ્યું કે, લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમા ભાજપે કરેલા વિકાસનાં કાર્યો, મોદીસાહેબની લોકપ્રિયતા અને વિશ્વસનિયતાના આધારે ચૂંટણી લડી રહ્યા છીએ. દેશને લાંબા સમયથી એક એવા નેતૃત્વની જરૂર હતી જે દેશને વિકસિત ભારત બનાવે, તે મોદીસાહેબના રૂપમાં ભારતને સબળ નેતૃત્વ મળી રહ્યું છે. આજે ભારત ઝડપથી વિકસિત થતું અર્થવ્યવસ્થા છે. આજે ભારત વિશ્વની પાંચમા નંબરની અર્થવ્યવસ્થા તરીકે ઊભરી આવ્યું છે. આવનાર દિવસમાં ભારત મોદી સાહેબના નેતૃત્વમાં વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે તેને દુનિયાની કોઇ તાકાત નહીં રોકી શકે.

રાજનાથ સિંહ ત્રીજા નંબરની અર્થવ્યવસ્થાનાં કારણો જણાવતા વધુ કહ્યું કે, ભારત પાસે નરેન્દ્રભાઇ મોદી સાહેબ જેવું મજબૂત નેતૃત્વ છે, તેમની પાસે મિશન, વિઝન અને પેશન છે. કૉંગ્રેસ પાસે શું છે કૉંગ્રેસ પાસે ન નેતા છે, ન નીતિ છે, ન તો નિયત છે. કૉંગ્રેસે વર્ષો સુધી સરકારમાં રહી ગરીબી દૂર કરવાની વાતો કરી પણ ગરીબી દૂર કરવા કોઇ મક્કમ પ્રયાસો કર્યા નથી. મોદીસાહેબ ૨૫ કરોડો લોકોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા છે. ભારતમાંથી ગરીબી દૂર કરવા ભાજપ સરકાર પ્રયાસ કરશે.

રાજનાથ સિંહે કૉંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું કે, લોકસભા ચૂંટણીમાં ભાજપ ભવ્ય જીત તરફ આગળ વધી રહ્યું છે તેની શરૂઆત સુરતથી થઇ છે પરંતુ કૉંગ્રેસ આરોપ લગાવે છે કે લોકતંત્ર સંકટમાં છે.

આ આરોપ લગાવવાનો આધાર શું છે તે કૉંગ્રેસે જણાવવું જોઇએ. આ પહેલા લોકસભા ૨૮ સાંસદો બિનહરીફ થયા છે તેમાં કૉંગ્રેસના પણ ૨૦ છે. કૉંગ્રેસ હારની હતાશામાં આવી ગઇ છે એટલે લોકતંત્ર સંકટમાં છે તેમ કહી રહી છે. કૉંગ્રેસે ઇમરજન્સી લાવીને લોકતંત્રની હત્યા કરવાનું કામ કર્યું હતું. ભાજપ સરકારે એક પણ સરકારને પાડવાનું કામ કર્યું હોય તેની વિગત કૉંગ્રેસે આપવી જોઇએ.

રાજનાથ સિંહ વધુમાં જણાવ્યું કે, ઇડી અને ભ્રષ્ટાચાર અંગે ભાજપ સરકાર કામ કરે છે તો પણ કૉંગ્રેસ કહે છે દેશના લોકતંત્ર પર ગંભીર સંકટ આવ્યું છે. યુપીએના દસ વર્ષમાં ભ્રષ્ટાચારની ઓલ્મિપિક રમત રમાઇ અને મોટી ઓર્ગેનાઇઝર પાર્ટી કૉંગ્રેસ હતી. ભાજપનુ સંકલ્પ પત્ર વિકસિત ભારત અને સમર્થ ભારતના નિર્માણની મજબૂત ગેરંટી છે અને કૉંગ્રેસનો ચૂંટણીઢંઢેરો વિભાજનકારી અને તુષ્ટિકરણથી પ્રેરીત છે. આઝાદી સમયે મહાત્મા ગાંધીએ કૉંગ્રેસનું વિસર્જન કરવા જણાવ્યું હતું પરંતુ કૉંગ્રેસે તેમની વાત ન માની અને હવે અમારે જ કૉંગ્રેસનું વિસર્જન કરવું પડશે અને દેશની જનતા કૉંગ્રેસનું વિસર્જન કરવાનો નિર્ણય બનાવી ચૂકી છે.

રાજનાથ સિંહે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અંગે જણાવ્યું કે, ગરીબ પરિવારમાં જન્મેલ વ્યક્તિ કે જેની પાસે કશું હતું નહીં તે તેની ક્ષમતા, પ્રતિભા અને વિશ્વસનિયતા આધારે દેશના ત્રીજી વખત વડા પ્રધાન બનવા જઇ રહ્યા છે આ છે ભારતના લોકતંત્રની તાકાત. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી ભારતના લોકતંત્રની મજબૂતી અને વિશ્વસનીતાનું એક મજબૂત પ્રમાણ બનશે. ■

## નર્મદા જિલ્લાના રાજકારણમાં ભૂકંપઃ ભાજપમાંથી રાજપૂત સમાજના આઠ આગેવાનોનાં રાજીનામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ક્ષત્રિય સમાજના વિવાદાસ્પદ નિવેદન બાદ ભાજપે રૂપાલાને ન હટાવતા ક્ષત્રિયોમાં ભાજપ હટાવો આંદોલન બળવતર બન્યું છે. નર્મદા જિલ્લામાં રાજપૂત સમાજના આઠ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા હતા. નર્મદા કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખને તેઓએ રાજીનામાં સોંપ્યાં હતાં.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ રૂપાલા વિરુદ્ધનું ક્ષત્રિય આંદોલન ભાજપ વિરુદ્ધનું બની રહ્યું હોય તેમ એક પછી એક ઘટના બની રહી છે. ક્ષત્રિય સંકલન સમિતિએ કહ્યાં છતાં પરષોત્તમ રૂપાલાને રાજકોટ બેઠકથી ભાજપે ન હટાવતા હવે ભાજપ હટાવોનું સૂત્ર થઈ ગયું છે. ગામેગામ ભાજપના લોકસભાના ઉમદેવારોને પ્રચારમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. નર્મદા જિલ્લામાં રાજપૂત સમાજના આઠ હોદ્દેદારોએ રાજીનામાં આપ્યાં છે. જિલ્લા સ્તરના આગેવાનોએ નર્મદા કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખને રાજીનામાં આપ્યાં હતાં. પરષોત્તમ રૂપાલાના વિરુદ્ધમાં નર્મદા જિલ્લા ભાજપના આઠ હોદ્દેદારોના રાજીનામામાં માત્રોજા પુષ્પેન્દ્રસિંહ (કોષાધ્યક્ષ, યુવા મોરચા), અર્જુનસિંહ ગોહિલ (પેજ પ્રમુખ ગોપાલપુરા), રાજપાલસિંહ ગોહિલ - (આઈ ટી સેલ, કો કન્વીનર, નર્મદા), મોહનસિંહ ગોહિલ (બુથ પ્રમુખ), પુષ્પરાજસિંહ ગોહિલ (મંત્રી, યુવા મોરચા), ગોહિલ જયવીરસિંહ રાજેન્દ્રસિંહ (યુવા મોરચા), ગોહિલ સુનિલસિંહ જગતસિંહ (મહામંત્રી, કિસાનમોરચા,નાંદોદ તાલુકા), જતીનકુમાર કે પાઠક (કોષાધ્યક્ષ, નર્મદા જિલ્લા)નો સમાવેશ થાય છે. બીજી તરફ, નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખે આ અંગે જણાવ્યું હતુ કે, આ તો અમારો પરિવાર છે, થોડા નારાજ છે. પણ ચૂંટણી પહેલા અમારી સાથે થઈ જશે. આવનારા સમયમાં રાજપૂત સમાજ અમારી સાથે જ રહેશે. ■

## અમદાવાદ લોકસભાની વેસ્ટ બેઠક પર સૌથી વધુ મુસ્લિમ મતદારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની લોકસભાની વેસ્ટ બેઠક વર્ષ ૨૦૦૮માં થયેલા સીમાંકન બાદ અસ્તિત્વમાં આવેલી છે. અમદાવાદ વેસ્ટ બેઠક પર યોજાયેલી છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. ૨૦૦૮ના સીમાંકન પહેલાં અમદાવાદ વેસ્ટ બેઠક ન હતી, પરંતુ અમદાવાદ બેઠક હતી. આ બેઠક પર સૌથી વધુ અંદાજે ૪.૬૯ લાખ મુસ્લિમ મતદારો છે. ૨૦૦૯થી ભાજપના કિરીટ સોલંકી અહીંથી સાંસદ તરીકે સતત ચૂંટાતા રહ્યા છે.

અમદાવાદ શહેરની લોકસભાની વેસ્ટ બેઠક અનુસૂચિત જાતિના ઉમેદવાર માટે અનામત બેઠક છે. આ વખતે ભાજપે સિટિંગ સાંસદ કિરીટ સોલંકીની ટિકિટ કાપીને અમદાવાદના પૂર્વ ડેપ્યુટી મેયર દિનેશ મકવાણાની પસંદગી કરી છે. દિનેશ મકવાણા ૧૯૯૯થી ભાજપના કાર્યકર છે અને વર્ષ ૨૦૨૨થી અમદાવાદ ભાજપના પ્રવક્તા છે. કૉંગ્રેસે ૧૯૯૮માં સોજિત્રાના ધારાસભ્ય રહી ચૂકેલા ભરત મકવાણાને ટિકિટ આપી છે. ભરત મકવાણાના પિતા યોગેન્દ્ર મકવાણા રાજીવ ગાંધી સરકારમાં પ્રધાન હતા. ભાજપે ૨૦૦૯થી સતત ત્રણ વાર કિરીટ સોલંકીને ટિકિટ આપી હતી, જ્યારે કૉંગ્રેસે ૨૦૦૯માં શૈલેષ પરમાર, ૨૦૧૪માં ઇશ્વર મકવાણા અને ૨૦૧૯માં રાજુ પરમારને આ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા હતા. ભાજપ કે કૉંગ્રેસ બેમાંથી એકપણ પક્ષે હજુ સુધી કોઈ મહિલા ઉમેદવારને ટિકિટ આપી નથી. અમદાવાદ વેસ્ટમાં એલિસબ્રિજ, અમરાઇવાડી, દરિયાપુર, જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા (એસસી), અસારવા (એસસી) સહિત સાત વિધાનસભા આવે છે, જેમાંથી એલિસબ્રિજ, અમરાઇવાડી, દરિયાપુર, મણિનગર, અસારવા (એસસી) વિધાનસભા બેઠક પર ભાજપની જીત થઈ છે, જ્યારે જમાલપુર-ખાડિયા અને દાણીલીમડા (એસસી) બેઠક કૉંગ્રેસ પાસે છે. ૨૦૨૨માં આ સાતેય વિધાનસભા પર ભાજપને ૫.૬૮ લાખ મત મળ્યા હતા, જ્યારે કૉંગ્રેસને ૨.૯૭ લાખ તેમજ આમ આદમી પાર્ટીને ૮૦ હજાર મત મળ્યા હતા. કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મળેલા મતનો સરવાળો ૩.૭૭ લાખ થાય છે. ભાજપને કૉંગ્રેસ અને આપ કરતાં ૧.૯૦ લાખ મત વધુ મળ્યા હતા. આ બેઠક પર સૌથી વધુ ૪.૬૯ લાખ જેટલા મુસ્લિમ મતદારો બાદ રાજપૂત અને એસસી મતદારોની સંખ્યા અંદાજે ૩.૩૬ લાખ છે. જ્યારે ઓબીસી મતદારો ૩.૧૧ લાખ, વણિક મતદારો ૧.૬૨ લાખ, પટેલ મતદારો ૧.૨૭ લાખ, બ્રાહ્મણ મતદારો ૯૦ હાજર, ખ્રિસ્તી મતદારો ૬૦ હજાર તેમજ અન્ય જ્ઞાતિના મતદારો ૧.૬૪ લાખ છે. ■

## રાહુલ ગાંધીએ સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માગવી જોઈએઃ પદ્મિનીબા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય માહોલ ગરમાઇ રહ્યો છે. પહેલા ભાજપના નેતા અને હવે કૉંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધીએ રાજા-રજવાડા અંગે આપેલા કથિત નિવેદન અંગે મહિલા ક્ષત્રિય અગ્રણી પદ્મિનીબાએ રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ અને ક્ષત્રિય સમાજના જ કેટલાક આગેવાનોને જયચંદ ગણાવ્યા હોવાનું જણાવ્યું હતું.

રાહુલ ગાંધી સામે આક્રોશ સાથે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ તેમના શબ્દો પાછા ખેંચવા જોઈએ. રાહુલ ગાંધીએ સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માગવી જોઈએ. સાથે કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ ક્ષત્રિય સમાજ વિશે બોલી જાય છે, તે ક્ષત્રિય સમાજને સમજે છે શું? તેઓ આ મામલે આગામી સમયમાં વિરોધ કરશે. પદ્મિનીબાએ કહ્યું હતું કે, કોઈ જ પક્ષપાત ન હોવો જોઈએ. ભાજપ હોય કે કૉંગ્રેસ જે પણ સત્ય સમાજ વિશે બોલે છે તેમનો વિરોધ કરવો જોઈએ. સાથે જ તેમણે ક્ષત્રિય સમાજના જ કેટલાક આગેવાનો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. પદ્મિનીબાએ નામ લીધા વગર ક્ષત્રિય સમાજના અમુક અગ્રણીઓને જયચંદ ગણાવ્યા હતા. તેઓ તો આક્રોશ સાથે ત્યાં સુધી બોલી ગયા કે આવા જયચંદને કારણે ક્ષત્રિય સમાજ ૨૦ વરસ પાછળ જતો રહ્યો. અમે આ લડત જીતશું જ પરંતુ અમુક જયચંદોના કારણે સમાજને નુકસાન થઈ રહ્યું છે. હવે આ જયચંદ કોણ? પદ્મિનીબાએ કોના પર આક્ષેપ કરી રહ્યા છે, તે પણ એક સવાલ છે. ■

## વડોદરામાં ૧૨થી વધુ સોસાયટીના રહિશોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા લોકસભાની ચૂંટણીની મતદાનની તારીખ જેમ નજીક આવી રહી છે તેમ નાગરિકો પોતાની માગ પૂરી કરાવવા માટે ચૂંટણીમાં વોટ નહિ આપવાની ચીમકી ઉચ્ચારી વિરોધનો રસ્તો અપનાવી રહ્યા છે. શહેરના બાપોદ વિસ્તારમાં ૧૨થી વધુ સોસાયટીઓના રહિશોએ વોટ નહીંના સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થાનિકોના વિરોધના પગલે પોલીસ ઘટના સ્થળે દોડી આવી અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં થયેલા વિરોધ બાદ હવે બાપોદ વિસ્તારમાં પણ ૧૨થી વધુ સોસાયટીઓના નાગરિકોએ પોતાની મુશ્કેલીઓનો ઉકેલ લાવવા માટે વિરોધનો રસ્તો અપનાવ્યો છે. નાગરિકોએ રોડ નહીં, પાણી નહીં તો વોટ નહીંના સૂત્રોચ્ચાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહેરના સાનિધ્ય ટાઉનશિપ, કમલા પાર્ક, બંસરી, રાજીવનગર, શ્યામલ રેસિડન્સી, પર્ણછાયા, આશ્રય રેસિડન્સી, પર્ણશીલ સોસાયટી, જલારામ સોસાયટી, સાકાર સોસાયટી, દ્વારકેશ તેમજ ક્રિષ્ના પાર્ક સહિત ૧૨ જેટલી સોસાયટીઓના લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. જેમાં લોકોએ ફરિયાદ કરી હતી કે છેલ્લા કેટલાય સમયથી ઓછા પ્રેશરથી પાણી આવી રહ્યું છે. તેમજ દબાણો તોડ્યા વગર જ છ મીટરનો રોડ બનાવતા સ્થાનિકોને ઘણી જ તકલીફ પડી રહી છે. આ અંગે સ્થાનિકો દ્વારા અનેકવાર કોર્પોરેટર, ધારાસભ્યોને રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ ન આવતા આખરે નાગરિકો વીફર્યા અને રોડ નહીં, પાણી નહીં તો વોટ નહીંના સૂત્રોચ્ચાર કર્યા હતા. ■

## સુરતમાં નીલેશ કુંભાણી "સોદાગર"નું પોસ્ટર લાગ્યુંઃ લોકો ગાંધીની પ્રતિમા સામે ધરણા પર બેઠા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં લોકસભા ચૂંટણીમાં પોતાના હક માટે જાગૃત થવા પૂર્વ કોર્પોરેટર અને આમ આદમી પાર્ટીના નેતા દ્વારા ગાંધી પ્રતિમા પાસે ધરણામાં જોડાવા માટે આહ્‌વાન કર્યું હતું. નિલેશ કુંભાણીના ફોટા નીચે 'સોદાગર' અને 'સુરત લોકસભા ક્ષેત્રના અમારા ૧૯ લાખ મતદારોના અધિકારોનો સોદો આવા ચાર ચોર કેવી રીતે કરી શકે?' તેવા બેનર લગાવવામાં આવ્યાં હતાં.

સુરતના ચોક વિસ્તારમાં આવેલી ગાંધી પ્રતિમા પાસે લોકસભા ચૂંટણીમાં પોતાનો મત અધિકાર મળે તેના માટે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. લોકસભા ચૂંટણીના કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી દ્વારા જે કરવામાં આવ્યું છે તેનો વિરોધ અત્યાર સુધી થતો હતો તેમનું ફોર્મ રદ થઈ ગયા બાદ હવે મતદારો પોતાના મતદાનનો અધિકારનો ઉપયોગ કરી શકવાના નથી. જેને પગલે ગાંધી પ્રતિમા પાસે એકત્ર થઈને ધરણાં કરવામાં આવ્યા હતા. જેની જાણ અઠવા પોલીસને થતાં ધારણાં પર બેઠેલા ૧૦થી ૧૨ લોકોને ડિટેઇન કરી લેવાયા હતા.

આમ આદમી પાર્ટીના નેતા દિનેશ કાછડીયાએ જણાવ્યું હતું કે, લોકશાહીમાં ત્રણથી ચાર લોકો વેચાઈ જાય અને મતદારો પોતાના મતદાનના હકથી વંચિત રહી જાય તે કેવી રીતે ચલાવી લેવામાં આવે? સુરતની લોકસભા બેઠકો પર જે થયું છે તેનાથી લોકોના મતદાનનો હક છીનવાઈ ગયો છે. હું લોકોને અપીલ કરું છું કે સોશિયલ મીડિયાના માધ્યમથી અલગ-અલગ પ્લેટફોર્મ પરથી પોતાના મતાધિકાર માટે માગ કરવામાં આવે. આ બાબતે ખૂબ જાગૃત થવાની જરૂર છે. આજે અમે અહીં ધારણા પ્રદર્શન કરી રહ્યા હતા, ત્યારે અમારી અટકાયત કરી લેવામાં આવી છે. ■

## ખાનગી શાળાઓ વાલીઓને ફી ભરવા દબાણ કરશે તો ભારે પડશેઃ જિલ્લા શિક્ષાધિકારીની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય બંધારણ અનુસાર તમામ લોકોને સમાન શિક્ષણનો અધિકાર મળવો જોઈએ, પરંતુ ગુજરાતમાં ખાનગી શાળાઓ બેફામ ફી ઉઘરાવી રહી હોવાની વાત બહાર આવી છે. ખાનગી શાળાઓ દ્વારા ફી મામલે વાલીઓને થતી કનડગત મામલે મળતી ફરિયાદને પગલે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ ખાનગી શાળાઓને ચેતવણી આપી છે. નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં પૂરી ફી ઉઘરાવી શકાશે નહીં, તેવો આદેશ અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ કર્યો હતો. આ પ્રકારની ફરિયાદમાં સ્કૂલ કસૂરવાર ઠરશે તો સ્કૂલ સામે કડક પગલાં લેવાનો આદેશ કર્યો હતો. આગામી જૂન માસથી શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીને શાળાઓ સ્કૂલ શરૂ થાય તે પહેલાં પૂરી ફી ભરવા દબાણ કરતી હોવાની ફરિયાદ મળી છે. જેને પગલે આવી ખાનગી શાળાઓ ફી ભરવા વાલીઓને દબાણ નહીં કરવા અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ આદેશ કર્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આવી શાળાઓ સ્કૂલ શરૂ થયા પહેલા પૂરી વસૂલી શકે નહીં અને કોઈપણ સ્કૂલ માત્ર ત્રિમાસિક ફી વસૂલી શકે છે. ફી ભરવા વાલીઓને દબાણ કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરવાનો આદેશ કર્યો છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, કોઈપણ ખાનગી સ્કૂલો એફઆરસીએ નિયત કરેલી ફીથી વધુ ફી લઇ શકશે નહીં. તેમણે જણાવ્યું કે, નવું સત્ર શરૂ થાય તે પહેલાં કેટલીક શાળાઓ ફી ઉઘરાવવાનું શરૂ કરી દીધું છે અને વાલીઓ પર પૂરી ફી ભરવા દબાણ કરી રહી છે. આ સ્કૂલો સામે ફરિયાદ મળી છે અને આ સ્કૂલો તેમજ તે સિવાયની અન્ય સ્કૂલો ચેતી જાય તે જરૂરી છે. સત્ર શરૂ થાય તે પહેલાં વાલીઓને ફી ભરવા દબાણ કરવામાં આવશે તો આવી શાળાઓને નોટિસ આપી કાર્યવાહી કરશે. આ સાથે ૧૦ હજારનો દંડ પણ વસૂલવામાં આવશે અને વારંવાર આ પ્રકારની ફરિયાદ શાળા સામે મળી તો શાળાની માન્યતા રદ કરવા સુધીના પગલાં પણ લેવામાં આવી શકે છે. ■

## કાંકરિયા તળાવની બંધ થયેલી બોર્ટિંગ અને વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી શરૂ કરવાની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરનાં હરણી તળાવમાં બોટિંગ દરમિયાન સર્જાયેલી કરુણ દુર્ઘટના બાદ ગુજરાત હાઈ કોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ થયેલી છે. સુનાવણી દરમિયાન ગુજરાત હાઈ કોર્ટે મૌખિક આદેશ આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં જ્યાં પણ બોટિંગનાં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે ત્યાં ત્રણ સુધારા કરાવવામાં આવે. હાઈ કોર્ટના આદેશને પગલે કાંકરિયા તળાવમાં ચલાવાતી બોટિંગ અને વોટર સ્પોર્ટસ એક્ટિવીટી નવો કરાર ન થાય ત્યાં સુધી બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેને પગલે કાંકરિયામાં તમામ વોટર સ્પોર્ટસ એક્ટિવીટી બંધ કરવામાં આવી હતી. હવે નવા કરાર થઇ જતા કાંકરિયા તળાવમાં બોટિંગ શરૂ કરવાની જાહેરાત કરી દીધી હતી.

વડોદરાનાં હરણી તળાવમાં થયેલી દુર્ઘટનાને પગલે હાઇ કોર્ટે સુઓમોટો દાખલ કરી રાજ્યનાં તમામ તળાવ-નદી વગેરે જ્યાએ થતી બોટિંગની પ્રવૃત્તિમાં સુરક્ષાનાં નિયમો સુનિશ્ચિત કરી અધિકારીઓની જવાબદારી ફિક્સ કરી નવા કરાર કરવા મૌખિક આદેશ આપ્યો હતો. તેમ છતાં પણ સત્તાવાળાઓએ કોઈ પણ પ્રકારના આદેશનું પાલન કર્યા વગર કાંકરિયા તળાવમાં બોટિંગ તથા વોટર સ્પોર્ટસ એક્ટિવિટી ચલાવવામાં આવી રહી હતી. કોન્ટ્રાક્ટરોનાં જ હિત જોતાં મ્યુનિ.અધિકારીઓએ હાઇ કોર્ટના મૌખિક આદેશને એક મહિના ઉપરનો સમય વીતી ગયો હોવા છતાં નાગરિક સુરક્ષા અને તંત્રની જવાબદારીને લગતા સુધારા કરી પોલીસ કમિશનર કચેરીમાં મોકલ્યા ન હતા.જેથી ગુજરાત સરકારે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર પાઠવી બોટિંગનાં કરારોમાં સુધારા કરી મોકલી આપવા જણાવ્યું હતું અને જો કરાર ના થયા હોય તો બોટિંગ બંધ કરાવી દેવાનો આદેશ પાઠવ્યો હતો. સતાવાળાઓએ કોઈપણ પ્રકારના હાઇ કોર્ટના આદેશનું પાલન કર્યું ન હતું. તંત્રની આ ઘોર બેદરકારીના અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ તાબડતોબ એએમસી અધિકારીઓએ નવા કરાર કરી શહેર પોલીસ કમિશનર કચેરીને મોકલી આપ્યા હતા. નવા કરારમાં ઉતાવળ નહિ કરનારા મ્યુનિ. અધિકારીઓએ શુક્રવારથી જ બોટિંગ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરી દીધી છે. જેથી હવે લોકો કાંકરિયા તળાવ ખાતે બોટિંગ અને વોટર એક્ટિવિટીની શહેરીજનો મજા માણી શકશે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૮ જાન્યુઆરીના રોજ વડોદરામાં હરણી બોટ દુર્ઘટના ઘટી હતી. શહેરની વાઘોડિયા રોડ પર આવેલી ન્યૂ સનરાઇઝ સ્કૂલનાં ૧૨ બાળકો અને બે શિક્ષિકાઓના બોટિંગ દરમિયાન હોડી પલટવાને કારણે ડૂબી જવાથી મોત નીપજ્યાં હતાં. આ કરુણ ઘટનાને ગંભીરતાથી લઇ ગુજરાત હાઇ કોર્ટે સુઓમોટો કરવામાં આવી હતી. હાઇ કોર્ટે ૧૨મી માર્ચનાં રોજ મૌખિક આદેશ કરીને તમામ જળાશયોમાં બોટિંગ પ્રવૃત્તિ માટે કરાયેલા કરાર-કોન્ટ્રાક્ટ અને મંજૂરીમાં ત્રણ સુધારા કરવા જણાવ્યું હતું. ■

## દાહોદમાં આમ આદમી પાર્ટીના ૪૦૦થી વધુ કાર્યકરો ભાજપમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે પણ ભાજપમાં ભરતી મેળો હજી પણ યથાવત્ રહ્યો છે. દેવગઢબારિયા વિધાનસભા બેઠકમાં આમ આદમી પાર્ટીના ૪૦૦થી વધુ કાર્યકર્તાઓએ કેસરિયા કર્યા હતા. દેવગઢબારિયા વિધાનસભા બેઠકમાં આમ આદમી પાર્ટીના ૪૦૦થી વધુ કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે.

દેવગઢબારિયા વિધાનસભા બેઠકના કેળકુવા ગામના આગેવાન ઈશ્વરભાઈ સહિત તેમના સમર્થકો, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ રાજ્ય પ્રધાન બચુભાઈ ખાબડ અને ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરની આગેવાનીમાં ભાજપમાં જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય જનતા પાર્ટીની વેલકમ પાર્ટીમાં કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી તેમજ અપક્ષોના અનેક રાજનેતાઓ, આગેવાનો તેમજ કાર્યકર્તાઓ ભળી ગયા છે અને હાલ જ્યારે લોકસભાની સામાન્ય ચૂંટણીના મતદાનનો સમય નજીક આવી ગયો છે ત્યારે આવા સમયે પણ ભાજપનો ભરતી મેળો યથાવત રહ્યો છે. ■

## ગાંધીનગરમાં જમીન માપણીના કેસોમાં લાલિયાવાડીઃ હાઈ કોર્ટનો ૨૫ હજારનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં જમીન માપણી સહિતના કેસોમાં ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેકટર લેન્ડ રેકોર્ડ અધિકારીઓની લાલિયાવાડી અને ફરજ પ્રત્યેની ઉદાસીનતાને કારણે ગુજરાત હાઇ કોર્ટ લાલઘૂમ બની હતી. જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ જમીન માપણી અધિકારીઓનો ઉધડો લેતાં માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, જમીન માપણી સહિતની અરજીઓ પર ડીઆઈએલઆર દ્વારા સમયસર કોઇ કામગીરી જ થતી નથી કે પગલાં પણ લેવાતાં નથી, એટલે સુધી કે ખેડૂતો કે અરજદારોને જવાબ સુધ્ધાં અપાતો નથી. જેના પગલે અરજદારોને હાઇ કોર્ટ સુધી લિટિગેશન્સ કરવાની ફરજ પડે છે અને તેના કારણે હાઇ કોર્ટ પર બિનજરૂરી રીતે કોર્ટ કેસોનું ભારણ વધે છે. બબ્બે વર્ષ સુધી જમીન માપણીની અરજી પર કોઈ જ કાર્યવાહી નહી થતાં જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈએ ગાંધીનગર ડીઆઈએલઆરને ૨૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. હાઇ કોર્ટે ડીઆઈએલઆર કચેરીના આવા કસૂરવાર અધિકારીઓ વિરુદ્ધ યોગ્ય પગલાં લેવા અર્થે હુકમની નકલ રેવન્યુ સેક્રેટરીને મોકલી આપવા પણ હુકમ કર્યો હતો. ■

## દાહોદની ગુજરાત-મધ્ય પ્રદેશ ચેકપોસ્ટ પાસે ખાનગી ટ્રાવેલ્સમાંથી ₹૨૭ લાખની ચાંદી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ ગુજરાત-મધ્ય પ્રદેશ સંયુક્ત ચેકપોસ્ટ પર ઝાબુઆ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન એક ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી બિનવારસી હાલતમાં રૂ.૨૭ લાખના ચાંદીના ઘરેણાં ઝડપાયા હતા. પોલીસે ચાંદીનો જથ્થો જપ્ત કરી આ જથ્થો કોનો છે અને ક્યાં મોકલવામાં આવતો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટથી ઈન્દોર જતી ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી દાહોદ ગુજરાત-મધ્ય પ્રદેશ સંયુક્ત ચેકપોસ્ટ પરથી રૂ.૨૭ લાખની કિંમતનો ૭૨ કિલો ચાંદીનો જથ્થો મળી આવ્યો હતો. ખાનગી ટ્રાવેલ્સની બસમાં મુસાફરી કરતા પેસેન્જરોને આ અંગે પૂછપરછ કરતા તમામ પેસેન્જરોએ ચાંદીનો જથ્થો પોતાનો નહિ હોવાનું જણાવ્યું હતું. પોલીસે ચાંદીનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ અગાઉ પણ દાહોદ મધ્ય પ્રદેશની બોર્ડર ઉપરથી ઈન્દોરથી રાજકોટ જતી ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી બિનવારસી હાલતમાં એક કરોડ કરતા વધુ રોકડ રકમ અને ૨૨ કિલો ચાંદી મળી આવી હતી. જોકે આ રોકડ રકમ અને ચાંદીનો જથ્થો કોને મોકલ્યો હતો અને કોણે આપવાનો હતો તેનો ભેદ હજુ સુધી પોલીસ ઉકેલી શકી નથી ત્યારે વધુ એકવાર ચૂંટણી પહેલા દાહોદ ગુજરાત-મધ્ય પ્રદેશ સંયુક્ત ચેકપોસ્ટ પરથી રાજકોટથી ઈન્દોર જતી ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી ૨૭ લાખની કિંમતની ૭૨ કિલો ચાંદીનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. રાજકોટથી ઈન્દોર કોને આટલી મોટી માત્રામાં ચાંદીનો જથ્થો પહોંચાડવાનો હતો. તેમજ કોણે મોકલ્યો હતો. જેવા અનેક સવાલ ઉઠી રહ્યા છે. હાલ પોલીસે આ ચાંદી કોણે મોકલાવી હતી અને કોને આપવાની હતી તે દિશામાં તપાસ હાથ ધરી છે. ■

## સુરતમાં બેરોજગાર યુવકનો આપઘાત

અમદાવાદઃ સુરતના સચિન વિસ્તારમાં યુવકે કામકાજ ન મળતા ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. સુરતના સચિન વિસ્તારમાં નજીક પાલિ ગામમાં મૂળ ઓડિશાનો વિનોદ રાઉત (ઉ.વ.૪૧) પરિવાર સાથે રહેતો હતો. બે મહિના પહેલા સંચા ખાતામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જોકે, છેલ્લા બે મહિનાથી કોઈ કામ મળી રહ્યું હતું. વિનોદ કામ ન મળવાને લઈને સતત ટેન્શનમાં રહેતો હતો. દરમિયાન રવિવારે વિનોદ ઘરે એકલો હતો. જેથી એકલતાનો લાભ લઈને ઝેરી દવા પી આત્મહત્યા કરી હોવાનુ પરિવારજને જણાવ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કોન્ટ્રાક્ટર પાસેથી ખંડણી માગવા બદલ નવી મુંબઈના ભૂતપૂર્વ નગરસેવકની ધરપકડ

થાણે: કોન્ટ્રાક્ટર પાસેથી ખંડણી માગવાના આરોપસર પોલીસે નવી મુંબઈ મહાનગરપાલિકાના ભૂતપૂર્વ નગરસેવક અને તેના ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

કોન્ટ્રાક્ટરે થાણે જિલ્લાના કલવા પરિસરમાં વાઘોબા નગર ખાતે ઈન્ટરનેટ કેબલ નાખવા માટે ખોદકામ હાથ ધર્યું હતું.

શુક્રવારે નોંધાયેલી પોલીસ ફરિયાદ અનુસાર ભૂતપૂર્વ નગરસેવક મનોહર કૃષ્ણ મઢવી (૬૪)એ કામ ચાલુ રાખવા માટે અઢી લાખ રૂપિયાની કથિત માગણી કરી હતી, એમ એન્ટી એક્સ્ટોર્શન સેલ (એઈસી)ના અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ૪૨ વર્ષના કોન્ટ્રાક્ટરે આરોપી અને તેની વચ્ચે મોબાઈલ પર થયેલી વાતચીતનું અને પછી પ્રથમ હપ્તા તરીકે દોઢ લાખ રૂપિયા સ્વીકારનારા આરોપીનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. કોન્ટ્રાક્ટરે ફરિયાદ સાથે આ બન્ને રેકોર્ડિંગ પણ રજૂ કર્યાં હતાં.

ફરિયાદને આધારે એઈસીના અધિકારીઓએ શનિવારની સાંજે મઢવીની નવી મુંબઈના ઐરોલી સ્થિત ઑફિસ ખાતે છટકું ગોઠવ્યું હતું. એક લાખ રૂપિયા સ્વીકારનારા મઢવીના ડ્રાઈવર અનિલ સીતારામ મોરે (૪૯)ને પોલીસે પકડી પાડ્યો હતો. બાદમાં ભૂતપૂર્વ નગરસેવકની પણ ધરપકડ કરવામાં આવી હતી.

## ચૂંટણી પ્રશિક્ષણમાં હાજર ન રહેનારા દિવ્યાંગ, ગર્ભવતી, બીમાર શિક્ષકોને નોટિસ

મુંબઈ: શિક્ષકોને ચૂંટણી દરમિયાન ચૂંટણીની ફરજ સોંપવામાં આવતી હોય છે અને આ માટે પહેલા તેમને તાલીમ આપવા માટે પ્રશિક્ષણ કાર્યક્રમો એટલે કે ઇલેક્શન ટ્રેનિંગ કેમ્પ યોજવામાં આવતા હોય છે. જોકે, ચૂંટણી પંચ દ્વારા ગર્ભવતી, નિવૃત્ત થવાના હોય તેવા વૃદ્ધ તેમ જ દિવ્યાંગ શિક્ષકોને પ્રશિક્ષણ કાર્યક્રમોમાં હાજર ન રહેવા બદલ નોટિસ ફટકારી છે. ચૂંટણી પંચ દ્વારા ફટકારવામાં આવેલા શૉ-કૉઝ એટલે કે કારણદર્શક નોટિસના કારણે શિક્ષકોમાં ભારે રોષની લાગણી છે.

ચૂંટણી પંચની આ કાર્યવાહીની વિરુદ્ધ મહારાષ્ટ્ર સ્ટેટ શિક્ષણ ક્રાંતિ સંઘટના(એમએસએસકેએસ) દ્વારા બૉમ્બે હાઇ કોર્ટમાં ધા નાખવામાં આવી છે. પગેથી દિવ્યાંગ એક પાલઘરના શિક્ષકે આ વિશે પોતાની નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મેં ડિસ્ટ્રીક્ટ કલેક્ટર મારફત ચૂંટણી પંચને મને ચૂંટણીની ફરજમાંથી મુક્તિ આપવાની અરજી કરી હતી, કારણ કે હું લાંબા સમય સુધી ઊભો કે બેસી શકું તેમ નથી. મેં તેમને ઘણા દૂર આવેલા સ્થળે ફરજ પર ન મોકલવાની વિનંતી પણ કરી હતી, પરંતુ મને જે સ્થળે ફરજ સોંપવામાં આવી તે મારા ઘરથી ૨૫ કિલોમીટર દૂર છે.

એમએસએસકેએસ દ્વારા ચૂંટણી પંચને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવનારા, દિવ્યાંગ, ગર્ભવતી, વૃદ્ધ શિક્ષકોને ચૂંટણીની ફરજમાંથી રાહત આપવા માટે પત્ર પણ લખ્યો હતો. જોકે, તેમની પરેશાની સમજ્યા વગર જ ચૂંટણી પંચે તે શિક્ષકોની અરજી ફગાવી દીધી હોવાનો એમએસએસકેએસનો આરોપ છે. જેને પગલે હવે હાઇ કોર્ટમાં અરજી કરવામાં આવી છે.

## દહાણુના નાવિકનું પાકિસ્તાન કસ્ટડીમાં મૃત્યુ મૃતદેહ ૨૯ એપ્રિલે ભારત આવશે

પાલઘર: માછીમારે દરમિયાન ભારતીય સીમા પાર કરીને પાકિસ્તાનની સરહદ પ્રવેશવાના આરોપમાં દહાણુ તાલુકાના ૪૫ વર્ષિય વિનોદ લક્ષ્મણ કોલની ધરપકડ કરવામાં આવી હતી. સજા દરમિયાન ૧૭ માર્ચે પાકિસ્તાનમાં તેઓ મૃત્યુ પામ્યા હતા. તેના મૃતદેહને દોઢ મહિના પછી ૨૯ એપ્રિલે ભારત મોકલવામાં આવશે. ઑગસ્ટ ૨૦૨૨માં ગુજરાત રાજ્યમાં બોટ પર કામ કરવા ગયેલા વિનોદ લક્ષ્મણ કોલને અન્ય ખલાસીઓ સાથે પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને લગભગ દોઢ વર્ષ પહેલા તેને જેલમાં મોકલવામાં આવ્યો હતો. આઠ માર્ચે, બાથરૂમમાં તેને સ્ટ્રોક આવતા તેને પાકિસ્તાનની હૉસ્પિટલમાં દાખલ કરાયા હોવાનું સાથી ખલાસીઓએ જણાવ્યું હતું. બાદમાં ૧૭ માર્ચે તેનું મૃત્યુ થયું હતું. ભારત સરકાર દ્વારા ફોલોઅપ કર્યા બાદ મૃતદેહ ૨૯ એપ્રિલે ભારત લાવવામાં આવશે.

સામાન્ય કેદી એવા આ નાવિકની રાષ્ટ્રીયતા નક્કી કર્યા પછી પણ મૃતદેહને ટ્રાન્સફર કરવામાં એક મહિનાથી વધુનો સમય લાગતો હોવાથી મૃતદેહના વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ હોવાની શક્યતા છે.

## ૨૯ એપ્રિલે મોદીની પુણેમાં સભા: બે લાખ લોકો હાજર રહેવાની શક્યતા

પુણે: ભાજપ, શિવસેના અને અજિત પવારના નેતૃત્વ હેઠળના એનસીપીએ ભેગા મળી ૨૯ એપ્રિલે પુણેમાં આયોજિત વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકસભા ચૂંટણી સભાની પૂર્વ તૈયારીઓ વિશે અવલોકન કર્યું હતું. આ સભામાં બે લાખની મેદની હાજર રહેશે એવો દાવો મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા ચંદ્રકાન્ત પાટીલે કર્યો હતો. રાજ્ય સરકારમાં હાયર એન્ડ ટેકનિકલ શિક્ષણ ખાતાના પ્રધાનનો હોદ્દો ધરાવતા શ્રી પાટીલ ઉપરાંત બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, રાહુલ કુળ અને વિજય શિવતારે હાજર હતા. વિગતો આપતા શ્રી પાટીલે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૯ એપ્રિલે રેસકોર્સ ખાતે સભાને સંબોધન કરશે. આ સભામાં બે લાખ લોકો આવશે એવો અમારો અંદાજ છે. ૨૯ એપ્રિલે પુણે, મવાળ, બારામતી અને શીરૂરના પક્ષના કાર્યકર્તા પણ હાજર રહેશે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેનો પુત્ર અમિત પણ સભામાં હાજર રહેશે.

## મીરા રોડમાં યુવકની હત્યાના કેસમાં ફરાર આરોપી ૩૪ વર્ષ બાદ પકડાયો

થાણે: મીરા રોડમાં યુવકની હત્યાના કેસમાં ફરાર આરોપીને ૩૪ વર્ષ બાદ ઝડપી પાડવામાં પોલીસ અધિકારીઓને સફળતા મળી હતી.

પોલીસે મળેલી માહિતીને આધારે સોમવારે સાંજે અંધેરી વિસ્તારમાં છટકું ગોઠવ્યું હતું અને આરોપી જહાંગીર દિનમોહંમદ શેખ (૬૧)ને ઝડપી પાડ્યો હતો. મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના એસીપી (ક્રાઇમ) મદન ભલ્લાળે જણાવ્યું હતું કે મીરા રોડમાં ડિસેમ્બર, ૧૯૯૦માં રહેણાક ઇમારતમાં યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ગુનામાં આરોપી શેખ સંડોવાયેલો હતો. પાર્ટી કરતી વખતે ગેબ્રિયલ ઉર્ફે સુધાકર ક્રિસ્તન અમન્ના (૨૨)ની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરાઇ હતી. આ કેસમાં પોલીસે અગાઉ પાંચ આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે શેખ ફરાર થઇ ગયો હતો. આખરે પોલીસે સોમવારે તેની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

## હત્યા પાછળ એકથી વધુ લોકો હોવા અંગે તપાસ કરી છે?: હાઈ કોર્ટનો સવાલ

મુંબઈ: શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના માજી નગરસેવક અભિષેક ઘોસાળકરની હત્યા પાછળ એકથી વધુ વ્યક્તિ હોવાની શંકા તેમના પરિવારજનોને છે તો એ દૃષ્ટિએ પોલીસે તપાસ કરી કે કેમ એવો સવાલ હાઇ કોર્ટ દ્વારા પોલીસને સોમવારે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અત્યાર સુધી આ પ્રકરણે કરવામાં આવેલી તપાસનો અહેવાલ તેમજ એકઠા કરવામાં આવેલા પુરાવાની વિગતો રજૂ કરવાનો આદેશ અદાલતે પોલીસને આપ્યો હતો. આ કેસમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું છે અને હાલ તપાસ ચાલુ છે.

## પાંચમા પાનાનું ચાલુ

### બાળકોની સૌથી વધુ

મૂકવામાં આવ્યા પછી બાળક વેચનારા દંપતીની શોધ ચાલુ થતી હતી. પછી ૮૦ હજારથી ચાર લાખ રૂપિયામાં આઠ મહિનાથી બે વર્ષ સુધીનાં બાળકો વેચવામાં આવતાં હતાં. આમાંથી માત્ર વીસથી પચીસ હજાર રૂપિયા બાળકની માતાને આપવામાં આવતા હતા. વેચવામાં આવેલાં બાળકોમાંથી નવની માહિતી પોલીસને મળી છે, જેની ખાતરી કરવા પોલીસની ટીમ અલગ અલગ સ્થળે રવાના થઈ છે.

### આકરો એપ્રિલ

મળ્યું હતું. આ દરમિયાન હિલ સ્ટેશન માથેરાનમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે મહાબળેશ્વરમાં પારો ૩૪.૧ ડિગ્રીએ રહ્યો હતો. આ સિવાય મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૮.૧ ડિગ્રી અને કોલોબામાં ૩૪.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મહારાષ્ટ્ર જ નહીં પણ દેશભરમાં તાપમાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે અને નાગરિકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ગરમીને કારણે નાગરિકો હેરાનપરેશાન થઈ રહ્યા છે ત્યારે હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા પણ નાગરિકોને આ હીટવેવથી પોતાની જાતને કઈ રીતે બચાવી શકાય એ માટેની વિવિધ એડવાઈઝરી બહાર પાડીને માહિતી પૂરી પાડવામાં આવી રહી છે. હવામાન ખાતા દ્વારા મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લામાં રવિવાર, સોમવાર અને મંગળવાર એમ ત્રણ દિવસ માટે હીટવેવની આગાહી કરવામાં આવી હતી. આ દરિમયાન તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ૪૦-૪૧ ડિગ્રી સુધી જશે, એવી ચેતવણી પણ હવામાન ખાતા દ્વારા આપવામાં આવી છે.

### બાળકો વેચવાના

તપાસમાં એક આરોપીના મોબાઈલમાંથી મળેલી વિગત અનુસાર સપ્ટેમ્બર, ૨૦૨૨થી આ રૅકેટ ચાલી રહ્યું હતું. રત્નાગિરિના ગુહાગરથી છોડાવાયેલા પાંચ મહિનાના બાળક અને મલાડથી છોડાવવામાં આવેલી બે વર્ષની બાળકીના વડીલોને પોલીસની ટીમ શોધી રહી છે.

ક્રાઈમ બ્રાન્ચના અલગ અલગ યુનિટના અધિકારીઓએ જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી ડૉ. સંજય સોપાનરાવ ખંદારે (૪૨), વંદના અમિત પવાર (૨૮), શીતલ ગણેશ વારે (૪૧), સ્નેહા યુવરાજ સૂર્યવંશી (૨૪), નસીમા હનીફ ખાન (૨૮), લતા નાનાભાઉ સુરવાડે (૩૬) અને શરદ મારુતિ દેવર (૪૫)ની ધરપકડ કરી હતી. બીએચએમએસ ડૉ. સંજય ખંદારે ૨૦૧૭થી દીવામાં હૉસ્પિટલ ચલાવે છે. પકડાયેલા અન્ય આરોપી રૅકેટના એજન્ટ તરીકે કામ કરતા હોવાનું તપાસમાં જણાયું હતું. રવિવારે હોલિડે કોર્ટમાં હાજર કરાયેલા આરોપીઓને કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. અધિકારીના જણાવ્યા મુજબ શીતલ વારે નામની મહિલાએ મુંબઈમાંથી પાંચ બાળકો અન્ય રાજ્યમાં વેચ્યાં હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ગોવંડી પરિસરમાંથી શીતલને તાબામાં લેવાઈ હતી. શીતલે વિક્રોલી પૂર્વના કન્નમવાર નગરમાં રહેતી કાંતા પેડણેકરના પાંચ મહિનાના બાળકને ૧૩ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ વેચવામાં મદદ કરી હતી. આ બાળક રત્નાગિરિ જિલ્લામાં રહેતા પવાર દંપતીને બે લાખ રૂપિયામાં વેચવામાં આવ્યો હોવાની કબૂલાત શીતલે કરી હતી. શીતલે આપેલી માહિતી પરથી પોલીસે આ કેસમાં સંડોવાયેલા અન્ય છ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસની ટીમે વધુ ત્રણ એજન્ટને પણ તાબામાં લીધા હતા, જેમની આ કેસમાં ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. શીતલની માહિતી પરથી પોલીસે રત્નાગિરિથી પેડણેકરના બાળકને છોડાવ્યો હતો, જોકે પોલીસ કાર્યવાહીની જાણ થતાં જ પેડણેકર ગુમ હોવાનું કહેવાય છે. આરોપીઓની પૂછપરછમાં નાલાસોપારાની બે વર્ષની બાળકીને મલાડથી છોડાવવામાં સફળતા મળી હતી.

આ બાળકીને મલાડના શેટ્ટી દંપતીને અઢી લાખ રૂપિયામાં વેચવામાં આવી હતી. બન્ને બાળકને મહાલક્ષ્મીની બાળ આશા ટ્રસ્ટમાં રાખવામાં આવ્યાં હોવાનું પોલીસનું કહેવું છે. અધિકારીના જણાવ્યા મુજબ બાળકોને ગેરકાયદે વેચવાનું રૅકેટ તેલંગણા અને આંધ્ર પ્રદેશ સુધી ફેલાયેલું છે. તેલંગણાના ફર્ટિલિટી સેન્ટર સાથે સંકળાયેલી સ્નેહા સૂર્યવંશી માગણી પ્રમાણે મુંબઈ-થાણેથી બાળકો મગાવતી હતી. આ ટોળકીએ અનેક બાળકો વેચ્યાં હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી.

### સંજય પાંડે

ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તેઓ મુંબઈ પોલીસ કમિશનર હતા, ત્યારે ઠાકરે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન હતા.

પાંડે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનું વિચારી રહ્યા છે કારણ કે આ વિસ્તાર (મુંબઈ ઉત્તર-પશ્ચિમ)ના ઘણા નાગરિકો આ બેઠક પરથી ચૂંટણી લડવાનો આગ્રહ કરી રહ્યા છે. મુંબઈ પોલીસ કમિશનર તરીકેના તેમના ટૂંકા કાર્યકાળ દરમિયાન તેમણે લીધેલા વિવિધ નિર્ણયોમાં તેમના નનાગરિકોનો પ્રથમ અભિગમથ માટે ખૂબ વખાણ કરાયેલા પાંડેએ જણાવ્યું હતું કે આ અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. ૧૯૮૬-બેચના નિવૃત્ત ભારતીય પોલીસ સેવા (આઈપીએસ) અધિકારી પાંડેએ કહ્યું હતું કે તેઓ યોગ્ય સમયે ચૂંટણી લડવા અંગે અંતિમ નિર્ણય લેશે. તેમણે કહ્યું હતું કે માત્ર શિક્ષિત ઉમેદવાર જ પરિવર્તન લાવી શકે છે.ભાજપે ઉજ્જવલ નિકમને મેદાનમાં ઉતાર્યા છે. કૉંગ્રેસે મુંબઈ ઉત્તર-મધ્ય લોકસભા બેઠક પરથી કોંગ્રેસના મુંબઈ અધ્યક્ષા વર્ષા ગાયકવાડને ઉમેદવાર બનાવ્યા છે.

### ગુજરાતીઓ

મળ્યું છે. બધો જ વિકાસ ફક્ત ગુજરાતમાં થતો હોવાનું અને ગુજરાતને વધુ નાણા ભંડોળ પૂરું પાડવામાં આવતા હોવાના આક્ષેપો છેલ્લાં દસ વર્ષમાં અનેક વખત કરવામાં આવ્યા છે અને હવે ચૂંટણી આવી છે ત્યારે પણ ગુજરાત પરિબળનો ઉપયોગ થઇ રાજકીય આક્ષેપબાજી માટે થઇ રહ્યો છે. આ પહેલા લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવે પણ વડા પ્રધાન મોદી અને અમિત શાહની ટીકા કરતા વખતે દેશ માટે ગુજરાતીઓ શહીદ નથી થતા અને કૌભાંડો ફક્ત ગુજરાતીઓ જ કરતા હોવાનું વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. નીરવ મોદી, મેહુલ ચોકસી જેવા ભાગેડુંઓનો સંબંધ આખા ગુજરાતી સમાજ સાથે જોડીને ગુજરાતી સમાજની પ્રતિમાને ખરડાવવામાં આવી હોવાનો આ કિસ્સો હતો.

એટલે કે વડા પ્રધાન અને કેન્દ્રીય ગૃહ પ્રધાન બંને ગુજરાતી હોવાના કારણે ગુજરાત અને ગુજરાતીઓ રાજકારણીઓ માટે સોફ્ટ ટાર્ગેટ બની ગયા છે.

### અભિનેતા સાહિલ ખાન

એસઆઈટીએ છત્તીસગઢ રાજ્યના જગદાલપુર સ્થિત હૉટેલમાંથી પકડી પાડેલા ૫૦ વર્ષના અભિનેતા સાહિલ જાહીદ ખાનને રવિવારે મુંબઈ લાવવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૧ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

સ્ટાઈલ અને એક્સક્યુઝ મી ફિલ્મથી જાણીતા થયેલા અભિનેતા સાહિલ ખાને ગુનો નોંધાયા પછી ધરપકડથી બચવા બૉમ્બે હાઈ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. કોર્ટે બે દિવસ પહેલાં અરજી ફગાવી દીધા પછી ખાન રફુચક્કર થઈ ગયો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસ ખાનને શોધી રહી હતી. મુંબઈથી ગુમ થયા પછી ખાન ગોવા, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા, ગઢચિરોલી અને છત્તીસગઢ ગયો હતો. પોલીસની ટીમ સતત તેનો પીછો કરી રહી હતી. આ કેસમાં એસઆઈટીએ અગાઉ એક આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં ધરપકડ કરાયેલો ખાન બીજો આરોપી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ઑનલાઈન બેટિંગ ઍપથી મેળવેલાં નાણાં મિલકત, હૉટેલ્સ અને અન્ય વ્યવસાયોમાં ભારત અને વિદેશમાં રોકવામાં આવ્યાં હતાં. ગેરકાયદે ઑનલાઈન સટ્ટાબાજી ચલાવીને નાગરિકો પાસેથી નાણાં પડાવી કથિત છેતરપિંડી કરવા સાથે સરકારને ટૅક્સ ન ભરી આર્થિક નુકસાન કરવામાં આવ્યું હોવાનો આરોપ છે. અંદાજે ૧૫ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડીનો આ કેસ નવેમ્બર, ૨૦૨૩ના રોજ માટુંગા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં સાહિલ ખાન અને અન્ય ૩૧ જણ સામે તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન આરોપીઓનાં બૅન્ક ખાતાઓ, મોબાઈલ ફોન્સ, લૅપટોપ્સ અને અન્ય ટેક્નિકલ ઉપકરણોની ચકાસણી કરવામાં આવશે, એમ પોલીસે જણાવ્યું હતું.

મુંબઈ પોલીસે ૩૨ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યા પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) મહાદેવ બેટિંગ ઍપમાં મની લોન્ડરિંગ પ્રકરણની તપાસ હાથ ધરી હતી. આ મામલે ઈડીએ પણ નવ જણની ધરપકડ કરી હતી.

ઉલ્લેખનીય છે કે છત્તીસગઢના એન્ટી કરપ્શન બ્યૂરો/ આર્થિક ગુના શાખાએ ૧૪ એપ્રિલે દાવો કર્યો હતો કે તેમની ટીમે પણ નવી દિલ્હી અને ગોવાથી બે જણની ધરપકડ કરી હતી. મહાદેવ ઑનલાઈન ગેમિંગ અને બેટિંગ ઍપ્લિકેશનના કથિત ગેરકાયદે ઑપરેશન્સ સંબંધી આ બન્નેની ધરપકડ કરાઈ હતી.

### શિવસેના

વિચારોને તિલાંજલિ આપવામાં આવી છે. આખો ચૂંટણીઢંઢેરો વાંચો તો ખબર પડી જશે કે કેમ તેમાં એકેય વખત વંદનીય બાળ ઠાકરેના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કેમ કે તેમને બાળાસાહેબ ઠાકરેજીનું નામ લેવામાં તેમને શરમ આવી રહી છે, એવી ટીકા એકનાથ શિંદે દ્વારા કરવામાં આવી હતી. વાસ્તવમાં એવું લાગી રહ્યું છે કે રાહુલ ગાંધીએ સ્પષ્ટ કરી દીધું હશે કે દેશમાં ઈન્ડી ગઠબંધનની સરકાર આવ્યા બાદ વંદનીય બાળ ઠાકરેને ભારત રત્ન આપવામાં આવશે નહીં, એટલે જ બાળ ઠાકરેને ભારત રત્ન અપાવવાની માગણી આ વચનનામામાં કરવામાં આવી નથી. જે સંતાન પોતાના પિતાના નામ અને તેમની સિદ્ધિઓને ભૂલી જાય તેના વચનો પર મતદારો કેવી રીતે અને કેટલો ભરોસો કરી શકે ? એવો સવાલ એકનાથ શિંદેની શિવસેના દ્વારા ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે બાળાસાહેબનો વૈભવ છોડીને જે લોકો કૉંગ્રેસનો વૈભવ પાછો આવે તે માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે તેઓ મહારાષ્ટ્રનો વૈભવ પાછો લાવવાની વાતો કરે ત્યારે થોડું અટપટું લાગે છે.

એમ પણ કહેવાઈ રહ્યું છે કે બાળ ઠાકરેના નિધન બાદ ઉદ્ધવ ઠાકરેએ પાર્ટીનું બંધારણ બદલીને તેમાં કરવામાં આવેલા સુધારા ચૂંટણી પંચથી સંતાડીને સત્તાનું કેન્દ્રીકરણ કરી નાખ્યું હતું. પહેલાં પાર્ટીમાં બે કેન્દ્ર હતા એક બાળ ઠાકરે પોતે અને બીજું શિવસૈનિક. જે લોકો શિવસૈનિકોનો અધિકાર છીનવીને પોતાના પુત્ર-સંબંધીઓને સોંપી રહ્યા હતા તેઓ સત્તાના વિકેન્દ્રીકરણની વાતો કરે છે.

બીજી તરફ એકનાથ શિંદે દ્વારા બે વર્ષના કાર્યકાળમાં બાળ ઠાકરેના નામને ગૌરવ અપાવવાનું કામ કર્યું છે. બાળ ઠાકરેના નામથી શહેરમાં હિંદુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે અર્બન ગ્રીનીંગ પ્રોજેક્ટ, બાળ ઠાકરે આપલા દવાખાના ચલાવવામાં આવી રહ્યા છે. મુંબઈ-નાગપુર સમૃદ્ધિ મહામાર્ગને બાળ ઠાકરેનું નામ આપવામાં આવ્યું છે. એક તરફ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બાળ ઠાકરેનું નામ જીવંત રાખવાના પ્રયાસ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ઉદ્ધવ ઠાકરે વચનનામામાંથી તેમનું નામ પડતું મૂકીને નકારાત્મક સંદેશ આપી રહ્યા છે, એમ રાજકીય નિરીક્ષકોનું કહેવું છે.

## હિન્દુ મરણ

ભાવનાબેન વાઘાણી (ઠક્કર) (ઉં. વ. ૬૭) તે સ્વ. ઉદયભાઇ બિન્દુલાલ વાઘાણી (ઠક્કર)ના ધર્મપત્ની હાલ કાંદિવલી મુંબઇ તા. ૨૬-૪-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે શસાંકના માતુશ્રી. દિપ્તીબેનના સાસુમા. ધ્વીતી, ધ્વીશાના દાદીમા. સ્વ.ચંપકલાલ ત્રિભુવનદાસ અઢિયાના સુપુત્રી. પંકજભાઇ, ઘનશ્યામભાઇ, સ્વ. નરેશભાઇ, નયનભાઇના બહેન. તે પૂનમબેન અરવિંદભાઇ વડેરાના ભાભી. પ્રાર્થનાસભા બન્ને પક્ષની તા. ૨૯-૪-૨૪ના સોમવાર ૫થી ૭. ઠે. કાંદિવલી લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**સિંબર સમવાય ઔદિચ્ય અગયારશી બ્રાહ્મણ**

દિવ નિવાસી હાલ:કલ્યાણ, સ્વ.જટાશંકર રેવાશંકર ભટ્ટ ના મોટા દીકરા વિજયભાઈ (ઉં.વ.૬૩) તે પ્રવિણાબેનના પતિ, શ્વેતાબેન પરેશકુમાર મકવાણા, વૃત્તિ બેન જીતેશકુમાર વિઠ્ઠલાણીના પિતાશ્રી, સ્વ.રાજેશભાઈ, કલ્પનાબેન, નલીનીબેનના ભાઈ તથા મહુવાવાળા સ્વ.દેવશંકર ભાણજીભાઈ જોષીના જમાઈ તા. ૨૬/૪/૨૪ ને શુક્રવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૯/૪/૨૪ ને સોમવારે સાંજે ૪ થી ૬ જલારામ હોલ, લોહાણા મહાજન વાડી, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કલ્યાણ( વેસ્ટ).

**લોહાણા**

મૂળ ગામ મહુવા, હાલ કલ્યાણ નિવાસી સ્વ. ઇન્દિરાબહેન અને સ્વ. ત્રંબકભાઈ વિઠ્ઠલદાસ કારિયાના પુત્ર જીતેશભાઈ ( ઉં.વ.૫૯ ) તે સ્વ. દ્વારકાદાસ ( કાકુભાઈ ), સ્વ. ગોરધનભાઈ, સ્વ. અનિલભાઈ, પ્રમીલાબહેન અરવિંદભાઈ ચંદારાણાના ભત્રીજા. મોનિકાબહેનના પતિ. દક્ષેશભાઈના પિતાશ્રી. જયેશભાઈ, મયુરીબહેન ચેતનભાઇ માખેચાના નાનાભાઈ, સ્વ જગદીશભાઈ ( નાનુભાઈ ) કરસનદાસ તન્ના - થાણાના જમાઈ, શુક્રવાર, તા. ૨૬/૦૪/૨૦૨૪ ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૯/૦૪/૨૦૨૪ ના સાંજે ૪ થી ૬, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, સહજાનંદ ચોક, કલ્યાણ - પશ્ચિમ.

**કપોળ**

ધારીવાળા હાલ કાંદિવલી પ્રાણલાલ ચિતલીયા (ઉં.વ.૮૮) તા. ૨૬/૪/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. નર્મદાબેન છગનલાલ ચિતલીયાના પુત્ર, સ્વ. શારદાબેન ના પતિ, બીના, રાકેશ, યોગિતા (માનસી)ના પિતાશ્રી, યોગેશકુમાર, પારુલ તથા હેમલકુમારના સસરા, સ્વ. લીલીબેન, સ્વ. તાપીબેન, સ્વ. મગનલાલ, સ્વ. પુષ્પાબેનના ભાઈ, સાસરાપક્ષે સમઢીયાળાવાળા સ્વ. હરિલાલ ધનજીભાઈ મહેતાના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ**

કનકભાઈ મૂળશંકર ત્રિવેદી (ઉં.વ.૭૭) તે વરસડા વતની હાલ કાંદિવલી ૨૭/૪/૨૪ ના શનિવારના અવસાન પામેલ છે. તે કાશ્મીરાબેનના પતિ. ચિરાગ, પ્રીતમ તથા સચિનના પિતા. અ.સૌ. સોની, અ.સૌ પીનલ તથા અ.સૌ. રોશીદાના સસરા. સ્વ. રમેશભાઈ, જનાર્દનભાઈ, હરેશભાઇ, બિપીનભાઈ, સ્વ. ભારતીબેન, સ્વ. રંજનબેન તથા શ્રીમતી નયનાબેનના ભાઈ. તેમનું ટેલિફોનિક બેસણું તા. ૨૯/૪/૨૪ સોમવાર રોજ સાંજે ૪ થી ૬.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. અનસુયાબેન મનસુખલાલ ગણાત્રા (ઉં. વ. ૮૩) ૨૬-૪-૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દ્વારકાદાસ પ્રેમજી ગણાત્રા, સ્વ. ધીરજલાલ પ્રેમજી ગણાત્રા, સ્વ. પ્રભુદાસ પ્રેમજી ગણાત્રાના નાનાભાઈના પત્ની અને સ્વ. દુર્લભજી હંસરાજ વિઠલાણીના પુત્રી. પ્રાર્થનાસભા ૨૯-૪-૨૪ના સોમવાર સાંજે ૫થી ૬, પંચનાથ મહાદેવ મંદિર, એસ.વી. રોડ, મલાડ વેસ્ટ.

**પાટણ વિશા દિશાવાળ**

હાલ કાંદિવલી નીલાબેન શાહ (ઉં. વ. ૭૬) તે નવનીતલાલ શાહના પત્ની. તે હીનાબેન, અર્ચના, કાર્તિકા, વૈશાલી, પરાગના માતુશ્રી. તે નિલેશકુમાર, રીકેશકુમાર, કૌસ્તુભકુમાર તથા હેતલના સાસુ. તે સૂર્યાબેન, રસિકલાલની દીકરી. તે હર્ષાબેન, દક્ષાબેન, નરેન્દ્રભાઇની બેન. તે જીવાંશના દાદી. પૂર્વા, આધ્યા, નવ્યા, આહાના, અરિજંય તથા જેનીલના નાની. તા. ૨૭-૪-૨૪ના શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું: તા. ૨૯-૪-૨૪ના સોમવારના ૪થી ૬. ઠે. ૪૦૨, કાંદિવલી ત્રિવેણી કો-ઓ. હાઉસિંગ સોસાયટી, રામ ગલી, બ્યુટી શોપની સામે, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

મુળ ગામ નાગલપર મુંદ્રા (અંજાર) નિવાસી હાલ મુંબઇ સ્વ. તુલસીદાસ કાનજી કારીઆ (ઠક્કર)ના પુત્ર સ્વ. મુકેશ (અનિલ) કારીઆ (ઉં.વ.૬૩) સ્વ. મહેન્દ્રભાઇ, કિશોરભાઇ અને મનોહરભાઇ (બાલા)ના ભાઇ. ગં. સ્વ. શોભનાબેનના પતિ. સૌ. ભાવનાબેન ભાવેશ, ચગસોતા, નયના અમિત સુમારિયાનાં પિતાશ્રી. ભાવેશ, શામજી ચગસોતા હાલ પેણ તથા અમિત ગુલાબચંદ સુમારિયાનાં સસરા. તા. ૨૬-૪-૨૪ના મુલુંડ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કારાઘોઘાના કપીલ જયંતીલાલ મારૂ (ઉ. ૪૬) તા. ૨૪-૪-૨૪ના કચ્છ ભુજ મધ્યે અવસાન પામ્યા છે. નિર્મળાબેન જયંતીલાલ મારૂના પુત્ર. રોશનીના પતિ. ભાવનાના ભાઇ. માતુશ્રી હેમલતા હીરાલાલ વીરાના જમાઇ. પ્રાર્થના સ્થળ : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

લુણીના માતુશ્રી ભાનુબેન તલકશી ગલિયા (ઉ. ૯૧) મંગળવાર તા. ૨૩-૪-૨૪ના અવસાન પામેલ છે. વિશનજી મોનજીના પુત્રવધુ. તલકશીભાઇના ધર્મપત્ની. સરોજ, રસીલા, દીપક, નિશા, ડો. અલ્પા, નીનાના માતાજી. કપાયાના સુંદરબેન વજપાર ગગુ સંગોઇના સુપુત્રી. શામજી, વિનોદ, ભચાઉના દામજી કેશવજી સતરાના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. દીપક ગલિયા. ભાનુ કુંજ, નોર્થ-સાઉથ રોડ નં. ૩, જુહુ સ્કીમ, વિલેપાર્લે.

બિદડા (વીચ્છી ફરીયા)ના માતુશ્રી ધનવંતીબેન વોરા (ઉં.વ. ૮૪) તા. ૨૭-૪-૨૪ના અવસાન પામેલ છે. દેવકાંબેન દેવજીના પુત્રવધુ. અમૃતલાલના ધર્મપત્ની. કુંદન, મનોજ, જયેશ, ચેતનના માતુશ્રી. રાયણના લીલબાઇ કુંવરજી રામજી ભગતના પુત્રી. લક્ષ્મીચંદ, પ્રેમચંદ, હરખચંદ, કાંતી, હીરાકુંવર લીલાધર, કોડાયના રતનબેન તલકશી, નાની ખાખરના કસ્તુરબેન હરસુખ, બિદડાના પુષ્પાબેન શામજી, મંજુલાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચેતન વોરા, ૩/૪૪, જૈન ચાલ, ડો. એસ.એસ.રાવ રોડ, લાલબાગ.

સાડાઉના કિશોર સુરજી ગાલા (ઉ.૬૦) તા. ૨૨-૪-૨૪ ના જર્મનીમાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સ્વ.જવેરબેન સુરજી જીવરાજના પુત્ર. માધુરીના પતિ. પ્રિયંકા, વિશાલના પિતા. સ્વ. જેવંતી સ્વ. તલકશી, નિતા (નમીતા)ના ભાઇ. મુંબઇ સ્વ. આશા પ્રભાકર પારકરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કિશોર ગાલા, સુશીલ બિલ્ડીંગ રૂમ-૪, જાકુ ક્લબ રોડ, સાંતાક્રુઝ (ઇ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી મૂર્તિજાપુરવાલા હાલ યુ એસ એ અભેચંદ જીવન કાલાભાઈ લાઠીયાના પુત્ર વૃજલાલ (ભિમભાઈ )ના ધર્મપત્ની અ.સૌ. સોનલ (પ્રફુલ્લા) (ઉં.વ.૭૭), તા. ૨૩ / ૪/૨૪ના અરિહંત શરણ પામ્યા છે. તે કોટડા નિવાસી હાલ યુ.કે. ભાઇચંદ જસરાજ રુપાણીના સુપુત્રી, રૂપલ,અપુર, રીશાના માતુશ્રી, કલેરેન્સ, નિમિતા, ભાવેશના સાસુ. દેવેન, રાયન, બેલાના દાદી, રીયાના, આનીકાના નાની, તે જયાબેન રમણીકલાલ મેઘાણી, જસવંતીબેન રમણીકલાલ દોશી, શાંતિબેન જયસુખલાલ પીપરીયા, હંસાબેન હસમુખલાલ સંઘવીના ભાભી. માણેકચંદ જસરાજ કાલાભાઈ લાઠીયા પરિવાર, મોહનલાલ જસરાજ કાલાભાઈ લાઠીયા પરિવાર, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા મુર્તિપૂજક જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ નાલાસોપારા સ્વ.દેવચંદ વનરાવન શાહ (નગરશેઠ)ના પુત્ર સ્વ.ત્રંબકલાલના ધર્મપત્ની ગુણવંતીબહેન, (ઉં.વ.૮૮) શનિવારે તા. ૨૭-૪-૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ દિલીપ, મયુર, સ્વ.હિરેન.કલ્પનાબહેન હરીશકુમાર શાહ. વર્ષાબહેન મહેન્દ્રકુમાર શાહના માતુશ્રી. રૂપલ, જાગૃતિ, સોનલના સાસુ. નિમેશ, દિપેન, રૂચિ, કૃતિ દર્પણકુમાર બગડિયા, દિશા જતીનકુમાર શાહના દાદી,. ધવલ, હેમલ, નેહલ, આશિષના નાની. પિયર પક્ષે રામપરા નિવાસી હાલ જોરાવરનગર સ્વ.રતિલાલ કસરચંદ શાહના પુત્રી. સ્વ. સૂર્યકાંતભાઈ.હસમુખભાઈ, હરેશભાઈ, સ્વ.અંજવારીબહેન નંદલાલ મઠિયાના બહેન. પ્રાર્થનાસભા. લૌકિક વયવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાન:એ, વિંગ-૧૨૦૨, ઈમ્પિરિયલ હેરિટેજ ટાવર, યુનિયન બેંકની સામે. લિંક રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

**પ્રભાસ પાટણ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ બોરીવલી-વેસ્ટ, મુંબઈ, સ્વ.રાજેન્દ્ર કાંતીલાલ શાહના ધર્મપત્ની રેખાબેન, (ઉં.વ.૬૪), તા. ૨૭-૪-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હરકીશનદાસ લીલાધર શાહના દીકરી, તે જલ્પેશના માતુશ્રી, તે કાજલના સાસુ. તે જીયાંશના દાદી, મીના યોગેશ શાહ, મનોજ કાંતીલાલ શાહના ભાભી, લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ ઘાટકોપર રજનીકાંત બાબુલાલ દોશી (ઉં. વ. ૭૨) તે તા. ૨૭-૪-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબહેનના પતિ. સેજલબેન અને દેવાંગભાઇના પિતા. તે પ્રતાપભાઇ, ધીરેન્દ્રભાઇ, જયશ્રીબેન નવીનચંદ્ર શાહ, રસીલાબેન દોશી અને સ્વ. ધનલક્ષ્મીબેન મનસુખલાલ પારેખના ભાઇ. તે જસપરા નિવાસી સ્વ. હરગોવિંદદાસ જેરાજ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

### મુંબઈ ત્રણ દાયકા

રહેલી હરિયાળી અને બિલ્ડિંગના બાંધકામ દરમિયાન નિયમોમાં કરવામાં આવતી બાંધછોડ પણ સતત વધી રહેલી ગરમીનું મુખ્ય કારણ છે.

પ્રાદેશિક હવામાન ખાતાના વરિષ્ઠ અધિકારીએ મુંબઈમાં સતત કેમ હીટવેવ અને ગરમી વધતી જઈ રહી છે એવા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે કોંક્રીટીકરણ એ સતત વધી રહેલા તાપમાનનું મુખ્ય કારણ છે. તેમણે જણાવ્યું હતું કે શહેરમાં ગગનચૂંબી ઈમારતો ઊભી થઈ રહી છે, જેને કારણે પણ હીટવેવ અનુભવાય છે. ઉદાહરણ આપીને સમજાવવાનું થાય તો મુંબઈમાં બપોરનું તાપમાન એક વાગ્યે ૪૭ ડિગ્રી સેલ્સિયન સુધી પહોંચે છે તો ગરમીને કારણે કોંક્રીટીકરણને કારણે અને સંરચનામાં લાંબા સમય સુધી ટકી રહી છે અને તે તમને એક કલાક માટે નહીં પણ લાંબા સમય સુધી અનુભવાય છે.

પર્યાવરણવાદીએ જણાવ્યું હતું બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન વખતે ખુલ્લી જગ્યા છોડવાનું ફરજિયાત છે પણ હકીકતમાં આ નિયમનું પાલન ખૂબ જ ઓછું કરવામાં આવે છે. આ સાથે સાથે જ મુંબઈમાં વિવિધ વિકાસ કામો માટે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે. વાસ્તવિકતામાં નિયમ તો એવો છે કે જેટલા વૃક્ષો કાપવામાં આવે છે એટલા જ વૃક્ષો પાછા લગાવવા પણ પડે છે, પરંતુ આ નિયમનું પાલન પણ નથી કરવામાં આવતું. રસ્તાની બને બાજુ ૧૦થી ૨૦ મીટરના અંતરે વૃક્ષો હોવા જોઈએ પણ મુંબઈમાં કોંક્રીટીકરણ કરીને જે વૃક્ષો બચ્યા છે એનું પણ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે.

ઘટી રહ્યું છે ભૂગર્ભનું જળસ્તર

જમીનની નીચે રહેલું પાણી પણ જમીનને ઠંડી રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ આજકાલ અંડરગ્રાઉન્ડ કન્સ્ટ્રક્શન થઈ રહ્યા છે અને એને કારણે ભૂગર્ભમાં રહેલાં જળસ્તરમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ભૂગર્ભમાં જળ જ નહીં હોય તો કુદરતી રીતે જમીન જ કઈ રીતે ઠંડી પડશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# આકરો એપ્રિલ
# મુંબઈગરાઓ ગરમીથી ત્રાહિમામ્

## થાણે ૪૨.૬ ડિગ્રી, નવી મુંબઈ ૪૧ ડિગ્રી, માથેરાન ૩૯ ડિગ્રી




**ખરા બપોરે ખાલીખમ:** સામાન્ય રીતે રવિવારે મુંબઈના મરીન ડ્રાઈવ પર યુવાઓ, પ્રેમી પંખીડાઓ અને બાળકો અને જીવનસાથી સાથે ફરવા આવનારા દંપતિઓનો મેળાવડો જામેલો હોય છે. જોકે, સૂર્યદેવ કોપાયમાન થયા હોય તેવી આગઝરતી ગરમી મુંબઈમાં વરસી રહી હોવાથી મરીન ડ્રાઈવ પર આ રવિવારે પંખી પણ ફરકતું દેખાતું નહોતું. બીજી બાજુ જે લોકોએ ઘરની બહાર નીકળવાની ફરજ પડી તે પણ તાપથી બચવા છત્રી લઈને કે પછી માથા અને મોંઢા ઢાંકીને ફરતા દેખાયા હતા. (અમય ખરાડે)

મુંબઈ: હવામાન ખાતા દ્વારા રવિવાર અને સોમવાર એમ બે દિવસ માટે હીટવેવની આગાહી કરવામાં આવી છે અને રવિવારે મુંબઈ, નવી મુંબઈ અને થાણે સહિત અનેક વિસ્તારોમાં તાપમાનનો આંકડો ૪૧ ડિગ્રી સેલ્સિયશને પાર નીકળી ગયો હતો. આ સિવાય મુંબઈની નજીક આવેલા હિલ સ્ટેશનો પર પણ પારો ઊંચો નોંધાયો હતો. રવિવારે થાણેમાં બપોરનું મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી નોંધાયું હતું જ્યારે સવારનું લઘુતમ તાપમાન ૨૯.૮ ડિગ્રી રહ્યું હતું. મુંબઈના મીરા રોડ ખાતે બપોરના સમયે તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું અને નવી મુંબઈમાં તાપમાને ૪૧ ડિગ્રી સેલ્સિયસનો આંકડો પાર કરી દીધો હતો. જ્યારે મુંબઈની વાત કરીએ તો મુંબઈમાં પણ તાપમાન ૩૬થી ૩૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે જોવા (જુઓ પાનું ૪) ▶▶

### મુંબઈ ત્રણ દાયકાથી ત્રસ્ત છે અર્બન હીટથી, કારણ માત્ર કોંક્રીટીકરણ

મુંબઈ: રાજ્ય સહિત મુંબઈ અને થાણેમાં હવામાન ખાતા દ્વારા હીટવેવની આગાહી કરવામાં આવી છે પણ શું આ હીટવેવ બે જ દિવસ પૂરતી મર્યાદિત નથી. અર્બન હીટની સમસ્યા મુંબઈને છેલ્લા કેટલાય દાયકાઓથી સતાવી રહી છે.

છેલ્લાં ત્રણ દાયકાથી શહેરના તાપમાનમાં થયેલો વધારો અને કોંક્રીટીકરણમાં થયેલા વધારાને કારણે પહેલાં કરતાં લાંબા સમય સુધી ગરમી અટકી પડે છે અને એટલે ગરમી પડવાનું પ્રમાણ પણ વધી રહ્યું છે એવી માહિતી હવામાન ખાતાના અધિકારી દ્વારા આપવામાં આવી છે. આ સિવાય પર્યાવરણ તજજ્ઞ દ્વારા આ પાછળનું સૌથી મોટું કારણ એટલે શહેરમાં ઘટી (જુઓ પાનું ૪) ▶▶

## આ તો કૉંગ્રેસનો મેનિફેસ્ટો છે: એકનાથ શિંદે

# શિવસેના (યુબીટી)ના ચૂંટણીઢંઢેરામાં સ્વ. બાળ ઠાકરેને સ્થાન નહીં!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી) દ્વારા લોકસભાની ચૂંટણી માટે જે ચૂંટણીઢંઢેરો (વચનનામું) જાહેર કરવામાં આવ્યું છે તે હવે વિવાદનું કેન્દ્ર બન્યું છે. શિવસેના (યુબીટી)ના ચૂંટણીઢંઢેરામાં પાર્ટીના સ્થાપક અને અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પિતા સ્વ. બાળ ઠાકરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ મુદ્દે હવે શિવસેનાના મુખ્ય નેતા એકનાથ શિંદેએ ટીકા કરતાં કહ્યું હતું કે આ મેનિફેસ્ટો શિવસેના (યુબીટી)નો નહીં કૉંગ્રેસનો મેનિફેસ્ટો હોય એવું લાગી રહ્યું છે. ઉદ્ધવ ઠાકરેની સેના દ્વારા જે વચનનામું બહાર પાડવામાં આવ્યું છે તે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની પરવાનગીથી બહાર પાડવામાં આવેલો ચૂંટણીઢંઢેરો છે, જેમાં પાર્ટીના સંસ્થાપક દિવંગત બાળ ઠાકરેના (જુઓ પાનું ૪) ▶▶

# વહુએ સાસરિયે જ રહેવું જોઇએ: શરદ પવાર જૂથના ઉમેદવારનો બફાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંનેના ઉમેદવાર દ્વારા પ્રચારસભાઓ ગજાવવામાં આવી રહી છે, જેમાં એકબીજા પર જોરદાર પ્રહાર કરવામાં આવી રહ્યા છે. જોકે, જુસ્સામાં આવીને અનેક ઉમેદવારો વિવાદાસ્પદ નિવેદનો પણ આપી દેતા હોય છે. આવું જ એક નિવેદન શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ)ના એક ઉમેદવારે પ્રચાર સભા દરમિયાન આપ્યું હતું.

બીડના શરદ પવાર જૂથના ઉમેદવાર બજરંગ સોનવણેએ જાહેરમાં અજિત પવાર જૂથના બારામતીના ઉમેદવાર તેમ જ અજિત પવારના પત્ની સુનેત્રા પવારની ટીકા કરતા કહ્યું હતું કે વહુ પોતાના સાસરે જ રહેવી જોઇએ. સોનવણેના આ નિવેદન પર ભાજપ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

ભાજપે આ પ્રકારના નિવેદનો આપીને મહિલાઓનું અપમાન કરવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. ભાજપના પ્રદેશ પ્રવક્તા રામ કુલકર્ણીએ ટીકા કરતા કહ્યું હતું કે પુરોગામી(મોડર્ન) વિચાર ધરાવતા હોવાનો ઢંઢેરો પીટનારા બહેનો અને માતાઓનું આ રીતે અપમાન કરે છે. તેમણે આવા નિવેદન બદલ માફી માગવી જોઇએ.

આ પહેલા શરદ પવારે પણ અજિત પવારના પત્ની સુનેત્રા પવારને ઘરની વહુ બહારની થઇ ગઇ, એવું નિવેદન આપતા હોબાળો મચ્યો હતો. બારામતી ખાતે અજિત પવારના પત્ની સુનેત્રા પવાર અને શરદ પવારના પુત્રી સુપ્રિયા સૂળે એકબીજાની વિરુદ્ધ ચૂંટણીમાં ઉતર્યા છે. એક જ કુટુંબની બે મહિલાઓ આમને સામને હોવાથી બધાની નજર આ બેઠક પર કોણ જીતે છે તેના પર છે અને આ પ્રતિષ્ઠાનો જંગ તરીકે જોવામાં આવી રહ્યો હોવાથી એકબીજા પર તીખા પ્રહાર પણ કરવામાં આવી રહ્યા છે. ■




**બ્લોકની બબાલ:** રવિવારે રેલવે પ્રશાસન દ્વારા ઓવરહેડ વાયર સહિતના ઉપકરણો અને ટ્રેકના સમારકામ અને જાળવણી માટે બ્લોક રાખવામાં આવતો હોય છે અને આ રવિવારે પણ મધ્ય રેલવેમાં બ્લોક રખાયો હતો. જેને પગલે પ્રવાસીઓને ખૂબ હાલાકી ભોગવવી પડી હતી. (અમય ખરાડે)

# ગુજરાતીઓ શા માટે રાજકારણીઓ માટે સોફ્ટ ટાર્ગેટ?

## ચૂંટણી ટાણે પણ ગુજરાત અને ગુજરાતીઓ વિરુદ્ધ નકારાત્મક નિવેદનોનો દોર શરૂ જ

*યશ રાવલ*

મુંબઈ: લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાનો પ્રચાર વધુ અને વધુ ઉગ્ર બનતો જાય છે અને શરદ પવાર જૂથની એનસીપીના બીડના ઉમેદવાર દ્વારા વહુએ સાસરે જ રહેવું જોઇએ તેવું મહિલાઓનું અપમાન કરતું નિવેદન કરવામાં આવ્યું ત્યાર બાદ તેમના વધુ એક ઉમેદવાર દ્વારા પ્રાંતવાદનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. જાણીતા મરાઠી અભિનેતા તેમ જ શિરુર લોકસભા બેઠકના શરદ પવાર જૂથના ઉમેદવાર અમોલ કોલ્હેએ પોતાના પ્રચાર દરમિયાન ગુજરાતનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તેમણે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર નિશાન સાધતા કહ્યું હતું કે તમે મહારાષ્ટ્રની ભાખરી ખાઇને ગુજરાતની ચાકરી શા માટે કરો છો? ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ગુજરાતી હોવાના કારણે અવાર નવાર ગુજરાતીઓ અને ગુજરાતને રાજકીય આક્ષેપ બાજીમાં સંડોવીને નકારાત્મક પ્રચાર કરતો આવતો હોવાનું જોવા (જુઓ પાનું ૪) ▶▶

# બાળકો વેચવાના રૅકેટનો પર્દાફાશ: ડૉક્ટર સહિત સાતની ધરપકડ

## ૧૪ બાળક વેચ્યાનો ખુલાસો: તાબામાં લેવાયેલા વધુ ત્રણ એજન્ટની પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ-થાણેનાં બાળકો તેલંગણા અને આંધ્ર પ્રદેશમાં કથિત રીતે ગેરકાયદે વેચવાના રૅકેટનો પર્દાફાશ કરી ક્રાઈમ બ્રાન્ચે દીવામાં આવેલી હૉસ્પિટલના ડૉક્ટર સહિત સાત જણની ધરપકડ કરી હતી. આ કેસમાં વધુ ત્રણ એજન્ટને તાબામાં લીધા હોવાથી આ ટોળકીએ અત્યાર સુધીમાં ૧૪ બાળક વેચ્યાં હોવાનો ખુલાસો તપાસમાં થયો હતો. જોકે પોલીસને બે બાળક છોડાવવામાં સફળતા મળી હોવાથી અન્ય બાળકોની શોધ ચલાવાઈ રહી છે.

મહિલા ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (એન્ફોર્સમેન્ટ) રાગાસુધા આર.એ જણાવ્યું હતું કે પ્રાથમિક (જુઓ પાનું ૪) ▶▶

### બાળકોની સૌથી વધુ માગણી તેલંગણામાં!

મુંબઈ: બાળકો ગેરકાયદે વેચવાના રૅકેટની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે મુંબઈ-થાણેનાં બાળકો તેલંગણા અને આંધ્ર પ્રદેશ રાજ્યમાં વેચવામાં આવતાં હતાં. આમાંથી સૌથી વધુ માગણી તેલંગણાથી આવતી હતી. આ ટોળકીએ ૧૪ બાળક વેચ્યાંની કબૂલાત કરી છે, જેમાં છોકરીઓ માત્ર ત્રણ છે. આમાંથી મોટા ભાગનાં બાળકો તેલંગણાના હૈદરાબાદમાં વેચવામાં આવ્યાં હોવાનું કહેવાય છે. વ્હૉટ્સઍપ ગ્રૂપના માધ્યમથી રૅકેટર સાથે સંકળાયેલા લોકો સંપર્કમાં રહેતા હતા. બાળક અથવા બાળકીની માગણીનો મેસેજ ગ્રૂપમાં (જુઓ પાનું ૪) ▶▶

### એગ ડૉનર મહિલાઓ બની એજન્ટ!

મુંબઈ: નિ:સંતાન મહિલાને મદદરૂપ થવા માટે એગ ડૉનર તરીકે ફર્ટિલિટી સેન્ટર સાથે સંકળાયેલી મહિલાઓ જ માસૂમ બાળકોને વેચવાના રૅકેટમાં એજન્ટ તરીકે કામ કરતી હોવાનો ચોંકાવનારો ખુલાસો પોલીસ તપાસમાં થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ મહિલાઓ ફર્ટિલિટી સેન્ટર સાથે સંકળાયેલી હોવાથી કયું દંપતી બાળકની શોધમાં છે તેની માહિતી સરળતાથી મેળવી શકતી હતી. ધરપકડ કરાયેલી સ્નેહા સૂર્યવંશી તેલંગણાના, જ્યારે અન્ય મહિલાઓ થાણેનાં બે ફર્ટિલિટી સેન્ટર સાથે જોડાયેલી છે. ■

# મતદાન કરવા કંપનીએ રજા નથી?

## તો કંપની સામે ફરિયાદ કરી શકાય છે

મુંબઈ: દેશભરમાં અત્યારે લોકસભાની ચૂંટણીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે દેશ સહિત રાજ્યમાં ગરમાગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે. કુલ સાત તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવવાની હોઈ પહેલાં અને બીજા તબક્કાનું મતદાન થઈ ગયું છે અને મુંબઈમાં ૨૦મી મેના મતદાન થવાનું છે. મતદાન કરવા માટે જો તમારી કંપની તમને રજા ન આપે તો ફરિયાદ કરી શકાય છે અને આ અંગે કાયદો પણ છે.

નિયમ અનુસાર કોઈ પણ નાગરિકને મતદાનનો અધિકાર બજાવતા રોકી શકાય નહીં અને લોકપ્રતિનિધિ કાયદા ૧૯૫૧ (આરપી) અનુસાર મતદાન થઈ રહ્યું એ રાજ્ય કે શહેરમાં આવેલી તમામ કંપનીએ મતદાનના દિવસે રજા જાહેર કરવી આવશ્યક હોય છે. આ કાયદા અનુસાર મતદાનના દિવસે બધા કર્મચારીઓને ભરપગારે રજા આપવી પડે છે. ઘણા મતદારની બાબતમાં એવું બને છે કે મતદાન કરવા તેમણે પોતાના ગામ જવું પડે છે અને ત્યાર બાદ મતદાન કરીને ફરી તેઓ પોતાની નોકરી પર હાજર થાય છે આવા કેસમાં એક કરતાં વધુ રજાની જરૂર પડે છે એટલે જ કંપનીએ મતદાનના દિવસે રજા જાહેર કરવી પડે છે. જો કોઈ કંપની આવું નથી કરતી તો તેના પર કાયદેસર કાર્યવાહી થઈ શકે છે. મતદાનના દિવસે જો કંપની દ્વારા ભરપગારે રજા ના આપવામાં આવે તો કંપનીના કર્મચારીઓ ભારતીય ચૂંટણી પંચ (ઇસીઆઇ)એ નિયુક્ત કરેલા અધિકારીનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી શકે છે. ■

# મતદાન કેન્દ્ર પર હશે 'આપલા દવાખાના'

મુંબઈ: મુંબઈમાં મતદાન સમયે મતદાન કેન્દ્રો પર આવનારા નાગરિકોને લૂ લાગવાથી તેમજ બીજી કોઈ પ્રકારની તકલીફ - સમસ્યા ન થાય એ માટે આરોગ્ય કર્મચારીઓની નિમણૂક કરવામાં આવશે. એની સાથે મુંબઈમાં શરૂ કરવામાં આવેલા હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે 'આપલા દવાખાના' સુધ્ધાં મતદાન કેન્દ્રો સાથે જોડવામાં આવશે. આમ મતદાન કેન્દ્રો પર નાગરિકોને આરોગ્ય સુવિધા મળી રહેશે. રાજ્યના અન્ય જિલ્લાઓમાં થઈ રહેલા શરૂઆતના તબક્કાના મતદાન વખતે પડી રહેલી તીવ્ર ગરમીની અસર દેખાઈ રહી છે. મુંબઈમાં ૨૦મેના દિવસે મતદાન થવાનું છે. મુંબઈમાં ૯ હજાર ૮૬૨ મતદાન કેન્દ્ર છે. એમાંથી તળ મુંબઈમાં ૨ હજાર ૫૦૯ જ્યારે ઉપનગરમાં ૭ હજાર ૩૫૩ કેન્દ્ર છે. ■

# ભૂતપૂર્વ પોલીસ કમિશનર સંજય પાંડે મુંબઈમાંથી અપક્ષ તરીકે ચૂંટણી લડશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ડીજીપી (ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ) સંજય પાંડે મુંબઈની ઉત્તર-મધ્ય મુંબઈ સંસદીય બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડે તેવી શક્યતા છે.

ઉદ્ધવ ઠાકરેના નજીકના ગણાતા પાંડેની નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ફોન-ટેપિંગ કેસના સંબંધમાં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા જૂન ૨૦૨૨માં (જુઓ પાનું ૪) ▶▶

## મહાદેવ બેટિંગ ઍપ કેસ

# અભિનેતા સાહિલ ખાનની છત્તીસગઢની હૉટેલમાંથી ધરપકડ

## આગોતરા જામીન ન મળતાં સાહિલ ખાન વિવિધ રાજ્યોમાં નાસતો ફરતો હતો અને પોલીસ તેનો પીછો કરી રહી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઑનલાઈન મહાદેવ બેટિંગ ઍપ્લિકેશનને પ્રમોટ કરવાના કેસમાં ફિલ્મ અભિનેતા સાહિલ ખાનને આખરે છત્તીસગઢની એક હોટેલમાંથી પકડી પાડવામાં આવ્યો હતો.

બૉમ્બે હાઈ કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી દેતાં સાહિલ ખાન વિવિધ રાજ્યોમાં સંતાતો ફરતો હતો, પરંતુ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ના અધિકારીઓ પીછો કરી તેની ધરપકડ કરી હતી. સાયબર સેલની (જુઓ પાનું ૪) ▶▶

# કાંદા નિકાસની સરકારી મંજૂરી છેતરામણી હોવાનો ખેડૂતોનો આક્ષેપ

મુંબઈ: કાંદાની નિકાસ પર મૂકવામાં આવેલો પ્રતિબંધ ઉઠાવી ગુજરાતના સફેદ કાંદાની નિકાસને મંજૂરી આપતા કેન્દ્ર સરકારના નિર્ણય સામે મહારાષ્ટ્રના ખેડૂતોએ તેમજ વિરોધ પક્ષોએ અવાજ ઉઠાવ્યો છે. છ દેશમાં ૯૯,૧૫૦ મેટ્રિક ટન કાંદાની નિકાસને મંજૂરી આપતા કેન્દ્ર સરકારની એજન્સીના નિવેદનને ભારતીય જનતા પક્ષના નેતાઓએ ટાંક્યું હતું. જોકે, આ નિવેદનને ડુંગળી ખેડૂત સંઘે છેતરામણું હોવાનું જણાવી કેન્દ્ર સરકારે ખેડૂતોના લાભમાં નથી એવા જૂના નિર્ણયને નવા સ્વરૂપે રજૂ કર્યો હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

શાસક ભાજપ સરકારે કાંદાના રોકડીયા પાકને ચૂંટણી દરમિયાનની જાહેરાતથી દૂર રાખ્યો છે, કારણ કે બાકીના ત્રણ તબક્કાની મહારાષ્ટ્રની ચૂંટણી (ઉત્તર અને પશ્ચિમ મહારાષ્ટ્ર તેમજ મરાઠવાડા) પહેલા ખેડૂતોમાં અસંતોષ પેદા થવાનો ભય રહેલો છે. જોકે, ગુજરાતથી ૨૦૦૦ ટન સફેદ કાંદાની નિકાસની પરવાનગી કેન્દ્ર સરકારે આપતા વિવાદ ઊભો થયો છે. નિકાસ પરના પ્રતિબંધને કારણે નુકસાની ભોગવી રહેલા નાશિક અને લાસલગાંવ સહિત કેટલાક જિલ્લાના ખેડૂતોએ તેમની સાથે અન્યાય કર્યો હોવાનું કહ્યું હતું. ખેડૂતોના નેતા રાજુ શેટ્ટીએ બેવડા ધોરણો બદલ ભાજપ અને શાસક જોડાણની આકરી ટીકા કરી હતી. શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે આ નિર્ણય મહારાષ્ટ્ર વિરોધી હોવાનું જણાવ્યું હતું. ■

### કોન્ટ્રેક્ટ પરના કર્મચારીઓને કાયમી કરવાનો મામલો

# સુપ્રીમ કોર્ટના આદેશ પછી પાલિકા વહીવટી તંત્ર દોડતું થયું

મુંબઈ: કોન્ટ્રેક્ટ કર્મચારી તરીકે સળંગ ૨૪૦ દિવસ કામ પર હાજર રહ્યા હોય એ કર્મચારીઓને કાયમી (પર્મેનન્ટ) કરવા બંધનકારક કરવાના સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરવાની શરૂઆત મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. જે કર્મચારીઓનો સંપર્ક નથી થઈ શક્યો એ કર્મચારીઓ તેમજ મૃત્યુ પામેલા કર્મચારીઓના સગા સંબંધીઓને પાલિકા દ્વારા જાહેરખબર પ્રસિદ્ધ કરી જણાવી દેવામાં આવ્યું છે. સેવા નિવૃત્ત (રિટાયર્ડ) કર્મચારીઓને લેણી રકમ ચૂકવવા માટે પાલિકાએ ત્રણ દિવસની વિશેષ શિબિરનું આયોજન કર્યું છે. કોન્ટ્રેક્ટ કર્મચારી તરીકે સળંગ ૨૪૦ દિવસ કામ પર હાજર રહ્યા હોય એ પછી કાયદા અનુસાર તેમને કાયમી કરવા બંધનકર્તા છે. આવા ૨,૭૦૦ કર્મચારીઓને કાયમી કરવાની માગણી સાથે કચરા વાહતુક શ્રમિક સંઘે ૨૦૦૭થી કાયદાકીય લડત શરૂ કરી હતી. ■

# વડા પ્રધાનની લાતુરમાં સભા: ડ્રોન પર પ્રતિબંધ

લાતુર: ૩૦ એપ્રિલની મધરાત સુધી મહારાષ્ટ્રના લાતુરમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમજ કેટલાક માર્ગ પર ટ્રાફિકનું નિયમન કરવાનો નિર્ણય લેવાયો હોવાની જાણકારી લાતુર વ્યવસ્થા તંત્રના અધિકારીએ રવિવારે આપી હતી. ૩૦ એપ્રિલે લાતુરના બિરલે ફાર્મમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકસભા ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે એ નિમિત્તે આ પ્રતિબંધ મુકવામાં આવ્યો હોવાની જાણકારી ભારતીય જનતા પાર્ટીના લાતુર જિલ્લાના ઇન્ચાર્જ કિરણ પાટીલે પીટીઆઈને આપી હતી. માહિતી આપતા જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે '૩૦ એપ્રિલની મધરાતથી પહેલી મેના મળસ્કે સુધી ડ્રોન પર પ્રતિબંધની ઘોષણા કલેક્ટર વર્ષા ઠાકુર - ઘૂગેએ આપી હતી. આ ઉપરાંત ૩૦ એપ્રિલે બપોરના ૧૨થી સાંજના પાંચ દરમિયાન શહેરના કેટલાક માર્ગ પર ટ્રાફિક નિયમનની જાહેરાત પણ તેમણે કરી છે.' વડા પ્રધાનની સભા બપોરે સાડા બારે શરૂ થશે અને એમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાજર રહેશે. (પીટીઆઈ) ■

# એપીએમસી એફએસઆઈ કૌભાંડ: ગુનો દાખલ

નવી મુંબઈ: શૌચાલય કૌભાંડ મામલો હજુ તાજો છે ત્યાં એપીએમસીમાં એફએસઆઈ કૌભાંડનું નવું પ્રકરણ બહાર આવ્યું છે. ૨૦૦૮થી ૨૦૧૩ દરમિયાન સભાપતિ સંચાલક અને એપીએમસીના સચિવે આપસી મસલત કરી કૌભાંડ આચર્યું હોવાનો આરોપ મૂકી ૨૩ સંચાલક સભાપતિ અને એક સચિવ સામે સરકારની ફસામણી, વિશ્વાસઘાત, સરકારી વ્યક્તિ હોવા છતાં સરકાર સાથે છેતરપિંડી વગેરે ગંભીર ગુના દાખલ કરવામાં આવ્યા છે. સાતારાના વિદ્યમાન ઉમેદવાર (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - શરદ પવાર જૂથ) શશિકાંત શિંદે અને શૌચાલય કૌભાંડ મામલે તાજેતરમાં ધરપકડ કરવામાં આવેલા ફળ બજાર સમિતિના માજી સંચાલક સંજય પાનસરેનો જેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

| A | B |
|---|---|
| ચૈતન્ય મહાપ્રભુ | કેરળ |
| ચિન્મયાનંદ સ્વામી | ગુજરાત |
| દયાનંદ સરસ્વતી | મહારાષ્ટ્ર |
| સંત જ્ઞાનેશ્વર | બંગાળ |
| બજરંગદાસ બાપા | તામિલનાડુ |

## ઓળખાણ પડી?



૩૩ ખડકની હિન્દુ અને જૈન શિલ્પ તેમ જ ભીંતચિત્રો ધરાવતી ઓડિશાના ભુવનેશ્વરમાં આવેલી આશરે ૨૦૦૦ વર્ષ જૂની પ્રાચીન ગુફાની ઓળખાણ પડી?

અ) ઉદયગિરિ ગુફા બ) અમરનાથ ગુફા ક) ઉન્ડાવલ્લી ગુફા ડ) કાર્લા ગુફા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ વા | ૩ ર | ૪ ન | વા | ૫ ર | | ૬ કો | ૭ ક | ૮ મ |
| ૯ ગ | તા | ગ | મ | | ૯-અ ઝ | પા | ટા | બં | ધ |
| ૧૦ ન | ય | | ક | | ળ | | | ૧૧ ધ | રા |
| ૧૨ પિ | ન | | ૧૩ હ | દ | પા | ૧૩-અ ર | | | ત |
| છો | | ૧૪ ભ | લા | | ૧૫ ટ | ક | ૧૬ ટ | ૧૭ ક | |
| ૧૮ ડી | ૧૯ લ | | લ | | | ૨૦ ઝ | પ | તા | ૨૧ લ |
| | ૨૨ ગ | ત | | ૨૩ ર | ૨૪ સિ | ક | | ૨૫ ર | જા |
| ૨૬ પા | ન | | ૨૭ પ્ર | | ર | | ૨૮ પ્ર | | મ |
| | ગા | | ૨૯ મા | ત | | ૩૦ રિ | સા | ૩૧ મ | ણી |
| ૩૨ પ | ળો | જ | ણ | | ૩૩ મિ | ષ્ટ | ર | સ | |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | | | ૫ | | | | | ૬ |
| ૭ | ૮ | | | ૯ | | | ૧૦ | ૧૧ | |
| ૧૨ | | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | |
| | ૧૬ | | | | | | | ૧૭ | |
| ૧૮ | | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | |
| | | ૨૨ | | | | | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | | | ૨૭ | | | | ૨૮ | |
| | | ૨૯ | | | | | ૩૦ | | |
| ૩૧ | | | | ૩૨ | | | | | |

### આડી ચાવી

૧. વાતચીત (૪)
૩. પ્રશ્નોતરી (૪)
૫. પાર્વતી (૨)
૭. વધારાનો માલ દરિયામાં ફેંકવો તે (૩)
૯. દિવસ (૨)
૧૦. એક છંદ (૨)
૧૨. ધૂળ (૨)
૧૩. બેબીનો ભાઇ તે (૨)
૧૫. વચન, બોલવું તે (૨)
૧૬. લાલસા, કામના (૨)
૧૭. ક્રિકેટરો દોડીને લઇ લે (૨)
૧૮. મહાભારતના રચયિતા (૨)
૧૯. રામચરિત (૩)
૨૨. મોટું તાંબાનું વાસણ (૨)
૨૩. લઇને નાસી જનારું (૩)
૨૬. નહાવું તે (૩)
૨૭. રસોડાનો કપડાનો ડૂચો (૩)
૨૮. દોરડાં ગુંથાતાં રાસ રમાય (૨)
૨૯. અગ્નિની ઝાળ, લ્હાય (૩)
૩૧. વ્યાખ્યાન (૩)
૩૨. શિક્ષણ, બોધ, શિખામણ (૪)

### ઊભી ચાવી

૧. ફરીફરીને વારેઘડીએ (૪)
૨. મનની વૃત્તિ કે ભાવ, દયા (૩)
૩. આદર સત્કાર, ગૌરવ (૩)
૪. છનો સમૂહ, છક્કું (૩)
૫. પ્રવચન, યાદ આવવું તે (૫)
૬. વ્યાખ્યાન, પ્રબોધન (૪)
૮. સભા, મંડળી (૪)
૧૧. ઘડિયાળવાળો ઊંચો મિનાર (૩)
૧૪. પરિસ્થિતિ, હમણાં (૨)
૧૮. ભાષણ, કોઇ વિષયનું પ્રતિપાદન (૩)
૧૯. મારવાડ એક રાગ (૨)
૨૦. સો વત્તા પચીસ (૩)
૨૧. હશે, છો, સારું (૨)
૨૨. ગુસપુસ, કચવાટ (૪)
૨૪. --- ભૂત આયા (૨)
૨૫. ખાનગી વાત (૪)
૨૭. પ્રવાસીઓનો પ્રિય વિદેશી ટાપુ (૩)
૩૦. કાબૂ, તાબે, શરણે (૨)

## ગુજરાત મોરી મોરી રે

પ્રસિદ્ધ આરતીમાં ખૂટતો શબ્દ ઉમેરી પંક્તિ પૂર્ણ કરો.

'સોને કી છડી, રૂપે કી મશાલ, જરિયન કા ----- ----- મોતીયન કી માલા.

અ) જોગી બ) જામા ક) મોતી ડ) સાફા

## માતૃભાષાની મહેક

કંકગોધુમન્યાય શબ્દ જાણવા અને સમજવા જેવો છે. મોટાની સોબતથી નાનાની પણ કિંમત વધે એવો દાખલો. કાંકરાવાળા ઘઉં વેચતાં ઘઉં ભેગા કાંકરા ઘઉંની કિંમતમાં જાય પણ જ્યારે ઘઉંમાંથી તે વીણી નાખવામાં આવે ત્યારે તેની કંઈ પણ કિંમત ઊપજતી નથી, તેમ પ્રભુના ભક્તોની મહત્તા પ્રભુને લીધે જ છે. આવું જ્યાં કહેવું હોય ત્યાં આ ન્યાય વપરાય છે

## ઈર્શાદ

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં,
સીતા રામ તણાં સત્સંગમાં, રાધેશ્યામ તણાં તું રંગમાં.

-- ભક્તિ ગીત

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'આખી વાત સાંભળીને મને બહુ ગ્લાનિ થઈ' વાક્યમાં ગ્લાનિ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ગલીપચી બ) ગુસ્સો ક) દિલગીરી ડ) સાંત્વન

## માઈન્ડ ગેમ

જૈન ધર્મમાં શ્રી આદિનાથજીથી શરૂ કરી શ્રી મહાવીર સ્વામી સુધી કુલ ૨૪ તીર્થંકર થઈ ગયા. એમાંથી એકમાત્ર સ્ત્રી તીર્થંકર કોણ હતા એનું નામ જણાવો.

અ) શ્રી કુન્થુનાથજી બ) શ્રી સુમતિનાથજી ક) શ્રી શીતલનાથજી ડ) શ્રી મલ્લિનાથજી

## સુડોકુ-૫૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | ૮ | | ૯ | | ૨ | ૪ |
| ૯ | | | ૩ | | ૧ | | | ૫ |
| | ૮ | | | | | | ૧ | |
| | | ૯ | | | | ૮ | | |
| ૬ | | | ૫ | | ૭ | | | ૩ |
| | | ૩ | | | | ૫ | | |
| | ૯ | | | | | | ૩ | |
| ૭ | | | ૯ | | ૨ | | | ૮ |
| ૨ | ૧ | | ૭ | | ૩ | | ૪ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૯ | ૭ | ૫ | ૬ | ૮ | ૪ | ૨ |
| ૪ | ૮ | ૬ | ૩ | ૧ | ૨ | ૯ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૬ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૭ |
| ૧ | ૪ | ૫ | ૨ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ |
| ૭ | ૨ | ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ |
| ૯ | ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૭ | ૫ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૯ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ |

## ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| ચંડી દેવી મંદિર | હરિદ્વાર |
| બહુચરાજી મંદિર | મહેસાણા |
| ચોસઠ યોગિની મંદિર | ખજુરાહો |
| મનસા દેવી મંદિર | પંચકુલા |
| ત્ર્યંબુલી મંદિર | કોલ્હાપુર |

**ગુજરાત મોરી મોરી રે**
વિશ્વાસ

**ઓળખાણ પડી?**
ઉત્તર પ્રદેશ

**માઈન્ડ ગેમ**
નાશિક

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
અનુમાન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ (૫૦) શિલ્પા શેઠ (૫૧) ગિરીશ શેઠ (૫૨) જગદીશ વલ્લભજી ઠક્કર

## જીવનનું અમૃત (સાતમા પાનાનું ચાલુ)

કિષ્કિંધા વાનરોની અને વાનરોના અધિપતિ (વાનરયુથમુખ્યં) હનુમાનજીની ભૂમિ છે. હનુમાનજી વાયુપુત્ર છે. હનુમાનજી પ્રાણના અધિપતિ દેવ છે. પ્રાણ જીવનશક્તિ છે. અને હનુમાનજી પ્રાણશક્તિનું સ્વરૂપ છે.

મણિપુરચક્ર નાભિસ્થાનમાં છે. નાભિસ્થાન અને તેથી મણિપુરચક્ર મુખ્ય પ્રાણ, પંચ પ્રાણ અને પ્રાણના પ્રવાહોનું કેન્દ્ર છે. આધિભૌતિક દૃષ્ટિથી હનુમાનજી, સુગ્રીવ,અગંદ અને વાનરો કિષ્કિંધામાં વસે છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તેનો અર્થ એમ થાય છે કે નાભિસ્થ મણિપુરચક્રમાં મહાપ્રાણ પોતાના અનેક સ્વરૂપો કે પ્રવાહો સહિત વસે છે.

આત્મા અને પ્રાણ બંને એક નથી. બંનેનો ભેદ સમજી લેવો જોઈએ. આત્મા તો પરમાત્માનું વૈયક્તિક સ્વરૂપ છે અને આપણા અસ્તિત્વનું તે જ કેન્દ્રસ્થ ચૈતન્ય તત્ત્વ છે. પ્રાણ તો મન, દેહ આદિની જેમ એક કરણ છે પ્રાણ મન અને દેહની વચ્ચે છે અને મન અને દેહ બંનેની શક્તિ આપે છે.

આધ્યાત્મિક પથ પર કે દૈહિક વ્યવહારો માટે પ્રાણ તો આત્માનું ખૂબ મૂલ્યાવાન અને મહત્ત્વપૂર્ણ કરણ છે.

આવું જ સ્થાન ભગવાન શ્રીરામની અવતારલીલામાં પ્રાણના અધિષ્ઠાતા દેવ હનુમાનજીનું છે. ભગવાન શ્રીરામના કઠિન કાર્યો હનુમાનજી જ પૂરા કરે છે. હનુમાનજી રામના પ્રધાન અને સમર્થ સેવક છે. હનુમાનજી સહિત વાનરસેનાનું સ્થાન કિષ્કિંધા છે. તે જ તથ્યને આધ્યાત્મિક દૃષ્ટિથી એમ કહી શકાય કે પ્રાણ પોતાના ગૌણ સ્વરૂપો અને પ્રવાહો સહિત નાભિકેન્દ્રસ્થ મણિપુરચક્રમાં વસે છે.

મણિપુરચક્ર પરાવાણીનું સ્થાન પણ છે. તેથી જ પરાવાણીને નાભિમાંથી આવતી વાણી ગણેલ છે. ગર્ભસ્થ બાળક નાભિ દ્વારા માતાના શરીર સાથે જોડાયેલ હોય છે. બાળક પોતાની નાભિના માર્ગે જ માતાના શરીરમાંથી રક્ત મેળવે છે. યોગપથના પથિક માટે આ ચક્રનું સવિશેષ મૂલ્ય છે. સમગ્ર નાડીતંત્રના ઉદ્ગમસ્થાન કંદનું સ્થાન પણ નાભિ પાસે જ છે.

આમ, હનુમાનજી મહારાજનું સ્થાન હોવાને કારણે કિષ્કિંધાનો મહિમા છે. આ જ તથ્યને આધ્યાત્મિક દૃષ્ટિથી એમ કહી શકાય કે પ્રાણનું સ્થાન હોવાને કારણે મણિપુરચક્રનો મહિમા છે.

૪. અયોધ્યા :

આધિભૌતિક દૃષ્ટિથી અયોધ્યા ભારતભૂમિના ઉત્તર ભાગમાં આવેલું એક સ્થાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું સ્થાન માનવદેહમાં છે અને તે છે અનાહતચક્ર. રામાયણ કથિત અયોધ્યા અને માનવ દેહસ્થ અનાહતચક્ર વચ્ચે એકત્વનો ગૂઢ સંબંધ છે.

અયોધ્યા ભગવાન શ્રીરામની પ્રાગટ્યભૂમિ અને તેમનું નિવાસસ્થાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી આ જ તથ્યને એમ કહી શકાય કે આતમરામ (પ્રત્યેક ચેતના)નું નિવાસસ્થાન દેહસ્થાન અનાહતચક્ર છે.

અનાહતચક્ર અંતઃકરણ મુખ્ય સ્થાન છે. અનાહત ધ્વનિ આ ચક્રમાંથી ઉત્પન્ન થાય છે, તેથી તેને અનાહત ચક્ર કહેવામાં આવે છે. આ કેન્દ્રમાં ઉત્પન્ન થનાર અનાહત ધ્વનિ જ શબ્દ બ્રહ્મ છે, જે પરબ્રહ્મ સુધી દોરી જાય છે.

ભાવમાર્ગના સાધકો માટે આ સૌથી મહત્ત્વનું કેન્દ્ર છે, કારણ હૃતકેન્દ્ર ભાવનું અધિષ્ઠાન છે. યૌગિક પરિભાષામાં કહીએ તો આ આ ચક્ર ઊર્ધ્વપ્રાણનું કેન્દ્ર છે.

ઉપનિષદોમાં આ હૃતકેન્દ્રને પ્રત્યક્ ચેતનાનું અધિષ્ઠાન ગણેલ છે. તેથી જ ઠાકુર શ્રીરામકૃષ્ણ હૃતકેન્દ્રને ધ્યાન કરવા માટે ડંકો મારેલું સ્થાન ગણાવે છે.

આ અનાહતચક્રમાં જ્યારે કુંડલિની શક્તિ પહોંચે છે,ત્યારે સાધક તીવ્ર ભક્તિભાવ અનુભવે છે.

આપણું શરીર ભારતભૂમિનું લઘુસ્વરૂપ છે. આ હૃદયસ્થાન અને ત્યાં પ્રતિષ્ઠિત અનાહતચક્ર અયોધ્યા છે. આત્મારૂપી ભગવાન શ્રીરામ તેમાં અવસ્થિત છે.

ભગવાન શ્રીરામનું નિવાસસ્થાન હોવાથી અયોધ્યાપુરીનો મહિમા છે. આ જ તથ્યને આધ્યાત્મિક દૃષ્ટિથી એ રીતે મૂકી શકાય કે આતમરામનું નિવાસસ્થાન હોવાથી આ અનાહતચક્રનો મહિમા છે. અનાહતચક્ર આતમરામનું નિજધામ છે.

૫.ચિત્રકૂટ :

આધિભૌતિક દૃષ્ટિથી ચિત્રકૂટ ભારતભૂમિના ઉત્તર ભાગમાં આવેલું એક સ્થાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તે માનવદેહમાં અવસ્થિત છે. અને તેનું નામ વિશુદ્ધચક્ર. રામાયણ કથિત ચિત્રકૂટ અને માનવદેહમાં અવસ્થિત વિશુદ્ધચક્ર વચ્ચે એકત્વનો કોઈક નિગૂઢ સંબંધ છે.

વિશુદ્ધચક્રનું સ્થાન કંઠમાં છે. આ સ્થાન પર ચેતનાની ગતિ થાય ત્યારે ચિત્ત આકાશ જેવું વિશુદ્ધ બની જાય છે, તેથી આ ચક્રને વિશુદ્ધચક્ર કહેવામાં આવે છે.

આ ચક્ર પંચપ્રાણમાંના ઉદાન નામના પ્રાણનું સ્થાન છે. ઉદાન ઊર્ધ્વગતિનો કારક છે અને તેથી આધ્યાત્મિક વિકાસમાં સહાયક છે.

રામકથાની દૃષ્ટિએ જોઈએ તો ચિત્રકૂટ રામ-ભરતનું મિલનસ્થાન છે. ચિત્રકૂટમાં તો વિશુદ્ધ સ્નેહની મંદાકિની વહે છે. માનવદેહમાં ચિત્રકૂટનું સમાંતર સ્થાન વિશુદ્ધચક્ર છે.

ચિત્રકૂટમાં કામદગિરિ નામનો નાનો પર્વત છે. રામભક્તો આ પર્વતને ભગવાન શ્રીરામ અને ભગવતી સીતાજીની વિહારભૂમિ ગણે છે. દેહમાં આવું સ્થાન વિશુદ્ધચક્ર છે.

૬.પ્રયાગરાજ :

આધિભૌતિક દૃષ્ટિથી પ્રયાગરાજ ભારતભૂમિમાં અવસ્થિત એક તીર્થસ્થાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તે માનવદેહમાં અવસ્થિત છે અને તેનું નામ છે આજ્ઞાચક્ર. રામાયણકથિત પ્રયાગરાજ અને માનવદેહસ્થ આજ્ઞાચક્ર વચ્ચે એકત્વનો કોઈ નિગૂઢ સંબંધ છે.

આજ્ઞાચક્રનું સ્થાન ભ્રૂમધ્યમાં અર્થાત કપાળમાં બંને ભમરોની વચ્ચે છે.

ગંગા, યમુના અને સરસ્વતિ (ગુપ્ત)નું સંગમસ્થાન તે પ્રયાગરાજ છે. તે જ રીતે આ આજ્ઞાચક્રમાં પણ ત્રિવેણીસંગમ છે. મૂલાધારથી છૂટી પડીને નીકળેલી ઈડા,પિંગલા અને સુષુમ્ણાનો અહીં આજ્ઞાચક્રમાં સંગમ થાય છે, તેથી તેને યુક્તત્રિવેણી પણ કહેવામાં આવે છે.ઈડાને ગંગા, પિંગલાને યમુના અને સુષુમ્ણાને સરસ્વતી ગણવામાં આવે છે. આજ્ઞાચક્રને ત્રિવેણીસંગમ ગણીને તેને આધ્યાત્મિક તીર્થરાજ કે પ્રયાગરાજ નામ આપવામાં આવે છે.

જેમ પ્રયાગરાજના ત્રિવેણીસંગમમાં સ્નાન કરવાથી માનવી પાપમુક્ત થાય છે, તેવી પરંપરાગત શ્રદ્ધા છે, તે જ રીતે માનવચેતના આ આજ્ઞાચક્રમાં પહોંચે છે અને ત્યાં રહેલા ત્રિવેણીસંગમમાં સ્નાન કરે તો મનુષ્ય સર્વ રાગદ્વેષથી મુક્ત થાય છે તેવું અધ્યાત્મપુરુષોનું કથન છે.

આ આજ્ઞાચક્રને જ શિવનેત્ર કે દિવ્યદૃષ્ટિનું સ્થાન ગણવામાં આવે છે.

આજ્ઞાચક્રમાં પ્રાણ અને ચિત્ત સ્થિર થવાથી સંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ થાય છે, તેવું યોગીઓનું કથન છે.

આપણા દેશમાં પ્રયાગરાજને ખૂબ મહત્ત્વપૂર્ણ તીર્થ માનવામાં આવે છે, તેથી જ તો તેને તીર્થરાજ કહેવામાં આવેલ છે. તેવું જ મહત્ત્વપૂર્ણ સ્થાન આધ્યાત્મિક દૃષ્ટિથી આપણાં શરીરમાં આજ્ઞાચક્રનું છે. આજ્ઞાચક્ર આધ્યાત્મિક તીર્થરાજ છે. આજ્ઞાચક્ર-સ્થિત ત્રિવેણીસંગમમાં સ્નાન કરીને માનવ ધન્યધન્ય બની જાય છે. યોગીઓ તો એમ જ કહે છે કે આજ્ઞાચક્ર જ ખરું પ્રયાગતીર્થ છે.

૭.જનકપુર :

જનકપુર વિશાળ ભારતભૂમિ (હાલ નેપાળ)માં આવેલું એક સ્થાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તે માનવદેહમાં અવસ્થિત છે અને તેનું નામ છે સહસ્રારચક્ર. રામાયણકથિત જનકપુર અને યાગીઓ જેને દેહસ્થ સહસ્રારચક્ર કહે છે. બંનેની વચ્ચે કોઈક સ્વરૂપનું નિગૂઢ એકત્વ છે.

સહસ્રારચક્રનું સ્થાન મસ્તકમાં તાલુની ઉપર છે.

આ ચક્રમાં પ્રાણ અને ચિત્ત સ્થિર થવાથી સર્વ વૃત્તિઓના નિરોધરૂપ અસંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ થાય છે.

કુંડલીની શક્તિ અન્ય છ ચક્રોનું ભેદન કરીને આખરે આ સ્થાનમાં પહોંચે છે. આ સ્થાન શિવનું સ્થાન છે. મૂલાધાર -સ્થિત શક્તિસ્વરૂપિણી કુંડલીની સુષુમ્ણા માર્ગે ઉપર ચડીને આખરે અહીં પહોંચે છે. અહીં શિવશક્તિના મિલનનું કેન્દ્ર છે.

જનકપુર તો જનકવિદેહી જેવા પરમ જ્ઞાની પુરુષનું નિવાસસ્થાન છે, રાજધાનીનું સ્થાન છે, તેથી જનકપુરને જ્ઞાનનું કેન્દ્ર ગણવામાં આવેલ છે. સીતાજી અને શ્રીરામના લગ્ન અહીં જનકપુરમાં થયા છે. સહસ્રારચક્ર પણ જ્ઞાનનું કેન્દ્ર છે. ચેતના જ્યારે સહસ્રારમાં સ્થિર થાય ત્યારે જ્ઞાનનો ઉદય થાય છે. ભારતભૂમિમાં જનકપુર જ્ઞાનનું કેન્દ્ર છે, તેમ માનવદેહમાં સહસ્રારચક્ર જ્ઞાનનું કેન્દ્ર છે. જેમ જનકપુર સીતારામના લગ્ન (અર્થાત્ જોડાણ)નું કેન્દ્ર છે, તેમ માનવદેહમાં સહસ્રારચક્ર શિવશક્તિના મિલનનું કેન્દ્ર છે.

ભૌગોલિક દૃષ્ટિથી પણ જનકપુર સૌથી ઊંચે અર્થાત્ ઉત્તરદિશામાં છે. જ્ઞાનના કેન્દ્ર તરીકે પણ જમકપુર સર્વોચ્ચ સ્થાન છે,તે જ રીતે માનવદેહમાં પણ સહસ્રાર સૌથી ઊંચે- મસ્તકમાં છે. આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ પણ સહસ્રાર સર્વોચ્ચ કેન્દ્ર છે ચેતનાવિકાસનું અને કુંડલિની શક્તિના ઊર્ધ્વગમનનું પણ તે સર્વોચ્ચ કેન્દ્ર છે.

જનકપુર જાનકીજીનું પ્રાગટ્યસ્થાન અને સીતારામનું મિલનસ્થાન છે અને જ્ઞાનીઓનું સ્થાન ગણાય છે. જેવું મહત્ત્વ ભારતભૂમિમાં જનકપુરનું છે, તેવું મહત્ત્વ આધ્યાત્મિક દૃષ્ટિથી માનવદેહમાં સહસ્રાર ચક્રનું છે. જે ભારતમાં જનકપુર છે, તે દેહમાં સહસ્રારચક્ર છે.

આમ, વાલ્મીકિ મહારાજ જેને રામાયણના સપ્ત સ્થાન કહે છે. તેને જ યોગીઓ દેહસ્થ સપ્તચક્ર કહે છે. તેમની વચ્ચે કોઈક પ્રકારનો નિગૂઢ સમાંતર સંબંધ હોય તેમ લાગે છે.

રામાયણના મહત્ત્વપૂર્ણ સ્થાનમાં હવે એક સ્થાનનું કથન બાકી રહી જાય છે અને તે છે પંચવટી.

પંચવટી એટલે પંચભૂતોનું બનેલું આ સ્થૂળ શરીર. પંચવટીમાં રહે તો સીતાનું હરણ થાય અને ભગવાન શ્રીરામ પણ રડે, તેમ પંચભૂતોથી બનેલાં આ દેહમાં આવે તો આતમરામ પણ અવિદ્યાવશ બંધન પામે અને સુખદુઃખ ભોગવે છે. પંચવટી પાંચ ભૂતોનો બનેલો દેહ છે. તેમાં શ્રીરામરૂપી આતમરામ પોતાની સ્વરૂપશક્તિ સાથે વસે છે. અહંકારરૂપી રાવણ અહીંથી જ સીતાને હરી જાય છે. આતમરામને વિયોગ થાય છે અને અહંકારના નાશ પછી પુનઃ સંયોગ થાય છે.

રામકથાને અને રામાયણના સ્થાનોને સમજવાની આ પણ એક દૃષ્ટિ છે.

एक राम दशरथ का बेटा, एक राम घटघटमें बैठा।
एक राम है जगत पसारा, एक राम है सबसे न्यारा ।।

## યોગ વિજ્ઞાન (સાતમા પાનાનું ચાલુ)

તે જ રીતે મિત્રોના પણ મિત્ર એવા પરમસખા અને મા-બાપનાં પણ મા-બાપ એવા પરમાત્માને ભેટવાની અને તેમના ચરણસ્પર્શ કરવાની તમને ઇચ્છા, તક અને અવસર મળે તેવી પ્રભુને પ્રાર્થના.

### પ્રત્યાહારમાં થાય છે શું?

બાહ્યજગતથી આંતરજગત અને આત્માથી પરમાત્મા તરફની સફર પ્રત્યાહારથી શરૂ થાય છે. બાહ્યજગતનું ભાન કરાવતી ઇન્દ્રિયો જેવી કે આંખ, કાન, નાક, જીભ અને ચામડીને જીવ આંતરજગત તરફ વાળવા માંડે છે એની પાછળ મન પણ વળે છે અને સ્થિર થાય છે. અત્યાર સુધી ઇન્દ્રિયો પાછળ મન પણ વળે છે અને સ્થિર થાય છે. અત્યાર સુધી ઇન્દ્રિયો પાછળ ઘસડાઇ જતું અને હેરાન થતું મન હવે વધુ સ્થિર, વધુ એકાગ્ર અને વધુ સબળ બને છે. અત્યાર સુધી મન ઇન્દ્રિયોના નચાવ્યા પ્રમાણે નાચતું હતું પરંતુ હવે ઇન્દ્રિયો મનના આદેશ પ્રમાણે વર્તવા લાગે છે.

આ વાત એક સાદા ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટતાથી સમજી શકાશે. ધારો કે એક માને પાંચ દીકરા છે. શરૂઆતમાં આ પાંચેય જણને ઉછેરવા અને તેમની ઇચ્છાપૂર્તિ કરવામાં જ માનો બધો સમય વ્યતીત થાય છે. આ પાંચેય જણની સંભાળ રાખવામાં માને પોતાની મનગમતી પ્રવૃત્તિ કરવાનો સમય કે સંજોગ ઊભા થતા જ નથી.

જોકે આ છોકરા મોટા થઇને માતા માટે કાર્ય કરવા લાગે તો માતા સ્થિરતા અને શાંતિ અનુભવે. પહેલાં સંતાનોની પાછળ માને દોડવું પડતું, હવે માની પાછળ સંતાનો દોડતાં થાય છે. પહેલાં સંતાનો જે ફરમાઇશ કરતા હતાં એ માતાએ પૂરી કરવી પડતી હતી. હવે સંતાનો પુખ્ત થતાં માનો પડ્યો બોલ ઝીલી લઇ એની ઇચ્છાઓ પૂરી કરે છે. મન અને ઇન્દ્રિય વચ્ચે પણ આવો જ સંબંધ હોય છે. સાંસારિક જીવનમાં ઇન્દ્રિયોની ઇચ્છાપૂર્તિ માટે મને પણ પાછળ પાછળ ઢસડાવું પડે છે. જ્યારે પ્રત્યાહાર પછી ઇન્દ્રિયો મનની ગુલામ થઇને રહે છે. યમ, નિયમ, આસનો અને પ્રાણાયામ સરસ રીતે પાર પડ્યાં પછી પ્રત્યાહાર દ્વારા મન હવે સત્તા પર આવે છે અને ઇન્દ્રિયો મનની ઇચ્છા પ્રમાણે વર્તવા લાગે છે. આને જ જિતેન્દ્રિય કહેવાય બળજબરી કે મારીમચડીને જીતેલી ઇન્દ્રિયો એ તો ઇન્દ્રિયો પરનું દમન છે. યોગ દ્વારા ઇન્દ્રિયો સ્વૈચ્છિક રીતે સમજપૂર્વક બાહ્યજગતમાંથી રસ ઓછો કરતી જાય છે અને મનને સ્થિર કરવા મદદરૂપ થાય છે.

જેમ કોઇ રાજા બળપૂર્વક કોઇ પ્રદેશ અને તેની પ્રજાને જીતી લે તો તાત્કાલિક ફાયદો થાય છે, પરંતુ વખત જતાં બળથી જીતાયેલી તે પ્રજા પોતાની શક્તિથી રાજાને ઉથલાવી શકે છે, પરંતુ પ્રેમપૂર્વક જીતાયેલી પ્રજા ઉલટાની રાજાને સહાયરૂપ બની રહે છે. પ્રત્યાહાર દ્વારા ઇન્દ્રિયોને બળથી નહીં, પણ પ્રેમથી જીતવાની સુંદર તક નિર્માણ થાય છે. આવા સાધક ઇન્દ્રિયો અને મનની મદદ વડે અશક્ય લાગતી સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકે છે.

સિદ્ધિ મેળવતા સાધકોમાંથી મોટા ભાગના સાધકો તેનો દુરુપયોગ કરતા નથી કારણ કે યમનિયમ તેમણે આત્મસાત કર્યા હોય છે, તે એટલે સુધી કે તેમને પ્રસિદ્ધિની પણ પડી હોતી નથી. હિમાલયના ખોળામાં એવા કેટલા સિદ્ધયોગીઓ છે જેમની પાસે ઘણી શક્તિ છે, પરંતુ એને રોકડી કરવી કે પ્રસિદ્ધિ મેળવવી વગેરે બાબતો એમને છીછરી લાગે. જેમ એક મિસાઇલનું અંતિમ લક્ષ્ય દુશ્મનનું વિમાન હોય છે તેમ તેમનું એક માત્ર લક્ષ્ય અનેક સિદ્ધિઓના દાતા એવા પરમાત્મા તરફ જ હોય છે.

આવા લોકો પરમાત્મા તરફથી મળેલી સિદ્ધિઓની લાલચમાં ફસાતા નથી, પરંતુ યોગનાં આગળનાં અંગો ધારણા, ધ્યાન અને સમાધિ તરફ વધવાના પ્રયત્નો કરે છે. યોગ દ્વારા પરમાત્માને પામવા એ જ એમનું અંતિમ ધ્યેય હોય છે. ■

## અલખનો ઓટલો (સાતમા પાનાનું ચાલુ)

છીએ, અંતરંગ રહસ્યાત્મક જીવતરનો નહીં.... બાપુસાહેબ ગાયકવાડની એક ભક્તિ રચના લોકકંઠે ગવાય છે, એને સાંભળીએ ત્યારે જો આપણે સમગ્ર ભારતીય ભક્તિ પરંપરા તથા રાધાભાવ, સખીભાવ, નારીભાવથી પરિચિત હોઈએ તો સૌંદર્યની અનુભૂતિ થયા વિના ન રહે.


એ જી મારા હૈયા કેરો હાર,
મારા પ્રાણનો આધાર,
નટવર નાગર છેલ છબીલો...
પ્રાણ જીવન પાતળીયો,
મારો એ વર છે નિરધાર,
પ્રેમ પાસથી હું બંધાણી,
છોડુ નહિં લગાર...
- મારા હૈયા કેરો હાર,
નટવર નાગર છેલ છબીલો...૦
ગંગા યમુના સરસ્વતિ,
તરવેણી ને તીર,
ત્યાં રહી મોહન વેણુ વગાડે,
હળધરજીનો વીર...
- મારા પ્રાણનો આધાર,
નટવર નાગર છેલ છબીલો...૦
મોર મુગટ પિતાંબર શોભે કુંડળ ઝળકે કાન,
મોહનજીનું મુખડું જોઈને,
ભૂલી ગઈ છું ભાન...
- મારા પ્રાણનો આધાર,
નટવર નાગર છેલ છબીલો...૦
મનહર મૂરતિ જોઈ તમારી,
તે શું લાગી તાળી,
તન મન ત્રિકમજી હું તારા,
વદન કમલપર વારી...
- મારા પ્રાણનો આધાર,
નટવર નાગર છેલ છબીલો...૦
કૃપા કરીને કેશવ મુજને, દરશન દાન દેજો,
બેઉ કર જોડી બાપુ કહે છે,
રુદા કમળમાં રહેજો...
- મારા પ્રાણનો આધાર,
નટવર નાગર છેલ છબીલો...૦ ■

# ધર્મતેજ

## યોગ-વિજ્ઞાન

મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# પ્રત્યાહાર એટલે પાછા વળવું




પાછા વળવું એ કુદરતી પ્રક્રિયા છે. નાનામાં નાની કીડી ખોરાકનો સંગ્રહ કરી પોતાના દરમાં ઘૂસે છે, તો જંગલનો રાજા સિંહ પણ શિકાર કરીને પાછો પોતાની ગુફામાં જાય છે. આપણે કામ ધંધા માટે સવારે ઘરની બહાર નીકળીએ છીએ અને સાંજે પાછા ઘર તરફ પ્રયાણ કરીએ છીએ. ધરતીનો છેડો ઘર એ કહેવત કંઇ અમસ્તા નહીં પડી હોય. દુનિયામાં કોઇ પણ છેડે તમે જાવ પણ છેલ્લે ઘરે પાછા ફરો ત્યારે જ શાંતિનો અનુભવ થાય છે.

જેમદ્ગધરતીનોદ્ગછેડો ઘર એમ અખિલ બ્રહ્માંડનો છેડો પરમાત્મા. પરમાત્માથી છૂટો પડેલો આપણો આત્મા શરીર, ઇન્દ્રિયો, હાડ-માંસ, આધિ, વ્યાધિ અને ઉપાધિના પાંજરામાં કેદ થાય છે. પરંતુ એને પાછું પરમાત્મા પાસે જ જવાનું હોય છે. કેટલાક લોકો આ કાર્ય ઝડપથી કરી શકે છે, તો કેટલાકને જન્મોના જન્મ પણ લાગે છે. આ બધું દરેકનાં કર્મો પર આધાર રાખે છે.

જેને માટે યોગ એ બીજી બધી કસરત સમાન છે અને જેને શરીર અને મનની સ્વસ્થતા માટે યોગ કરવો છે તેને માટે અગાઉ ઘણી વાર કહ્યું તેમ આસનો અને પ્રાણાયામ પૂરતાં છે, પરંતુ જેને યોગ દ્વારા પરમાત્માને પામવાની ઈચ્છા હોય તેઓ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ જેવા અષ્ટાંગ યોગના પાછલાં ચાર અંગોમાં વધુ રસ લેતા હોય છે.

યમ, નિયમ, આસન અને પ્રાણાયામ યોગના આગળનાં ચાર અંગો બહિર્મુખી છે, પરંતુ પ્રત્યાહારથી તમે પરમાત્મા તરફ પાછા વળવાની એટલે કે અંતર્મુખી બનવાની કોશિશ કરો છો એમ યોગનું પ્રશિક્ષણ આપતા યોગના પ્રખર અભ્યાસી શ્રી યોગેન્દ્ર રાવળ જણાવે છે. જે રીતે કાચબો પોતાનાં પ્રત્યેક અંગોને સમેટી ઢાલ જેવા શરીરની અંદર ખેંચી લે છે એ જ રીતે બ્રહ્મ જગતમાં પરોવાયેલું મન અને વિવિધ ઇન્દ્રિયોને આંતરજગત તરફ ધીરેધીરે પાછી ખેંચી લેવાની શરૂઆત પ્રત્યાહારથી થાય છે. આ ક્રિયાથી ઇન્દ્રિયો અને મનના આવેગ શાંત થાય તો પછી આગળ ધારણા, ધ્યાન અને સમાધિ સુધી પહોંચી શકાય.

જેમ વિધિધ આસનો હોય છે. વિવિધ પ્રાણાયામ હોય છે, તેમ પ્રત્યાહારમાં પણ યોગનિદ્રા, અજપાજપ, નાદલય જેવી ઘણી પ્રક્રિયાઓ હોય છે. જે તમે કોઇ નિષ્ણાત અને નિઃસ્વાર્થ યોગ ગુરુ પાસે શીખી શકો છો. અગાઉ જણાવ્યું તેમ યમથી પ્રાણાયામ સુધીની સફર બહિર્મુખી હતી અને તમને તમારા શરીર કે મનમાં તથા સુધારાની સાબિતી મળતી હતી, પરંતુ પ્રત્યાહારથી હવે અંદર તરફ પાછા વળવાની જે ક્રિયા છે તે અનુભૂતિનો વિષય છે. સાબિતી ભૌતિક છે, જ્યારે અનુભૂતિ એનાથી પણ વિશેષ છે.

સાબિતી તમે કોઇને છેતરીને પણ ઊભી કરી શકો છો, તોડી મરોડી શકો છો, પરંતુ અનુભૂતિ એટલે તમે કે તમારા આંતરિક જગતે અનુભવેલી લાગણી. પ્રત્યાહારથી હવે તમને વૈજ્ઞાનિક સાબિતી નહીં, પરંતુ આંતરિક અનુભૂતિ થવા લાગે છે. તમને સુખ-દુઃખથી પર એવા આનંદની લાગણી થવા લાગે છે. આ ક્રિયાઓ માટે કોઇ અનુભૂતિ પામેલા ગુરુની જરૂર પડે છે. શ્રી યોગેન્દ્ર રાવળ જણાવે છે કે અત્યારે તો મનુષ્ય ફક્ત ભૌતિક ઉપલબ્ધિઓ મળી રહે અને પોતે માણી શકે છે તે માટે યોગના પ્રથમ ચાર અંગોનો જ અભ્યાસ કરે છે. બાકી તો સાંસારિક મોજશોખ અને રૂપિયા પ્રાપ્ત કરવામાંજ તેમનું ધ્યાન રહેલું હોય છે, કૌન બનેલા કરોડપતિની સ્પર્ધા બધા જ દોડી રહ્યા છે, પણ કૌન બનેગા રામની સ્પર્ધામાં કોઇ જ નથી. જે રીતે તમે મા-બાપનાં ચરણસ્પર્શ કરો છો કે મિત્રોને ભેટીને અભિવાદન કરો છો

(જુઓ પાનું ૬) ▸▸

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

# ભજન માટે, આત્મચિંતન માટે થોડો સમય કાઢો થોડીક ઊર્જા રિઝર્વ રાખો



આજે મને કોઈએ પૂછ્યું છે કે બાપુ, અમે ધ્યાન કરવા બેસી છીએ, ત્યારે ઊંઘ આવે છે. ભજન કરું છું, ત્યારે નિંદ્રા આવે છે. નિંદ્રા શું કામ આવે છે ? તમે થાકેલા છો. તમે થાકેલા એટલા માટે છો કે તમે ચોવીસ કલાકમાં તમારી ઊર્જા સાંસારિક પદાર્થોમાં વેડફી નાખી, એટલે દસ મિનિટ ભજન કરો, ત્યારે સૂઓ નહિ તો શું કરો ? તમારી સમગ્ર ઊર્જા ભૌતિક પદાર્થોમાં વેડફી નાખી, પૈસામાં, આમાં, આમાં. તમે ચોવીસ કલાકમાં કેટલો વખત Free રહ્યા ? થાક્યા પાક્યા ઘરે આવો અને પછી ધ્યાન કરો, શરીર તો એના ધર્મ કરશે. મને ઘણા લોકો પૂછે છે કે જપ કરીએ, એટલે ઊંઘ આવે છે. તમે ભજન માટે થોડીક ઊર્જા રિઝર્વ રાખો. ચોવીસે કલાક ગાડીઓમાં રોક રોલ કરો છો. ક્યાં જવું છે તમારે ? ક્યાં પહોંચવું છે તમારે ? કામ કરો, છ કલાક, આઠ કલાક, દસ કલાક, જે કરો તે પણ જીવનની સંપદા માટે થોડો સમય રાખો, તો તમને ઊંઘ નહિ આવે. ઊંઘ આવે તો તમારો દોષ નથી, કારણ કે તમે થાકેલા છો. ઊંઘ ન આવે તો શું થાય ? બધાને આ અનુભવ છે કે માળા કરીએ, ત્યાં સૂઇ જાવ. તે સૂઇ જ જાઓને, આખો દિવસ તમે ચાળા કર્યા. આખો દિવસ આ તે, આ તે કર્યું. પણ પછી તમને ઊંઘ આવે એમાં તમારોયે દોષ નથી, ભજનનોયે દોષ નથી. ભજન માટે શરીર ઠીક હોવું જોઈએ.

એટલા માટે કદાચ આપણે ત્યાં સંન્યાસ પરંપરામાં આ વ્યવસ્થા આવી, કે ચોથી અવસ્થામાં ઊર્જાને સાચવવા માટે બધાથી મુક્ત થવું. જાનકીજીની ઉંમર તો નાની હતી, પણ બ્રહ્મચર્યાશ્રમ સિદ્ધ કર્યો. અયોધ્યામાં ગૃહસ્થાશ્રમ સિદ્ધ કર્યો. ચિત્રકૂટ અને દંડકારણ્યમાં વાનપ્રસ્થાશ્રમ સિદ્ધ કર્યો. અને અગ્નિમાં લંકામાં હોમીને સંન્યાસાશ્રમ સિદ્ધ કરશે. એ સંન્યાસ આશ્રમ છે મારી માનો.

तुम्ह पावक महुँ करहु निवासा ।
जौ लगि करौं निसाचर नासा ।।

એ સીતાનો સંન્યાસ આશ્રમ છે. શક્તિ રિઝર્વ રાખી, એટલે ઊંઘ નથી આવતી.

निज पद नयन दिए मन ।
राम पद कमल लीन ।।

બહુ સરસ દર્શન છે. તમારો પ્રશ્ન બિલકુલ પાયાહીન છે. તમને ઊંઘ ન આવે તો શું થાય ?

પ્રભુ ભજન માટે, આત્મચિંતન માટે થોડો સમય રાખો. બહુ મહત્ત્વનો સમય રાખો. જેટલો જલ્દી નિર્ણય થાય એ સારી વસ્તુ છે. થોડીક અને થોડીક ગડ વળી જાય, તો કામ થઈ જાય. રમણ મહર્ષિ પાસે કોઈએ દલીલ કરી કે સમય નથી રહેતો. અને બહુ સટીક દલીલ મૂકી કે આટલો સમય આમાં, આટલો છોકરાઓમાં, આટલો ઓફિસમાં જાય, આટલો સગાંવહાલાંમાં જાય, આમ સમય જ રહેતો નથી. અમારે ભજન કરવું હોય તો કેમ કરવું? રમણ મહર્ષિની આંખમાં આંસુ આવી ગયા કે તમારો પ્રશ્ન બહુ સરસ છે. કબૂલ છે, ને પછી રડવા માંડ્યા. પેલાએ પૂછ્યું કે રડો છો કેમ ? કહે, મને પણ આ જ ચિંતા સતાવે છે કે આમાં હું ભોજન કરું, એટલે પૃથ્વીમાં અનાજ નથી પાકતું. કેમ ? પૃથ્વીમાં આ ત્રણ ભાગમાં દરિયો છે,એક ભાગમાં જમીન છે, એશિયા, યુરોપ એ બધા ખંડો છે. એ ખંડોની જમીનમાં ફેક્ટરીઓ પાડવા લાગી, એટલે ખેતી લાયક જમીન ખાલી થઈ ગઈ, બધાએ બાકીની જમીનમાં મકાનો બનાવી દીધાં, ઘણાએ આમ કરી નાખ્યું, એટલે મારું પેટ ભરાય એટલું અનાજ નથી પાકતું. એટલે પેલાએ કહ્યું કે આપ જેવા સંત આવી રીતે રડે છે ? તમારા એકનું પેટ ભરાય એટલું અનાજ ન નીકળે ? શું વાત કરો છો તમે ? બોલે નહિ, એકનું ભરાય એટલુંયે નથી. તમે જોયુંને આખી પૃથ્વી પર બધાએ કબજો કરી લીધો, કોઈને આમ કરી લીધું, કોઈએ આમ કરી લીધું, મારા એકલાને થાય એટલું અનાજ ક્યાં છે ? કહે, બાપજી, તમારા એકલાનો રોટલો નીકળે, એટલું અનાજ ન હોય, એવું હોય ? આખી દુનિયાના રોટલા નીકળ્યા છે. બોલે, તને હરિ ભજવાનો ટાઈમ ન હોય એવું હોય કંઈ ? આ તો તારી કાયરતા છે. મને સમય નથી. સમય નથી,આ અતૃપ્તિ છે.

ચોવીસ કલાકમાંથી સમય કાઢવો પડશે, તમારા માટે પચીસ કલાક નહિ થાય. સાંઠ, સિત્તેર કે સો વર્ષની આયુ હશે, એમાં જ કાઢવો પડશે. અને સમય નીકળે, જો કાઢવો હોય તો નીકળે. આ તમે કાઢી જ લ્યો છો ને? તમે આટલી પ્રવૃત્ત દુનિયામાં રહો છો, એમાંથી આ નવ દિવસ કાઢ્યા જ છે તમે. સમજણ આવે તો સમય છે જ. ન આવે તો સવાલ નથી. ઘણા તો કંઈ કરતા ન હોય, બીજાની વાત્યું જ કરતા હોય. સમય મળતો નથી. આદત હોવી જોઈએ, મને હરિ ભજવાની ટેવ પડી. આદત થઈ જાય, સ્વભાવ થઈ જાય, તો આનંદ આવે. તો અતૃપ્તિ શોકનું કારણ છે. સાહસ કરવાની વૃત્તિ ખતમ થઈ ગઈ, શોકનું કારણ છે, નજર સામે દેખાય છે, આગ લાગી છે આમાં અને છતાંયે એમાંથી નીકળવાની વૃત્તિ નહિ, આ વૃત્તિએ શોક આપ્યો છે. કબીર સાહેબ કહેતા કે તને જ્યારે મૂળ તત્ત્વ સમજાઈ જાય પછી તને બીજા કર્મકાંડની જરૂર નથી. ભૂખ લાગી હશે તો ગમેતેવો સુકો રોટલોય મીઠો લાગશે અને ઊંઘ આવે ત્યારે માણસ ગમે ત્યાં સૂઇ જાય.

- સંકલન : જયદેવ માંકડ ■

## અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# સૌંદર્ય કલાનું ને જીવનનું



સૌંદર્યની આપણી ભારતીય વિભાવના અને પશ્ચિમના વિદ્વાનોની વિભાવના વચ્ચે પાયાનો ભેદ એટલો જ છે કે પશ્ચિમના વિચારકો કાવ્યકલાના બાહ્યઅંગોનું સૌંદર્ય શોધવાનો પ્રયાસ કરે છે. તેમને આંતરિક શબ્દ સૌંદર્ય, નાદસૌંદર્ય, ભાવ કે વસ્તુસૌંદર્ય સાથે ઓછી નિસબત હોય એવું લાગે છે. માત્ર કાવ્યશરીરના બાહ્ય અંગો - ભાષા,શૈલી, રજુઆત, અભિવ્યક્તિની કારીગરી, પ્રતીક,કલ્પન, છંદ, અલંકારોની કલાત્મક્તા કે સુંદરતા આપણે જોઈએ પણ એના આંતરિક સૌંદર્યનો જ્યાં સુધી પરિચય ન મેળવીએ ત્યાં સુધી એ સૌંદર્ય સ્થૂલ જ રહેવાનું..એ સમગ્ર અંગોને એકરૂપ બનાવીને- ઓગાળીને જ્યારે ખરો આત્મિક અનુભવ ભાવકને થાય છે ત્યારે ભાવકના ચિત્તમાં ક્યા સૌંદર્યની અનુભૂતિ થાય છે ?

સૌંદર્યબોધને નીતિમત્તાના ખ્યાલો સાથે પણ અવિનાભાવી સંબંધ છે. સમયે સમયે, સ્થળે સ્થળે, જ્ઞાતિએ જ્ઞાતિએ, ધર્મ-સંપ્રદાયે સંપ્રદાયે આ ખ્યાલો બદલાતા રહે છે. પ્રદેશ,ભાષા,વિચારધારા અને લોકમાન્યતાઓમાં આપણને વિધવિધ નીતિમત્તા વિષયક વિચારધારાઓ જોવા મળે. તદ્દન સ્થૂળ વાત કરીએ તો ઈસ્લામ ધર્મની વિચારસરણીમાં મૂર્તિપૂજા,એનાં સૌંદર્યમંડિત શિલ્પો ધરાવતાં મંદિરો, સંગીત,નૃત્ય વર્જ્ય છે એટલે સમગ્ર વિશ્વમાંથી એવાં સોંદર્યસ્થાનોને નષ્ટ કરવા એ જ એમની પ્રવૃત્તિ બની રહી. આપણા લોકજીવનમાં ભવાઈના લોકનાટ્યમાં, રાસલીલા વગેરે શૃંગારીક નૃત્યોમાં, વિવાહગીતોમાં આવતા ફટાણાં જેવા ગીતોમાં જે તે સમયે સ્વીકાર્ય એવી અશ્લીલ હરક્તોને ધ્યાનમાં લઈને સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદસ્વામીએ પોતાના નંદશિષ્ય કવિઓને નવાં ઉત્સવગીતો અને લગ્નગીતોનું સર્જન કરવા આદેશ આપેલો. એ જ રીતે કવિ દલપતરામે પણ આવાં ગીતોની રચનાઓ કરેલી.

સૌંદર્યની અનુભૂતિ હંમેશાં દરેકને માટે વ્યક્તિગત- નીજિ-આગવી રીતે થતી હોય છે. ઘણીવાર તો કોઈપણ પદ્યરચનાને આપણે વાંચતાં હોઈએ ત્યારે આપણા ચિત્તની- મનોસ્થિતિ ક્યા પ્રકારની છે, આપણી રસ-રુચિ કેવી છે તે ઉપરાંત આપણી શારીરિક સ્વસ્થતા-અસ્વસ્થતાની પણ તેના પર અસર થતી હોય છે. એ જ રચના સમૂહમાં કે એકાન્તમાં, સંગીતની સાજસંગત સાથે કે વિના, રુબરુ કે ધ્વનિમુદ્રણ રૂપે સાંભળતાં હોઈએ ત્યારે વિભિન્ન પ્રકારનો સૌંદર્યબોધ થતો હોય એવું લાગે છે. આમ સ્થળ,કાળ,પરિવેશ, આપણી વિષય સાથેની સમજણ કે આપણું અનુસંધાન ( જે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક,પારિવારિક ભૂમિકા સાથે જોડાયેલું હોય)... જેવી કેટલી યે બાબતો સંતસાહિત્યના સોંદર્યબોધ માટે કારણભૂત હોય છે.


સંતવાણીની અધ્યાત્મભક્તિ રચનાના માત્ર ભાષા- શબ્દનું સોંદર્ય, શૈલી કે અભિવ્યક્તિનું સૌંદર્ય, પ્રાસ-અનુપ્રાસનું સૌંદર્ય, રાગ-ઢાળ- તાલનું સૌંદર્ય.. જેવા વિભાગો પાડીને પોસ્ટમોર્ટમ કરવાના પ્રયાસો પણ પશ્ચિમના કાવ્યશાસ્ત્ર (પોએટિક્સ ) કે સૌંદર્યશાસ્ત્ર(એસ્થેટિક્સ)ને અનુસરીને કેટલાક વિદ્વાનો કરતા રહ્યા છે પરંતુ એ કારણે આપણે સંતસાહિત્યના બાહ્ય- નિર્જીવ કલેવરનો પરિચય મેળવી શકીએ

(જુઓ પાનું ૬) ▸▸

## જીવનનું અમૃત

ભાણદેવ
bhandev@bombaysamachar.com

# રામાયણના સાત સ્થાન અને માનવ દેહના સાત ચક્રો વચ્ચે કોઈ સંબંધ ખરો?



આપણે 'રામાયણ'ની કથાનો નિરાંતે અભ્યાસ કરીએ તો એમ લાગે છે કે રામકથાના સાત સ્થાનો છે. ભગવાન શ્રીરામ અને ભગવતી શ્રીસીતાજીની જીવનલીલાની મહત્ત્વપૂર્ણ ઘટનાઓ મહદ્અંશે જે સ્થાનોમાં ઘટી છે, તેવાં સ્થાનો સાત છે. આ સાત પ્રધાન સ્થાનો નીચે પ્રમાણે છેઃ

૧. લંકા
૨. રામેશ્વર
૩. કિષ્કિંધા
૪. અયોધ્યા
૫. ચિત્રકૂટ
૬.પ્રયાગરાજ
૭. જનકપુર.

આ સાત સ્થાનોમાં રામકથાની ઘટનાઓ ઘટી છે, તેથી તેમને 'રામાયણ' ના સપ્ત સ્થાન કહી શકાય.

આ સાત સ્થાનોમાંથી પ્રથમ લંકા (જો તે વર્તમાન શ્રીલંકા છે તેમ ગણીએ તો) અને અંતિમ સ્થાન જનકપુર વર્તમાન ભારતમાં નથી. જનકપુર નેપાલમાં છે. બાકીનાં પાંચ સ્થાનો વર્તમાન ભારતમાં છે. જો આપણે વર્તમાનકાળથી રાજકીય દૃષ્ટિએ વિચારીએ તો આમ ગણાય, પરંતુ સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ વિચારીએ તો આપણી સમક્ષ વિશાળ ભારતવર્ષ દૃષ્ટિગોચર થાય છે. તેમ ગણીએ તો 'રામાયણ'ના આ સાતે સ્થાનો વિશાળ ભારતવર્ષમાં અવસ્થિત સાત ઐતિહાસિક સ્થાનો છે, તેમ ગણવું જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિચારીએ તો માનવશરીરમાં સાત ચક્રો છે. આ ચક્રો સ્થૂળ શરીરમાં નહીં, પરંતુ સૂક્ષ્મ શરીરમાં છે. આધ્યાત્મિક વિકાસ માટે આ ચક્રોનું જાગરણ અને ભેદ ખૂબ મૂલ્યવાન ઘટના ગણાય છે. નીચેથી ઉપરના ક્રમે આ સાત ચક્રો નીચે પ્રમાણે છેઃ

૧. મૂલાધાર-ચક્ર
૨. સ્વાધિષ્ઠાન-ચક્ર
૩. મણિપુર-ચક્ર
૪. અનાહત-ચક્ર
૫. વિશુદ્ધ-ચક્ર
૬. આજ્ઞા-ચક્ર
૭. સહસ્રાર-ચક્ર

જેમ 'રામાયણ'નાં સાત સ્થાનો વિશાળ ભારતવર્ષમાં અવસ્થિત છે, તેમ આ સાત આધ્યાત્મિક ચક્રો માનવદેહમાં અવસ્થિત છે.

હવે આપણે સમજવાનો પ્રયત્ન કરીએ છીએ કે 'રામાયણ'નાં સાત સ્થાનો અને માનવદેહમાં અવસ્થિત આ સાત આધ્યાત્મિક ચક્રો વચ્ચે કોઈ ગૂઢ સંબંધ છે કે નહીં ?

આપણે 'રામાયણ'ના સાત સ્થાનો અને માનવદેહસ્થ સાત ચક્રોની ગણનાનો ક્રમ નીચેની દિશાથી પ્રારંભીને ઉપરની દિશા તરફનો રાખેલ છે. તે પ્રમાણે લંકા અને મૂલધારચક્ર પ્રથમ આવે છે.

**૧. લંકા :**

આધિભૌતિક દૃષ્ટિથી લંકાનું સ્થાન વિશાળ ભારતભૂમિમાં છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું સ્થાન દેહમાં છે અને તે મૂલાધારચક્ર છે. લંકા અને મૂલાધારચક્ર વચ્ચે ગહન અને સૂક્ષ્મ એકત્વ છે. આ એકત્વનો સંબંધ ઘણો ગૂઢ છે અને અનુભૂતિગમ્ય છે.

લંકા ભોગેન્દ્ર છે. લંકામાં રાવણ, કુંભકર્ણ અને વિભીષણ વસે છે. આ ત્રણે અનુક્રમે રાજસિક, તામસિક અને સાત્ત્વિક અહંકારનાં સ્વરૂપો છે. રાવણની સેના અર્થાત્ રાક્ષસો અહંકારનું તે મૂલસ્થાન છે. રાવણરૂપી અહંકારનું તે દેહમાં અવસ્થિત સ્થાન છે.

યોગગ્રંથોમાં મૂલાધારનું ખૂબ સાંકેતિક અને સૂક્ષ્મ વર્ણન મળે છે. મૂલધારચક્ર પાયુ અને ઉપસ્થની વચ્ચે છે અને બંનેથી બે આંગળ દૂર છે.

મૂલાધાર ચક્રમાંથી ઈડા, પિંગલા અને સુષુમ્ણા- આ ત્રણ પ્રધાન નાડીઓ છૂટી પડીને આગળ વધે છે, તેથી આ સ્થાનને મુક્ત ત્રિવેણી કહેવામાં આવે છે. મૂલાધારચક્રમાં કામબીજ બિરાજે છે. આ કામબીજ છે : क्लीं

આ મૂલાધારચક્રનું તત્ત્વબીજ લંકાર છે. આ લંકાર પરથી વાલ્મીકિજીએ તે સ્થાન માટે 'લંકા' શબ્દ પ્રયોજ્યો હોય તેમ લાગે છે. આમ લંકા એટલે....જેનું તત્ત્વબીજ છે તેવું મૂલાધાર ચક્ર.

આ સ્થાનને શિવની પણ કહે છે. શિવનીમાં એક સૂક્ષ્મ શિવલિંગ છે, તેને 'રામાયણ'કાર ત્રિકૂટ પર્વત કહે છે. લંકા ત્રિકૂટ પર્વત પર વસેલી છે. આ શિવલિંગ તપ્તકાંચન જેવું ચળકે છે. તેથી રાવણની લંકાને સોનાની લંકા કહેવામાં આવી છે.

આમ, ભારતભૂમિ જે લંકા છે. તેનું સૂક્ષ્મ સ્વરૂપ મૂલાધારચક્ર છે. બંને વચ્ચે કોઈક સ્વરૂપનો રહસ્યપૂર્ણ સેતુ છે.

**૨. રામેશ્વરઃ**

આધિભૌતિક દૃષ્ટિથી રામેશ્વર દક્ષિણ ભારતના દક્ષિણ છેડે સમુદ્રકિનારે આવેલું એક સ્થાન છે. ભગવાન શ્રીરામે જ અહીં રામેશ્વર શિવની પ્રતિષ્ઠા કરી છે. અહીંથી જ હનુમાનજીએ લંકા જવા માટે છલાંગ મારી હતી અને અહીંથી લંકા સુધીનો સેતુબંધ બંધાયો હતો.

ભારતભૂમિમાં જે રામેશ્વર છે, તેનું જ આધ્યાત્મિક સ્વરૂપે દેહસ્થ સ્વાધિષ્ઠાનચક્ર છે.

રામેશ્વર અને સ્વાધિષ્ઠાનચક્ર વચ્ચે કોઈક સ્વરૂપનો ગૂઢ સંબંધ છે. જે આધિભૌતિક સ્વરૂપે રામેશ્વરમાં છે, તે આધ્યાત્મિક દૃષ્ટિએ સ્વાધિષ્ઠાનચક્રમાં છે.

મૂલધારચક્રથી બે આંગળ ઉપર આ ચક્રનું સ્થાન છે, એટલે આ ચક્રનું સ્થાન ઉપસ્થમૂલ છે.

આ ચક્ર નિમ્ન પ્રાણનું કેન્દ્ર છે. પ્રાણનું મુખ્ય કેન્દ્ર તો મણિપુરચક્ર છે, પરંતુ પ્રાણ નિમ્ન ગતિમાન થઈને સ્વાધિષ્ઠાનમાં રહે છે. પ્રાણની નિમ્નગતિ ભોગની કારિકા છે, તેથી કેન્દ્ર પણ ભોગકેન્દ્ર છે. મહાયોગી ગોરક્ષનાથ પણ 'સ્વ'નો અર્થ પ્રાણ કરે છે.

स्वशब्देन भवेत् प्राणः स्वाधिष्ठानं तदाश्रय :।।
–गोरक्षशतकम :१४

'' 'સ્વ' શબ્દનો અર્થ પ્રાણ છે અને તેનું આશ્રયસ્થાન તે સ્વાધિષ્ઠાનચક્ર છે.''

પ્રાણનો અર્થ અહીં નિમ્ન પ્રાણ કરવો જોઈએ.

રામેશ્વર અને લંકા વચ્ચે સેતુબંધની રચના થાય છે. રામેશ્વરથી લંકા સુધી હનુમાનજી છલાંગ મારે છે.

સ્વાધિષ્ઠાન અને મૂલાધાર વચ્ચે પ્રાણના પ્રવાહનો સેતુ છે. હનુમાનજી મહાપ્રાણના અધિષ્ઠાતા દેવ છે. મહાપ્રાણ રામેશ્વર અર્થાત્ સ્વાધિષ્ઠાનથી છલાંગ મારીને મૂલાધાર અર્થાત્ લંકા સુધી પહોંચે છે. આત્મા (રામ)ની નિજશક્તિ(સીતા)ને અહંકાર (રાવણ) લંકા (મૂલાધાર)માં કેદ કરી રાખે છે. તે વખતે મહાપ્રાણ (હનુમાનજી) સ્વાધિષ્ઠાન (રામેશ્વર)થી છલાંગ મારીને મૂલાધાર (લંકા) પહોંચે છે. અને આત્માની નિજશક્તિની શોધ કરીને આત્માને તેની ખબર પહોંચાડે છે. વાનરાઓ (પ્રાણના પ્રવાહો)ની મદદથી આતમરામ સેતુબંધનું નિર્માણ કરે છે અને મૂલાધારમાં અવસ્થિત અહંકાર પર વિજય મેળવીને પોતાની નિજશક્તિને પાછી મેળવે છે.

રામેશ્વરની રામેશ્વર તરીકે પ્રતિષ્ઠા તો ભગવાન શ્રીરામના ત્યાં આગમન પછી થાય છે, તે પહેલાં તો તે એક ઉજ્જડ ભૂમિ છે. સ્વાધિષ્ઠાન ઉજ્જડ ભૂમિ જેવું નિમ્નકોટિનું ચક્ર છે, પરંતુ આતમરામના સ્પર્શથી રામેશ્વર સાથે સંબંધિત ચક્ર બને છે.

**૩. કિષ્કિંધા :**


આધિભૌતિક દૃષ્ટિથી કિષ્કિંધાનું સ્થાન આપણી ભારતભૂમિના દક્ષિણ ભાગમાં છે. આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું સ્થાન માનવદેહમાં છે અને તે મણિપુર ચક્ર છે. રામાયણકથિત કિષ્કિંધા અને મણિપુર ચક્ર વચ્ચે એકત્વનો ગૂઢ સંબંધ છે.

(જુઓ પાનું ૬) ▸▸

મનન

હેમુ-ભીખુ
feedback@bombay
samachar.com

# અનિચ્છા છતાંય જૂઠું બોલાઈ જાય ત્યારે



આમ જોવા જઈએ તો કોઈને જૂઠું બોલવું નથી ગમતું, છતાં પણ જૂઠું બોલાતું હોય છે. કોઈને પાપ કરવું નથી ગમતું. છતાં પણ પાપનું આચરણ થતું જ હોય છે. ચોરી કરવી એ યોગ્ય નથી તેમ જાણ્યા પછી પણ વ્યક્તિ ચોરી કરવા પ્રેરાતી હોય છે. કોઈનું અપમાન ન કરવું જોઈએ તે વાત સ્વીકૃત હોવા છતાં સહજતામાં કોઈનું અપમાન થઈ જાય છે. બધા જ કુકર્મથી - બધા જ પ્રકારના કુકર્મથી દૂર રહેવું જોઈએ એવી દ્રઢ માન્યતા રાખનાર વ્યક્તિ પણ જે તે પરિસ્થિતિમાં કુકર્મ આદરે છે. ''જાનામી અધર્મમ્ ન ચ મે નિવૃત્તિ'' આજે પણ હકીકત છે.

બધાને સાત્વિક કર્મો કરવા હોય છે છતાં પણ તામસી કર્મની શૃંખલા સ્થાપિત થઈ જતી હોય છે. બધાને પોતાનું ચરિત્ર શુદ્ધ રાખવું હોય છે છતાં પણ ક્યાંક મલીનતા પ્રવેશી જાય છે. બધાને અહંકારનો ત્યાગ કરવો હોય છે પણ તેમ થતું નથી. શાસ્ત્ર અનુસાર કે બીજા શબ્દોમાં કહીએ તો ઉચ્ચ નૈતિકતાના ધોરણોસર દરેક વ્યક્તિ વર્તન કરવાની ઇચ્છા રાખે છે પણ ક્યાંક દિશા ભટકી જવાય છે. દરેક વ્યક્તિ એમ ઇચ્છતી હોય છે કે પોતાના માવતર, પોતાનો સમાજ, પોતાનું મિત્ર મંડળ જેના પર ગૌરવ કરી શકે તેવી સુ-જિંદગી જીવવી છે, પણ ક્યાંક વ્યક્તિ લાચાર બની નકારાત્મક બાબત સ્વીકારતો જ જાય છે. ''જાનામી અધર્મમ્ ન ચ મે નિવૃત્તિ'' ની લાચારી પ્રબળ છે.

કુકર્મ કરવાની પ્રેરણા વ્યક્તિગત મર્યાદાને કે મહેચ્છાને કારણે હોઈ શકે. ક્યાંક જીવનમાં પ્રવેશી ગયેલો અમર્યાદિત લોભ, પોતાના હકનું ન હોય તે મેળવવાની લાલસા, ટૂંકા સમયમાં સંપન્નતા પામવાની ઘેલછા, સામર્થ્ય કરતા વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા, વિવેક તથા સંયમનો અભાવ, કુકર્મ પ્રકાશિત નહીં થાય - જાહેર નહીં થાય તેની ખાતરી, સારા સંસ્કારોનો અભાવ, ઈશ્વરના નિયમોની અસ્વિકૃતિ કે ઈશ્વરના ડરનો અભાવ - આવા કંઈક કેટલાય કારણોસર વ્યક્તિ કુકર્મ કરવા તૈયાર થાય. એમ કહી શકાય કે કુકર્મ કરતી વેળાએ માનવીનું વર્તન તેના પોતાના કાબૂમાં ન હોય અને તેની તામસી કે રાજસી પ્રકૃતિ તેના પર હાવી થઈ જાય.

ક્યારેક જે તે પરિસ્થિતિ પણ વ્યક્તિને ખોટા કાર્ય કરવા લાચાર કરી દે. એમ પણ બની શકે કે વ્યક્તિ સારા-નરસાનો ભેદ પારખી ન શક્યો હોય. ક્યારેક અન્યને મદદરૂપ થવા માટે પણ અયોગ્ય કરવા વ્યક્તિ તૈયાર થયો હોય. જીવનની ભાગદોડમાં ક્યાંક બેધ્યાનપણું સ્થાપિત થઈ ગયું હોય. ક્યાંક અહંકારમાં એવી માનસિકતા વિકસી હોય કે 'જે થશે તે જોયું જશે'. એમ પણ બની શકે તે ક્યાંક આદત પડી ગયો હોય.

ક્યારેક માનવીની આંતરિક સ્થિતિ કારણભૂત હોય તો ત્યારે આવો વર્તાવ બહારની - સમાજની પરિસ્થિતિને આધારિત હોય. ક્યારેક ધર્મની સમજણનો અભાવ હોય તો ક્યારેક વિપરીત બાહ્ય પરિસ્થિતિ સાથે લડી લેવાની ઈચ્છા શક્તિનો અભાવ. ક્યારેક ધીરજ ખૂટી ગઈ હોય તો ત્યારે સમાજ સમય આપવા તૈયાર ન હોય. કેટલાક સંજોગોમાં વ્યક્તિ માનસિક રીતે નબળી હોય તો કેટલાક સંજોગોમાં બાહ્ય પરિસ્થિતિ આક્રમક હોય. ક્યારેક સંયમ તૂટી ગયો હોય તો ક્યારેક સમય નબળો હોય. ક્યારેક વ્યક્તિ પોતે સાત્વિકતા માટે તૈયાર ન હોય તો ક્યારેક પરિસ્થિતિ તેની સાત્વિકતા ખંડિત કરવા સક્ષમ હોય. ક્યારેક ભૂતકાળમાં પોતાના લીધેલા નિર્ણયો જ કુકર્મનું કારણ બની રહે તો ક્યારેક ભવિષ્યની વિડંબણા ભેદી જણાતી હોય.

ભીષ્મને પોતાની પ્રતિજ્ઞાને કારણે અધર્મના પક્ષે લડવું પડેલું. દ્રોણ માટે પણ એમ કહી શકાય. પોતાના સંતાન પ્રત્યેના મોહને કારણે તેમણે ધન માટે રાજ્યની ચાકરી કરવી પડી હતી. આવી પરિસ્થિતિમાં દ્વિધા ઊભી થાય. એક તરફ એમ જણાય કે તેમનું કાર્ય ખોટું હતું તો બીજી તરફ, જો તેમના સ્વ-ધર્મની વાત કરવામાં આવે તો, તેમનો નિર્ણય કોઈકને યોગ્ય પણ લાગે. એ પણ સમજવાની વાત છે કે, પરિસ્થિતિ જેમ દેખાય છે તેવી ન પણ હોય.


જે સ્ત્રી પોતાના સાત સાત સંતાનોને જન્મની સાથે જ નદીમાં વહાવી મૃત્યુને હવાલે કરી દે તે સ્ત્રીને દેવીનો દરજજો તો ન જ મળે, છતાં મા ગંગા આપણી દેવી છે - તે પૂજનીય છે - તે પવિત્ર કરનાર છે. આવા સંજોગોમાં સુ-કર્મ અને કુ-કર્મની વ્યાખ્યા નિર્ધારિત કરવામાં ખૂબ સાવચેત રહેવું પડે. અહીં એમ કહી શકાય કે, જો સમગ્રતામાં આશય શુભ હોય, સાત્વિક હોય તથા નિયતિના સમીકરણોને આધારિત હોય, તો તે કર્મ માન્ય રહે. મૂલ્યનિષ્ઠ માનવી કુકર્મ ન કરી શકે. નૈતિક મૂલ્યના અભાવે જ ખોટા કાર્ય થતા હોય છે.

ખોટા કાર્ય થવા પાછળ ક્યારેક સામૂહિક ઉન્માદ પણ કારણભૂત હોય છે. સમૂહમાં વ્યક્તિનું ચરિત્ર બદલાતું જોવા મળે છે. એકલો જતો વ્યક્તિ કોઈની પર પથ્થર નહીં ફેંકે, પણ જો તે ટોળામાં હોય, અને પથ્થરબાજી થતી હોય, તો તે એકાદ પથ્થર ફેંકી પણ દે. કુકર્મને અનુકૂળ માહોલ મળે તો વ્યક્તિ કુકર્મી બની જઈ શકે. વ્યક્તિની અંદર એક રાવણ બેઠો જ હોય છે. તક મળતા તે મા સીતાનું હરણ પણ કરે અને કુબેરનો ભંડાર પણ લૂંટી લે. જો અંદર બેઠેલા રાવણનો અસ્વીકાર કરવામાં આવે તો જ વ્યક્તિ કુકર્મ કરતા અટકી શકે. આ માટે ઉચ્ચકક્ષાના મૂલ્યો સ્થાપિત થયેલા હોવા જોઈએ, ધર્મનું વહન કરવાની વૃત્તિ હોવી જોઈએ, રુચિ આધ્યાત્મિકતા તરફ ઢળેલી હોવી જોઈએ, અષ્ટાંગ યોગની સંલગ્ન બાબત પ્રમાણે શુદ્ધતા પામવાના પ્રયત્ન થવા જોઈએ, અને તે બધા સાથે ઈશ્વર અને ગુરુદેવની કૃપા ભળેલી હોવી જોઈએ. ચિત્તની પૂર્ણ સાત્વિકતા કૃપા વગર પ્રાપ્ત ન થાય. ■

# નારી વર્ણનમાં પ્રગટતો સમાદર

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com



નારીવર્ણનને અનુસંગે નારીના રૂપ, ગુણ અને એના પ્રભાવને આલેખતા દુહાની મોટી પરંપરા છે. પ્રાકૃત, અપ્રભંશના અનેક દુહાઓ હેમચંદ્રાચાર્યે ઉદાહૃણ કરીના સમકાલીન પરંપરાનો પરિચય કરાવ્યો. અનુગામીઓએ આ પરંપરાને પચાવીને પછી પોતાની કળાશક્તિનો વિનિયોગ કરીને રચેલા દુહાઓ આપણી બહુ મોટી મૂડી છે. એમાંથી પ્રગટતું નારીરૂપ અને નારી ચિત્ત માનવીય ભાવવિશ્વથી પણ ભાવકને પરિચિત કરે છ. માત્ર શૃંગાર નહીં પણ નારીના પ્રભાવક વ્યક્તિત્વની ઓળખ કરાવતી વિગતો પણ એમાં હોઈને એ દુહાઓ ભાવક ચિત્તને આજ સુધી ભીંજવતા રહીને પરંપરામાં જીવંત રહ્યા છે. ભાવથી ભીંજવતા આવા થોડાં દુહા આસ્વાદીએ.

*'પગ જોઈ પાની જોઈ, નીરખી જોયાં નેણ;*
*ગુણવંતી ગોરી તણાં, વહાલાં લાગે વેણ'.*

નારીના નીરખવા-અવલોકવા જેવા અવયવોને અનુસંગે અહીં દુહાગીર કહે છે કે પગ જોયા. જોવાની તો માત્ર પીંડી નથી એમના પગ ગોઠણથી-પાની સુધીના ભાગનું દર્શન અહીં અભિપ્રેસ છે. નારીની આંખો નેણ-પાંપણના પલકારાની એક જીવંત છબી નયન દ્વારા પમાય છે. પણ આવી ગોરી ગુણવંતી છે. આવી સુંદરતા અને ગુણગાન નારીના વેણ-વાતું બહુ વહાલી-મીઠી લાગે. અહીં નારી પણ વહાલ નીખનાવનાર પરિબળ માત્ર સુંદરતા નથી પરંતુ ગુણવાનપણું એમના પરત્વે વહાલ નીપજાવે છે.

બીજા એક દુહામાં પણ આવા ભાવને ધારદાર રીતે અભિવ્યક્તિ અર્પેલ છે તે અવલોકીએ.

*'પીતળ સરખી પિંડિયું, હીંગળા સરીખા હાથ;*
*નવરો દીનો નાથ, (તે દી)પંડ બનાવી પૂતળી.'*

નારીના બે અવયવ-અંગને અહીં ઉપમા અર્પીને વર્ણવેલ છે. પીતળ જેવી નકોર અને એવા વર્ણવાળી પીંડીઓ. અને હાથ પણ રતુમડા હીંગળા જેવા કાંડાથી બાવડા સુધીનો ભાગ એની રતાશને કારણે એના નીરોગીપણાની તંદુરસ્તીની ગવાહી પુરી પાડે છ. જયારે સર્જનહાર દયાનાથ બ્રહ્મા સાવ નવરા-નિરાંતવાળા હશે ત્યારે આ પૂતળી જેવી દેહયષ્ટિનું નિર્માણ એણે કર્યું હશે.

બીજો એક દુહો પણ નારીના દેહલાલિત્ય સંદર્ભે પરંપરામાં અવલોક્વા મળે છે, તેને આસ્વાદીએ.

*'મચકે પગલાં માંડતી, લચકે પીઠનો લંક;*
*સહજ હાસ કરે સંદરી, દાડમ કળી દમંક'.*

ઝીણી મચકથી- ધીરેથી પગલા માંડતી-તરતી અને એની કંડય-પીઠને લચકો-વાંધો નાજુક વળાંક ચાલતી વખતે આપતી સન્નારી સહજ રીતે હાસ્ય રેલાવતી ખલકાતી હોય ત્યારે એના દાડમની કળી-દાણાં જેવા દાંત ધવલ તેજ પાથરતા હોય છે.

નારીનું તેજ, તપ અને તરવરાટ ભર્યા લયાન્વિત દેહ દુહામાંવર્ણવીને નારીની મહત્તાને કવિએ અભિવ્યક્ત કરી છે તે આસ્વાદ્ય બની રહે છે. આવો એક વિશેષ દુહો પણ અવલોકીએ.

*'ઢાળ્યાં નીચાં લોચન, ગાલે પડિયા શેરડા ;*
*ચૂંદડી ભીડી તંન, લાજે ઘેરી કુંવરકા'.*

જયારે નારી નીચા નયન ઢાળીને નિમિલિત નયને દષ્ટિપાત કરે છે - નજર નાખે છે ત્યારે એના ગાલે શેરડા પડતા હોય છે. પોતાની ચુંદડીને અંગ સાથે ભીડીને - શરીર સાથે લપેટીને કુંવરી લજજાશીલ બનીને આપણને એનામાં ઘેરી લેતી હોય છે. એની લજજા, સંકોચભાવ પણ દર્શાનીય બની રહે છે. એનું રૂપ આવા સમયે આવી ક્ષણે જ વિશેષ ખીલી ઊઠે છે.

નારી વર્ણનમાંથી નારી પરત્વેનો પ્રગતનો સમાદર અહીં દષ્ટિગોચર થાય છે. નારી દર્શનીય, પુજનીય અને પ્રેક્ષાણીય આવા કારણે બની રહે છે. નારીની મહત્તાને પ્રગટાવતા વલણોને દુહાગીરે ભારે સંયમથી આપણામાં સંક્રાંત કર્યા છે, દુહાની આ મોટી વિશિષ્યતા છે. ■

# 'પિતાજી ભગવાન શ્રીહરિ વિષ્ણુ સાથે બદલો લેવાથી તમને શું લાભ થશે?: પ્રહ્લાદ

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

(ગતાંકથી ચાલુ)


હિરણ્યકશ્યપુ વરદાન માગતા કહે છે કે 'પરમપિતા હું અજય, અજર અને અમર થઈ જાઉં, મારું જ એકછત્ર રાજ રહે અને મારો પ્રતિદ્વન્દી કોઈ જ ન રહે, તેવું વરદાન આપો.' બ્રહ્માજી કહે છે, 'મહાબલી હિરણ્યકશ્યપુ વરદાન તરીકે તમારી માગણી ઉચિત નથી, અજર અને અમર થવાનું વરદાન અશક્ય છે, કારણ કે જેણે જન્મ લીધો છે તેને મૃત્યુ નિશ્ચિત છે. સૃષ્ટિના નિર્માણથી લઈને પ્રલય સુધી ક્યારેય આવી પરિસ્થિતિ નહીં આવે કે કોઈને અમરતાનું વરદાન મળે. બીજું કોઈ પણ વરદાન માંગો.' તો હિરણ્યકશ્યપુ કહે છે 'તો બ્રહ્મદેવ મને એવું વરદાન આપો કે આપના દ્વારા બનાવેલા કોઈપણ પ્રાણી દ્વારા ક્યારેય મારું મૃત્યુ નહીં થાય, પછી એ માનવ હોય કે પ્રાણી, પશુ-અપશુ કે પક્ષી, દેવ, દાનવ કે નાગ કોઈના પણ હાથે મારું મૃત્યુ ન થઈ શકે, ન ઘરમાં કે ઘરની બહાર, ન દિવસે કે ન રાતે, ન અસ્ત્ર કે ન શસ્ત્રથી, ન પાશથી કે ન વજ્રથી, ન જળથી કે ન અગ્નિથી, ન પૃથ્વી પર કે ન આકાશમાં કયાંય મારો વધ ન થઈ શકે. હું સમસ્ત પ્રાણીઓનો એકમાત્ર સમ્રાટ બની જાઉં, બસ બ્રહ્મદેવ મને આ જ વરદાન આપો.' બ્રહ્મદેવ કહે છે, 'તથાસ્તુ, પણ યાદ રહે હિરણ્યકશ્યપુ કે આ વરદાનનો જો દુરુપયોગ થયો તો આ વરદાન તમારા માટે અનિષ્ટકારી સિદ્ધ થશે.' હિરણ્યકશ્યપુ કહે છે, 'અંત તમારે પણ એ સત્યનો સ્વીકાર કરવો જ પડયો કે મેં મારા મૃત્યુના તમામ માર્ગ લગભગ બંધ કરી દીધા છે.' અજ્ઞાની હિરણ્યકશ્યપુની વાતો સાંભળી બ્રહ્મદેવ ત્યાંથી વિદાય લે છે. વરદાન મેળવી હિરણ્યકશ્યપુ પોતાના મહેલ પર આવે છે. વરદાની હિરણ્યકશ્યપુની પ્રતિભાથી અસુર જમ્ભ અંજાઈ જાય છે અને અસુર જમ્ભ પોતાની પુત્રી કયાધુના લગ્ન અસુર હિરણ્યકશ્યપુ સાથે કરવાનો પ્રસ્તાવ મૂકે છે. માતા દિતીની સહમતિથી હિરણ્યકશ્યપુ અને કયાધુના લગ્ન યોજાય છે. થોડાં જ વર્ષોમાં તેમના દામ્પત્યજીવનમાં સંલ્હાદ, અનુલ્હાદ, લ્હાદ, અને પ્રહ્લાદ નામના ચાર પુત્રનો સમાવેશ થાય છે. હિરણ્યકશ્યપુના ચાર પુત્રોમાં પ્રહ્લાદ અસુરીવૃત્તિથી દૂર રહે છે અને તેમનામાં એક અલૌકિક શક્તિના માધ્યમથી ભગવાન શ્રીહરિ વિષ્ણુની ભક્તિના અંકુર ફૂટવા માંડે છે. પ્રલ્હાદની શ્રીહરિ વિષ્ણુ ભક્તિથી હિરણ્યકશ્યપુ અને કયાધુ સંતાપ અનુભવે છે. બીજી બાજુ હિરણ્યકશ્યપુના રાજમહેલમાં જ તેમની બહેન હોલિકા પણ ભાઈ હિરણ્યકશ્યપુની જેમ બ્રહ્મદેવની આરાધના કરવા માંડે છે. થોડા જ સમયમાં બ્રહ્મદેવ પ્રસન્ન થાય છે.

બ્રહ્મદેવઃ 'હોલિકા આંખ ખોલો, હું પ્રસન્ન છું વરદાન માગો.'

***

હોલિકાઃ 'બ્રહ્મદેવ મને અગ્નિથી બહુ ડર લાગે છે, મને એવું વરદાન આપો કે કોઈપણ અગ્નિ મને બાળી નહીં શકે.'

બ્રહ્મદેવ કહે છે, 'તથાસ્તુ, પણ યાદ રહે હોલિકા જો આ વરદાનનો દુરુપયોગ થયો તો આ વરદાન તમારા માટે પણ અનિષ્ટકારી સિદ્ધ થશે.' વરદાન મેળવી હોલિકા પણ ભાઈ હિરણ્યકશ્યપુના મહેલ પર આવે છે. અસુરીગણોમાં આનંદનું વાતવરણ ફેલાય છે કે હવે અસુરોએ અગ્નિ પર પણ વિજય મેળવી લીધો છે. હિરણ્યકશ્યપુ પોતાના અસુરોને આદેશ આપે છે કે હવે સમસ્ત સંસારમાં મને જ ભગવાન માનવામાં આવે અને મારી ભક્તિ કરવામાં આવે, જે કોઈ માનવ શ્રીહરિ વિષ્ણુની ભક્તિ કરતો દેખાય તો મારી સમક્ષ લાવી તેનો વધ કરવામાં આવે. હિરણ્યકશ્યપુ અને હોલિકા ભાઈ-બહેન પોતાને મળેલા વરદાનના અહંકારમાં એટલા ખોવાઈ જાય છે કે તેમને એ યાદ રહેતું નથી કે બ્રહ્માજીએ તેમને વરદાન આપતાં ચેતવણી આપી હતી કે વરદાનનો દુરુપયોગ કરશો તો વરદાન તેમના માટે અનિષ્ટકારી સિદ્ધ થશે.



***

કૈલાસ ખાતે માતા પાર્વતીઃ 'હે મહાદેવ હું જોઈ રહી છું કે હિરણ્યકશ્યપુ પોતાને ભગવાન માનવા માંડયો છે પણ તેના ઘરમાં તેનો પુત્ર તો ભગવાન શ્રીહરિ વિષ્ણુ ભક્ત છે, આ શું લીલા છે?'

ભગવાન શિવઃ 'દેવી નિયતીની લીલા અપરંપાર છે. દેવરાજ ઇન્દ્રએ એવું વિચાર્યું કે જો હિરણ્યકશ્યપુની પત્ની કયાધુનો જ વધ કરવામાં આવે તો વધુ અસુરી શક્તિ ઉત્પન્ન જ નહીં થાય અને દેવરાજ ઇન્દ્રએ હિરણ્યકશ્યપુના સેનાપતિ દુંદુભિનો વેશ ધારણ કરી રાજમહેલ પહોંચે છે અને મહારાણી કયાધુનું અપહરણ કરી તેનો વધ કરવા જાય છે. એ જ સમયે ત્યાંથી પસાર થતા દેવર્ષિ નારદ તેમને એવું કરતા રોકતાં કહે છે, 'હે દેવગણના રાજા દેવરાજ ઇન્દ્ર એક ગર્ભવતી નારીનો વધ તમને શોભા નથી દેતી, હું કહું છું છોડી દો એમને.' દેવર્ષિ નારદની આજ્ઞાનું પાલન કરતાં દેવરાજ ઇન્દ્ર ત્યાંથી પલાયન થઈ જાય છે તેની સુરક્ષા માટે દેવર્ષિ નારદ કયાધુને થોડા દિવસ પોતાના આશ્રમમાં લઈ જાય છે. દેવર્ષિ નારદના આશ્રમના કણેકણમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ સમાયેલા છે. અનાયાસ જ શ્રવણ કરેલા શ્રીહરિ વિષ્ણુના ગાનથી કયાધુના ગર્ભમાં રહેલો પ્રલ્હાદ કઈ રીતે અલિપ્ત રહી શકે.'

માતા પાર્વતીઃ 'દેવર્ષિ નારદના આશ્રમમાં રહેલો ગર્ભ ભગવાન શ્રીહરિ વિષ્ણુનો જ ભક્ત બની શકે અન્ય કોઈનો નહીં એ તો સત્ય જ છે.'

થોડા જ દિવસમાં હિરણ્યકશ્યપુ નગરમાં આવતાં દેવર્ષિ નારદ મહારાણી કયાધુને સુરક્ષિત તેમને સોંપી દે છે.'

***

હિરણ્યકશ્યપુ અને તેના અસુરો પૃથ્વીલોક પર આતંક મચાવે છે, એ સાંભળી અસુરગુરુ શુક્રાચાર્ય હિરણ્યકશ્યપુના મહેલ પર પધારે છે.

હિરણ્યકશ્યપુ પત્ની કયાધુ અને ચારેય પુત્રોને અસુરગુરુના દર્શન માટે રાજમહેલમાં બોલાવે છે. માતા અને પુત્ર પ્રહ્લાદ તેમના આશીર્વાદ લઈ રાજસિંહાસન પર બિરાજમાન થાય છે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'હે દૈત્યરાજ હિરણ્યકશ્યપુ તમે સમસ્ત સંસારમાં તમારી ધાક જમાવી દીધી છે, કોઈપણ સરેઆમ શ્રીહરિ વિષ્ણુની પૂજા નથી કરતું, પણ ઇન્દ્ર પોતાને સુરક્ષિત માની બેઠો છે, હવે તમારે સ્વર્ગલોક પર આક્રમણ કરી દેવતાઓને દાસ બનાવો અને ત્યારબાદ શ્રીહરિ વિષ્ણુને પરાજિત કરી તમારા ભાઈ હિરણ્યાક્ષના વધનો બદલો લો.'

પ્રહ્લાદઃ 'પિતાજી ભગવાન શ્રીહરિ વિષ્ણુ સાથે બદલો લેવાથી તમને શું લાભ થશે? તમે તો વરદાની છો, તમે જ્યાં પણ જશો ત્યાં તમને સફળતા જ મળવાની છે તો કોઈ પર આક્રમણ કરી બદલો લેવાની આવશ્યકતા શું છે? દરેકના ગુરુ પોતાના શિષ્યોને યોગ્ય માર્ગદર્શન અને સત્કર્મની પ્રેરણા આપતા હોય છે તો આપના ગુરુ આવું વિપરીત કાર્ય કરવાનું કેમ કહે છે.'

દેવગુરુ શુક્રાચાર્યઃ 'દૈત્યરાજ, તમારો પુત્ર અસુર થઈ આવી કાયરોની ભાષા કેમ બોલી રહ્યો છે.'

પ્રહ્લાદઃ 'માન્યવર આપ મારા પિતાજી અને અસુર કુળના ગુરુ છો એટલે મારા પ્રણામ સ્વીકારી મારા એક પ્રશ્નનો ઉત્તર જરૂર આપો. શું ધર્મ અને ન્યાયની વાત કરવી કાયરતા છે? આતંક અને અત્યાચાર ફેલાવવો શું શૂરવીરતાની નિશાની છે?'

દેવગુરુ શુક્રાચાર્યઃ 'પ્રલ્હાદ જો તું મારા શિષ્યનો પુત્ર ન હોત તો હું તને એવો જવાબ આપત કે સમગ્ર સંસાર કાંપી જાત.'

પ્રહ્લાદઃ 'દરેક ગુરુ ક્રોધ ન કરવો અને કટૂતાથી દૂર રહેવાની શિક્ષા આપે છે અને તમે ક્રોધ કરી કટૂ શબ્દનો પ્રયોગ કરી રહ્યા છો, હું એવું વિચારી રહ્યો છું કે મારા જેવા બાળકને યોગ્ય જ્ઞાન અને શિક્ષણ નથી આપી રહ્યા તો મારા પિતાજીને જ્ઞાન અને શિક્ષણ આપતી વખતે ન્યાય કેવી રીતે કર્યો હશે?' (ક્રમશ)■

# સાંપ્રત રાજકારણ ને શ્રીરામનો જીવન સંદેશ

ચિંતન

હેમંત વાળા
feedback@bombay
samachar.com

કળિયુગ ચાલે છે, વાત સાચી છે. કળિયુગનો સૌથી વધુ પ્રભાવ રાજસત્તા પર જોવા મળે છે. જ્યાં ઉપરના સ્તરે જ નીતિમત્તાનો અભાવ હોય ત્યાં એ રોગ સમાજમાં પ્રસરે તે સ્વાભાવિક છે. રાજસત્તા કેવી હોવી જોઈએ અને રાજધર્મ કેવી રીતે પાળી શકાય તે માટે આપણી પાસે તો પ્રેરણાદાયક ઉદાહરણો છે. તેમાં સૌથી ઉત્કૃષ્ટ ઉદાહરણ શ્રીરામનું છે, રામ-રાજ્યનું છે. અહીં કેટલીક મર્યાદાને કારણે, પ્રસંગોનો ઉલ્લેખ કર્યા વગર, શ્રીરામના જીવનમાંથી આજના રાજકારણ માટે થોડા સૂચનો છે. આ સૂચનો એટલા સહજ છે કે રામના જીવનને થોડું જાણનાર વ્યક્તિ પણ તેનો સંદર્ભ સમજી શકશે.

શ્રીરામના જીવન-ચરિત્ર પરથી સ્થાપિત થાય છે કે વ્યક્તિગત સિદ્ધિ કે હેતુ માટે રાજસત્તાનો ઉપયોગ ન કરી શકાય, સત્તા પ્રાપ્ત થયા પછી વિવેકપૂર્ણ વ્યવહાર બહુ જરૂરી છે. નેતાએ નૈતિક કટિબદ્ધતા જીવનભર જાળવવાની હોય, સમાજ માટે એક આદર્શ ઉદાહરણ સ્થાપવાનું હોય. નેતાના મનમાં વિરોધી પ્રત્યે પણ સમજણ હોવી જોઈએ, તેમની સાથેના વ્યવહારમાં પણ નીતિમત્તા જળવાવી જોઈએ. નેતાએ વિરોધીના અધિકાર ક્ષેત્રમાં પ્રવેશ ન કરવો જોઈએ. શ્રીરામના જીવનનો અભ્યાસ કરતા આ બધી બાબતો પ્રતીત થશે.

શ્રીરામ પોતાના જીવન દ્વારા દર્શાવી ગયા કે રાજાએ - સત્તાધીશે - નેતાએ આદર્શ સાથે ક્યારેય બાંધછોડ ન કરવી; પણ અહીં તો મર્યાદિત સંખ્યાના મત માટે પણ આદર્શોને સદંતર ભૂલી જવામાં આવે છે. શ્રીરામ દ્વારા વિશ્વાસનીયતા સ્થાપિત કરવાની જે વાત છે તે સાંપ્રત સમયમાં ભાગ્યે જ જોવા મળે છે. આજના નેતાઓએ ખાસ સમજવાનું એ છે કે પ્રજાને રામભરોસે ન છોડાય. જો પ્રજાના લાભમાં હોય તો અશક્ય જણાતું કામ પણ હાથ પર લેતા ખચકાટ ન થવો જોઈએ.

પોતાના જીવનમાં શ્રીરામે સ્થાપિત કર્યું કે સત્તાધિશે કોઈપણ સંજોગોમાં ધર્મનો સાથ ના છોડવો - ધર્મ એટલે નિમિત્ત કાર્યથી સ્થપાતું ઉત્તરદાયિત્વ. નીતિમત્તાના ઉચ્ચ ધોરણ સ્થાપવા માટે નેતાએ વિશ્વાસઘાત કરવાથી દૂર રહેવું પડે. સામાજિક અને રાજકીય માપદંડ સાથે શ્રીરામે વ્યક્તિગત જીવનમાં પણ નેતા માટે માપદંડ સ્થાપેલા છે. તેમના જીવન પરથી જણાશે કે નમ્રતા જાળવી રાખવી અગત્યની છે. ક્રોધ પર પણ કાબુ હોવું જોઈએ. શાસ્ત્રોક્ત નિષ્ઠાથી રાજદંડ ધારણ કરવો જોઈએ. પૈસો, પદ, જ્ઞાન કે શસ્ત્રને આધારે મળેલા સામર્થ્યનો ઉપયોગ ધર્મ અને સત્યની સ્થાપના માટે કરવો જોઈએ. રાજકારભાર માટે વ્યક્તિની પસંદગીમાં વ્યક્તિગત સંબંધો વચ્ચે ન આવવા જોઈએ. વાનરસેના સાથે તેમના સંબંધોથી શ્રીરામે એમ સ્થાપિત કર્યું છે કે, દરેક વ્યક્તિમાં એક ચોક્કસ પ્રકારની સંભાવના રહેલી હોય છે. સત્તા પર બેસનાર વ્યક્તિએ દરેકની સંભાવનાનો હકારાત્મક ઉપયોગ કરવો જોઈએ. દર વખતે શ્રેષ્ઠ મનુષ્યની પસંદગી જરૂરી નથી પણ મનુષ્યમાંથી શ્રેષ્ઠ ગુણો શોધી તેના પ્રયોજનની જરૂર છે. સત્તા પ્રાપ્ત થયા પછી વફાદારીની કદર કરતા આવડવું જોઈએ. કોઈનો ઉપયોગ કરી તેનો ત્યાગ ન કરવાનો હોય. સામાજિક ઉત્કર્ષ માટે સામ-દામ દંડ-ભેદની નીતિ અપનાવી સફળતા માટે પ્રયત્ન કરવો પડે. પરંતુ આ આખી પ્રક્રિયામાં સામાજિક મૂલ્યોનું અવમૂલ્યન થવું જોઈએ. સાંપ્રત સમયમાં નેતાઓ દ્વારા આ બધી બાબતોનું ધ્યાન રખાતું હોય તેવું જણાતું નથી.

કૌટુંબિક તેમજ સામાજિક પરંપરાનું મહત્ત્વ જાળવી રાખવું પડે. સાથે સાથે પ્રશ્નાર્થ જનક બાબતોનું ખંડન પણ કરવું પડે. પરંતુ કુટુંબ કે વ્યક્તિગત સંબંધ સામાજિક ઉત્તરદાયિત્વ કરતા મહત્ત્વના ન થઈ જવા જોઈએ. આજે તો રાજકારણના કેન્દ્રમાં પણ કુટુંબ જ હોય તેમ જણાય છે. વ્યક્તિગત જીવનની બાબતો, સામાજિક અને રાજકીય જીવન પર હાવી ન થઈ જવી જોઈએ. વ્યક્તિગત હેતુ માટે સામાજિક વ્યવસ્થા કે રાજ વ્યવસ્થાનો ઉપયોગ ન કરાય તેમ શ્રીરામ પોતાના જીવન થકી સ્થાપિત કરી ગયા છે. કઠિન તેમજ વિપરીત પરિસ્થિતિમાં પણ સૌમ્યતા જાળવી રાખવી પડે, અને બધાને વિશ્વાસ અપાવવો પડે કે બધું સારું થઈ રહેશે. જ્યારે પડકાર ઉભો થાય ત્યારે પોતે આગળ આવવાનું હોય. સાથે સાથે સમુહકાર્યનું મહત્ત્વ પણ સ્થાપિત થવું જોઈએ. નેતાએ સમાજના હિત માટે જોખમ લેવા પણ તૈયાર રહેવું પડે. શ્રીરામના રાવણ સાથેના યુદ્ધમાં આ બધી બાબતો જોવા મળે છે. નેતાએ નકારાત્મકતાથી દૂર રહેવું જોઈએ. નાની મોટી દરેક વ્યક્તિનું માન જાળવવું અને તેના સહકારની કદર કરવી જોઈએ. પોતે રાજા-પાઠમાં આવ્યા વગર રાજસત્તાના નાટકમાં દરેક પાત્રનું મહત્ત્વ છે તેમ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. નેતાઓએ એ સમજવું પડે કે સામર્થ્યવાન વ્યક્તિએ ક્ષમાશીલતાના ગુણ વધુ વિકસાવવા પડે. વ્યક્તિગત ધોરણે નેતાઓએ મૃત્યુની આમાન્યા પણ જાળવવી જોઈએ.

રાજધર્મ એક બાબત છે અને વ્યક્તિગત શ્રદ્ધા બીજી બાબત; આ બંને વચ્ચે ક્યાંય ગૂંચવાડો ન ઊભો થવો જોઈએ.

કૌટુંબિક તેમજ સામાજિક પરંપરાનું મહત્ત્વ ક્યારેય ઓછું ન થવા દેવું. ગમે તે પદ પર પહોંચ્યા પછી પણ ગુરુ, સંસ્કૃતિ અને સંસ્કારનું મહત્ત્વ ઓછું ન થવું જોઈએ. આ બધા રાજકારણ રમવાના સાધનો નથી. સાંપ્રત સમયના નેતાઓમાં પણ ક્યાંક અપવાદ હોય છે. કેટલાક સંપૂર્ણતામાં શ્રીરામ જેવા નહીં હોય, પરંતુ શ્રીરામના કેટલાક આદર્શને તેઓ દ્રઢતાથી અનુસરતા હોય તેમ જણાય છે. ■

# શ્યામ રંગ

ટૂંકી વાર્તા

-અવિનાશ પરીખ
feedback@bombaysamachar.com



વસંતના વાયરાના સ્પર્શમાં આ વખતે વાસંતીને પ્રણયની મોરલીના સૂરો સંભળાઈ રહ્યા હતા. ઉત્તર ગુજરાતના નાનકડા ગામમાં રહેતી વાસંતી સુખી ખેડૂતની શિક્ષિત પુત્રી હતી. ગામની નજીક આવેલા તાલુકા કક્ષાના ગામમાં તેણે બી.એ. કર્યું હતું. હાલમાં તે પોસ્ટલ ટ્યુશનના કોર્ષ દ્વારા એમબીએ કરી રહી હતી.

તેનું સગપણ એક મહિના અગાઉ અમદાવાદના ધનાઢ્ય કુટુંબના નબીરા અનંત સાથે થયું હતું. અનંત પોતાના દાદાજી દામોદરદાસનો કેમિકલ્સનો ધંધો સંભાળતો હતો. તેના માતાપિતા એક વિમાન અકસ્માતમાં તેને પાંચ વર્ષનો મૂકીને સ્વર્ગે સિધાવી ગયાં હતાં. દાદાજીએ તેનો ઉછેર કર્યો હતો.

પચીસ વર્ષનો અનંત રંગે શ્યામ હતો, પણ આકર્ષક હતો. નાનપણથી જ તેને ગોરા રંગ પ્રત્યે આસક્તિ હતી. અને તેથી જ તેણે રૂપરૂપના અંબાર સમી, ગૌરવર્ણી વાસંતી સાથે જીવન પસાર કરવાનું નક્કી કરી લીધું હતું. વાસંતી તેને જોતાવેંત જ ગમી ગઈ હતી અને તેણે કોઈ પણ ક્ષોભ વગર વાસંતીને પ્રથમ મુલાકાતમાં જ ભાવિ પત્નીના રૂપમાં સ્વીકારી લીધી હતી. વડીલોને પણ તેની ઉતાવળથી આશ્ચર્ય થયું હતું.

અનંત આજે વાસંતીને મળવા આવી રહ્યો હતો. વાસંતી ખૂબ જ ખુશ હતી. તેના પિતા હરસુખભાઈ અને માતા હર્ષાબહેન પણ જમાઈના સ્વાગતની તૈયારી કરી રહ્યાં હતાં. અનંત સાંજના આવવાનો હતો. વાસંતી પ્રિયતમના સ્વાગત માટે સજ્જ હતી. વારેવારે તે અરીસામાં સ્વને નિહાળી સુંદરતાની સપાટીનું અવલોકન સભાનતાપૂર્ણક કરી રહી હતી.

સાંજના છના ટકોરે પોતાની વૈભવી કારમાં આવી પહોંચ્યો. સાસુ-સસરા સાથે ઔપચારિક વાતો, ચા-નાસ્તો... થોડી હસાહસ... આ બધાનો ક્રમ પૂરો થતા જ અનંત વાસંતીને લઈને લૉંગ ડ્રાઈવ માટે નીકળી પડ્યો. તેની કાર ગામનો સીમાડો વટાવી હાઈવે ઉપર દોડી રહી હતી. બે પ્રણયઘેલાં જીવો વચ્ચે મૌન મુસ્કુરાઈ રહ્યું હતું. ''પહેલે આપ''ની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

''ક્યાં જઈશું... આપણે?'' અંતે વાસંતીએ મૌન તોડ્યું.

''અમદાવાદ.'' અનંતે ગંભીરતાથી કહ્યું અને બાદમાં મુક્તમને હસી પડ્યો.

વાસંતીના મુખારવિંદઉપર સ્મિત પ્રસરી ગયું.

''આવવું છે, અમદાવાદ?'' અનંતની નજર કપાઈ રહેલી સડક ઉપર હતી.

''ના.''

''કેમ?''

''અમદાવાદ તો શ્રીમતી અનંત બનીને જ આવીશ.'' વાસંતીએ ગુલાબી સાડીનો છેડો સરખો કર્યો.

''તો ચાલ... મંદિરમાં જઈને પરણી જઈએ.''

અનંતના સ્વરમાં બનાવટી ગાંભીર્ય હતું.

''મારે ધામધૂમથી પરણવું છે. હજારો લોકોની સામે.''

''ઓહ... તને ભીડ ગમે છે... તેમ કહી શકાય.''

વાસંતીએ ઉત્તર ન આપ્યો. તેની નિર્મળ આંખોમાં ભાવિ પતિ માટેની લાગણીનો સાગર મસ્તીએ ચડ્યો હતો. અનંતને વાસંતીનું રૂપ લોભાવી રહ્યું હતું.

તેણે કહ્યું, ''વાસંતી... સમીપ આવ.''

વાસંતી નિર્દોષતાથી બોલી, ''શ્યામ રંગ સમીપે ન જાઉં... હું.''

આ સાંભળીને અનંત સહેજ ચોંકી ગયો. તેને પોતાના શ્યામપણાનો દંશ જાણે વાસંતીના વાક્ય વડે લાગી ગયો! તેણે ત્વરાથી વાસંતી તરફ જોઈ લીધું. વાસંતીની ગૌર કાયા તેને અચાનક જ લઘુતાગ્રંથિના વિશ્વ તરફ ધકેલી રહી હતી. અનંતે કારની સ્પીડ વધારી. વાસંતીએ અનંત સામે નજર કરી. અનંતે ગતિમાં વધારો કર્યો. વાસંતીને કારની ગતિમાં આવેલું પરિવર્તન ન સમજાયું.

તે બોલી, ''અનંત, ધીમે જરા. આ એક્સપ્રેસ હાઈવે નથી.''

અનંતે ઝડપ ઘટાડી. વાસંતીના હોઠ હસી ઊઠ્યા. તે અનંતને તાકી રહી હતી. અનંત આ પામી ચૂક્યો હતો. તેના વિચારોનું કેન્દ્ર તેનો શ્યામ રંગ હતો. ''શું વાસંતી મારા શ્યામ રંગને નીરખી રહી હશે?'' આ પ્રશ્ન અનંતને છળી રહ્યો હતો.

''અનંત.'' વાસંતી નરમાશથી બોલી.

''હં...''

''અહીંથી બે કિલોમીટર દૂર રાધા-કૃષ્ણનું સરસ મંદિર છે. જઈશું ત્યાં?''

''હા... જઈશું.'' અનંત પરાણે બોલ્યો.

પાંચ મિનિટમાં કાર મંદિરના પરિસરમાં પાર્કિંગ પ્લોટમાં હતી. બંને જણ નીચે ઊતર્યા. એકસો વારના અંતરે આરસનું મંદિર હતું. લોકોની ભીડ જોઈને વાસંતી બોલી, ''આજે કોઈ તહેવાર નથી... છતાં આટલી મેદની કેમ છે તે સમજાતું નથી.''

અનંતે પ્રતિભાવ ન આપ્યો. તેની દૃષ્ટિ વાસંતીના ગોરા મુખડા ઉપર હતી. પોતાના શ્યામ રંગની સરખામણી તે વાસંતીના શુભ્ર રંગ સાથે કરી રહ્યો હતો. તેના હૃદયમાં શૂળ ઊપડ્યું હતું. પોતે પણ આકર્ષક હતો તે વાત અનંત વીસરી ગયો હતો.

બંને જણ મંદિર તરફ ચાલવા માંડ્યા.

''અનંત''. વાસંતીએ હળવેકથી અનંત શબ્દનો ઉચ્ચાર કર્યો.

''બોલ.''

''તું મૂડમાં નથી લાગતો. કારણ શું છે?''

''આઈ એમ ઓ.કે.'' અનંત ફિક્કું હસ્યો.

''ના... જરૂર કોઈ વાત છે જે તને પજવી રહી છે.''

''....'' અનંત પાસે ઉત્તર નહોતો.

''તને મંદિરમાં લાવી તે તને ગમ્યું લાગતું નથી.'' વાસંતી સહજતાથી બોલી.

અનંતે સ્મિત વહેતા કહ્યું, ''હું કૃષ્ણ ભક્ત છું, વાસંતી.''

''હું પણ. અને કાળા કૃષ્ણ તથા ગોરા રાધાજીની જોડી કેટલી ભવ્ય છે, નહિ!'' ખૂબ ભાવપૂર્વક વાસંતીએ પોતાની વાત કહી.

વાસંતીની વાતે પુનઃ અનંતને બેચેન કરી મૂક્યો. તેની દુઃખતી નસ જાણે બળપૂર્વક વાસંતીએ દબાવી દીધી હતી. તે ચાલતા ચાલતા અટકી ગયો. વાસંતી પણ અટકી. તે અનંતને ધ્યાનથી જોઈ રહી હતી. અનંત પોતાની પરેશાની સપાટી ઉપર લાવવા ઈચ્છુક નહોતો. તેણે સહજ બનવાનો પ્રયત્ન કર્યો.

વાસંતીએ ખૂબ જ આત્મીયતાથી પૂછ્યું, ''આર યુ ઓ.કે... અનંત?''

''યસ...યસ... આઈ એમ.'' અનંતે પુનઃ ચાલવાની શરૂઆત કરી.

અને તે જ વખતે બંનેને વાસંતીના નામની હાક સંભળાઈ. બેઉ જણે પીઠ ફેરવી પાછળ નજર કરી. એક યુવક મુક્ત હાસ્ય વેરતો ત્યાં ઊભો હતો. કામદેવને શરમાવે તેવું તેનું રૂપ હતું. ગોરી કાયા ઉપર કાળા રંગનું જીન્સ અને અડધી બાંયનો કાળો ટી શર્ટ પ્રભાવ પાથરી રહ્યા હતા.

વાસંતીએ યુવકને જોઈને હર્ષથી બોલી, ''તું અહીં ક્યાંથી પ્રીતેશ?''

પ્રીતેશ ઝડપથી તેને પાસે આવ્યો. બંને જાણે હસ્તધનૂન કર્યું. પ્રીતેશે કહ્યું, ''ગ્રેજ્યુએટ થયા બાદ પ્રથમવાર મળ્યા છીએ. તું વધારે રૂપાળી થઈ ગઈ છે આટલા મહિનાઓમાં!''

અનંત પ્રીતેશનું ધ્યાનથી અવલોકન કરી રહ્યો હતો. પ્રીતેશના શબ્દોમાં ખેંચાણ હતું. તેનું રૂપ મોહી લે તેવું હતું. અનંત મનોમન બબડ્યો, ''કૉલેજમાં બંનેએ ત્રણ વર્ષ સાથે કાઢ્યા છે. ખૂબ જ આત્મીયતા છે... બંને વચ્ચે તે નક્કી. વળી, તેમની જોડી પણ જામી રહી છે. વાસંતીએ આ હીરો સાથે કેમ સગપણ ન કર્યું? આટલી સારી દોસ્તી તો લગ્નમાં પરિણમવી જ જોઈએ. મારી સાથે લગ્ન કરીને વાસંતી પ્રીતેશ સાથે સંબંધ તો રાખવાની છે જ. કશું સમજાતું નથી.''

આ મનોમંથનના ગાળામાં જ વાસંતીએ અનંતનો પરિચય પ્રીતેશ સાથે કરાવ્યો. પ્રીતેશ અનંતને ઉમળકાથી મળ્યો પણ ખરો. બંને વચ્ચે ઔપચારિક વાત પણ થઈ. પણ, આ સઘળી ક્રિયામાં અનંત શરીરથી જ હાજર હતો, મનથી નહિ. તેનું મન કૉલેજના બે મિત્રોના સંબંધોના સમીકરણમાં અટવાયું હતું. પ્રીતેશનો ગોરો રંગ તેને કનડી રહ્યો હતો. તે વાસંતી સાથે એકદમ યત્રવંત બનીને મંદિર તરફ જઈ રહ્યો હતો.

મંદિરના પ્રવેશદ્વાર ઉપર પહોંચતા જ તેણે કહ્યું, ''વાસંતી, અંધારું પથરાઈ ચૂક્યું છે. જલદી ઘરે પહોંચી જઈએ.''

વાસંતી અટકી. ''પ્રીતેશે શું કહ્યું છે... આપને?''

''શું કહ્યું છે? અનંત ગૂંચવાયો.

''આ મંદિરમાં હવન છે અને તેની જ આ ભીડ છે. હવન પ્રીતેશના પિતાજી કરાવી રહ્યા છે. હવન બાદ ભોજનનો કાર્યક્રમ છે અને આપણે બંનેએ જમીને જ જવાનું છે. તેં ખુદે આ આમંત્રણ સ્વીકાર્યું છે. ભૂલી ગયા?'' વાસંતીના મુખ ઉપર આશ્ચર્ય હતું.

અનંત બાજી સંભાળી લેતા રહ્યું, ''હા... હા... મને યાદ છે. હું તને એમ કહેતો હતો કે ભોજન બાદ તરત નીકળી જઈશું.''

વાસંતી અનંતાના ખુલાસાથી સંપૂર્ણ સંતુષ્ટ નહોતી. અનંત આ સમજી ગયો. તેની મનઃસ્થિતિ તેને તંગ કરી રહી હતી અને વાસંતી સમક્ષ તે પ્રગટ થઈ શકે તેમ પણ નહોતું.

મંદિરમાં દર્શન કરી લીધા બાદ તરત જ બેઉ જણ જમવા બેસી ગયા. ભોજન દરમિયાન પ્રીતેશે બંનેનું ખૂબ જ ધ્યાન રાખ્યું. ભોજનની સમગ્ર ક્રિયામાં પ્રીતેશે વાસંતીને ખૂબ હસાવી. અનંતને ભાવિ પત્નીનું મુક્ત હાસ્ય પીડા પ્રદાન કરી રહ્યું હતું. વાસંતી વાતચીતની સફરમાં અનંતને સતત સાથે રાખી રહી હતી તે વાતની નોંધ અનંતે લીધી હતી, પણ, કોઈ અગમ્ય કારણસર તે સ્વયંને એ બે જણની જચ્ચેથી બાકાત રાખી રહ્યો હતો.

ભોજન બાદ વાસંતી પ્રીતેશના પરિવારજનોને મળી. ગૌરવપૂર્વક તેણે પોતાના ભાવિ પતિનો પરિચય સહુ સાથે કરાવ્યો.

તેણે દરેકને પોતાના લગ્નમાં આવવાનું ભાવભીનું આમંત્રણ આપ્યું. અનંતને બધા ભાવ સાથે મળ્યાં. પણ, અનંત તો બીજા જ વિચારોમાં ગોથાં ખાઈ રહ્યો હતો. તે ભગવાનને પોતાના શરીરના રંગ માટે કોસી રહ્યો હતો. તેની માનસિક હાલત આ અગાઉ ગૌર રંગો લઈને આટલી ડામાડોળ ક્યારેય નહોતી થઈ. પણ, વાસંતી તેની પત્ની બનવાની હોઈ તેની રંગ પ્રત્યેની સભાનતા બળવત્તર બની હતી.

કારમાં ઘર તરફ સફર આરંભાઈ. અનંતને સડક ઉપર રૂપાળા પ્રીતેશના જ દર્શન થઈ રહ્યા હતા. તે એકદમ મંદ ગતિમાં કાર હંકારી રહ્યો હતો. તેણે નોંધ્યું કે વાસંતી ખૂબ જ ખુશ હતી. તેની ખુશીનું કારણ પ્રીતેશ હતો કે તેનો ભાવિ પતિ? આ પ્રશ્નનો ઉત્તર અનંતને સાંપડી રહ્યો નહોતો. બહારનો અંધકાર તેને પોતાના હૃદયમાં વ્યાપેલા અંધકાર જેટલો જ ગાઢ લાગી રહ્યો હતો.

''વાસંતી...''

''હં...''

''પ્રીતેશ જે ગામમાં રહે છે તે ગામ તેં જોયું છે?'' અનંતે સ્વસ્થ સ્વરમાં પૂછ્યું.

વાસંતી બોલી, ''હા, એક જ વાર હું ત્યાં ગઈ છું.''

વાસંતીનો ઉત્તર સાંભળીને અનંતને સારું લાગ્યું. તેણે પ્રશ્ન જે આશયથી પૂછ્યો હતો તેનો છેદ વાસંતીના ઉત્તરે ઉડાવી દીધો હતો. તેનાથી આપોઆપ જ કારનું એક્સીલેટર દબાઈ ગયું. કાર ઝડપથી દોડવા માંડી.

બંને જણ ઘરે પહોંચ્યા.

તે રાતના અનંત સૂઈ ન શક્યો. જે ખંડમાં તેની સૂવાની વ્યવસ્થા હતી તે ખંડમાં એક પૂરા કદનો અરીસો હતો. અનંતે રાત દરમિયાન એકસો વાર પોતાનો શ્યામ રંગ અરીસામાં જોયા કર્યો. તેનું મન એક બાબત પ્રત્યે મજબૂત બનતું જઈ રહ્યું હતું. સવારે છ વાગ્યે તેણે એક વાતનો નિર્ણય લઈ જ લીધો. તેના હૈયાને ટાઢક વળી.

તે તૈયાર થઈને સવારે આઠ વાગ્યે નીચે આવ્યો.

સહુ તેની રાહ જોઈ રહ્યાં હતાં. ચા-નાસ્તો આરોગ્ય બાદ સહુ દીવાનખંડમાં ગયાં. અનંતે જે વાત સંઘરી રાખી હતી તે કહેવાની વેળા આવી પહોંચી હતી તેમ તેને લાગ્યું. તેણે વાસંતી અને તેના માતાપિતા તરફ વારાફરતી જોઈ લીધું. બધા ન પ્રસન્ન હતા. હૃદય ઉપરનો ભાર ઉતરી જવાનો હોવાથી અનંત પણ હળવોફુલ હતો.

અનંતે વાસંતીના પિતા તરફ જોતા કહ્યું, ''વડીલ, એક વાત કરવી છે.''

હરસુખભાઈ હસીને બોલ્યા, ''કહો... અનંતકુમાર. વિના સંકોચે જે વાત કહેવી છે તે કહી નાખો.''

''વાત અમારી દીકરી અંગેની ફરિયાદની હશે તો પણ ચાલશે.'' હર્ષાબહેને મલકાટ વેરતાં કહ્યું.

વાસંતી તરત જ બોલી, ''અનંતની વાત પહેલા હું મારી વાત અનંત સમક્ષ મૂકવા માગું છું.''

''તારી વાત બાદમાં, પહેલા જમાઈ.'' હરસુખભાઈ બોલ્યા.

''નો... લેડીઝ ફર્સ્ટ.'' વાસંતી નાની બાળકી બની ઊઠી.

અને વાસંતી અનંત તરફ ફરતાં બોલી, ''લગ્ન બાદ દર મહિને મને મારા પિયેર આવવાની પરવાનગી અત્યારે જ તું આપી દે તેમ હું ઈચ્છું છું.''

વાસંતીના માતાપિતા ખડખડાટ હસી પડ્યાં.

હર્ષાબહેને કહ્યું, ''અનંત કુમાર. પરવાનગી ન આપતા. દર મહિને તે વળી પિયેર અવાતું હશે!''

''મમ્મી, તું મારા વરજીને ચડાવી રહી છે, હોં,'' વાસંતીને કૃત્રિમ છણકો કર્યો.

''દીકરી તો સાસરે જ શોભે. સમજી?'' હર્ષાબહેન મલકાઈ રહ્યાં હતાં.

તેટલામાં હરસુખભાઈનો ફોન આવ્યો. તે મોબાઈલ લઈને ખંડની બહાર જતા રહ્યા. અનંત પણ વાસંતી અને હર્ષાબહેનની રજા લઈને પાંચ મિનિટ માટે પોતાના ખંડમાં ગયો.

તે અરીસા સામે ઊભો હતો. તેણે સ્વયંને સંબોધતા રહ્યું, ''જે વાત હું વાસંતના માતાપિતાને કહેવાનો છું તેનું રિહર્સલ કરી લઉં.''

અને તેણે થોડી ક્ષણો બાદ કહ્યું, ''વડીલ, હું તમારી વાસંતી સાથે લગ્ન નહિ કરી શકું. તેમાં વાસંતીનો વાંક નથી. વાંક મારા શ્યામ રંગનો છે. તમારી દીકરી ખૂબ ગોરી અને રૂપાળી છે. મારી સાથે તે ઊભી રહેશે તો સહુ તેની દયા ખાશે. કહેશે કે કાગડો દહિથરું લઈ ગયો. તેને માટે, તેના જેવો જ રૂપાળો વર શોધી કાઢજો. મારે માટે ગેરસમજ ન કરશો.''

સંવાદ બોલાઈ ગયો અને અનંત દીવાનખંડમાં ગયો. ત્રણેય જણ તેની રાહ જોઈ રહ્યા હતાં. અનંત તેમની સન્મુખ ગોઠવાયો. તેની હિંમત વધી ગઈ હતી. અરીસા પ્રત્યક્ષ પોતાના મનની વાત કહીને તે નિરાંત અનુભવી રહ્યો હતો. હવે પોતાની વાત તે મુક્ત મને કહેવાનો હતો.

હરસુખભાઈ બોલ્યા, ''તમારી વાત સાંભળવા હું આતુર છું. પણ, તે પહેલા મારી વાત સાંભળી લો. સોરી... અનંતકુમાર, તમારી વાત પાછી ઠેલાઈ રહી છે.''

અને તે હસી પડ્યા. થોડી ક્ષણો બાદ તે બોલ્યા, ''થોડીવાર પહેલા ગામની શાળાના આચાર્યનો ફોન આવ્યો હતો. તે અનંતકુમારના ખૂબ વખાણ કરતા હતા. તેમણે અનંતકુમારને જોયા નથી, પણ, ગામના લગભગ તમામ લોકોએ અનંતકુમારને આ ગામમાં પ્રવેશતા જોઈ લીધા હતા. ગામ નાનું છે અને આ ગામમાં આવડી સરસ કાર પ્રથમવાર જ આવતા સહુ જ કુતૂહલથી કાર અને અનંતકુમારને નિહાળી રહ્યા હતા. સહુએ આચાર્યને આ વાત જણાવી દીધી અને આચાર્યે મને. તે થોડીવારમાં જ અનંતકુમારને મળવા આવી રહ્યા છે. ગામ લોકો કહે છે વાસંતી તો રૂપમાં અનંતકુમાર આગળ પાણી ભરે. અમે નસીબદાર છીએ કે આવા જમાઈ અમને મળ્યા છે.''

આ સાંભળીને અનંતના હૃદય ઉપરથી એક હળવાશનું મોજું પસાર થઈ ગયું. તેની લઘુતાગ્રંથિ બરફની જેમ ઓગળી ગઈ. તેણે મનોમન કહ્યું, ''ભગવાન, તેં એક મોટો અનર્થ થતા રોકી લીધો. હવે મારા શ્યામ રંગને લઈને હું કદી નિરાશ નહિ બનું.''

વાસંતી મનભર અનંતને નીરખી રહી હતી. ■

---

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# જીવનની દશા-દિશાને બદલી નાખનારા વળાંકો



* વાલિયામાંથી વાલ્મીકિ બનાવે તેવા સત્સંગ શબ્દો,

* યોગ્ય વ્યક્તિનો જીવનના અમુક વળાંકે ભેટો,

* ગાંધીજીને યોગ્ય ટિકિટ હોવા છતાં આફ્રિકામાં રેલવે પ્રવાસ દરમિયાન 'અપમાનજનક' શબ્દો ઉપરાંત લગેજ સાથે પ્લેટફોર્મ પર ઉતારી મૂકનારો બનાવ અને તેવા બીજા બનાવો,

* શ્રીમદ્ રાજચંદ્રની સત્સંગભરી મુલાકાત,

* રાજા હરિશ્ચંદ્રના ચિત્રપટની મન પર થયેલી અસર,

* તિલકની સલાહ પ્રમાણેનું 'ભારતદર્શન'.

* ડૉ. આંબેડકરના જીવનમાં દલિત અસ્પૃશ્યતા, - અસમાનતાના ધાર્મિક કટ્ટરવાદનો અપમાનજનક અનુભવ - સામૂહિક ધર્માન્તર તરફ ફરી ગયો, દેશને અનામત તરફ દોરી ગયો,

* અતિગરીબી,

* ભૂખ,

* અપમાન,

* ગુસ્સો,

* અહંકાર - અભિમાન પણ વળાંક આપે અને

- અતિ સમૃદ્ધિ
- વ્યસનો,
- માંદગી-બીમારી
- વૃદ્ધાવસ્થા,
- એકલતા,
- સ્વાર્થીપણું,
- લોન, આળસ, કંજૂસાઈ પણ વળાંક આપે છે.

* વિવેકરેખાઓ (લક્ષ્મણરેખા) આપણા દ્વારા તૂટે કે સામી વ્યક્તિ રાવણ, હિટલર, દુર્યોધન જેવા તોડે કે સીતાજીથી તૂટે, જીવનમાં વળાંક આવે.

* જનક રાજાના જીવનમાં અષ્ટાવક્રે તથા કૈકેઈએ વળાંક આપ્યો,

* પાંડવોના જીવનમાં દુર્યોધને, ધૃતરાષ્ટ્રે અને ભગવાન શ્રીકૃષ્ણે વળાંક આપ્યો,

- ઈનામ,
- શાબાશી,
- સત્સંગ,
- પ્રેમ-શુશ્રૂષા,
- સેવા, સુવાક્ય, સુવાંચન, પ્રવચન,
- ગુલામી-આઝાદી, સ્વછંદતા,
- ભ્રષ્ટાચાર,
- અપમાન, વ્યસન, શિક્ષણ, એકલતા, અહંકાર, નમ્રતા,
- આસક્તિ, ભક્તિ
- કુદરત તથા માનવનિર્મિત આફતો,
- કાયદા-કાનૂનોમાંના ફેરફારો,
- લાલચ - ક્રૂરતા,
- દયા-કરુણા, પ્રાર્થના-દૂઆ-બંદગીના લીધે પણ જીવનમાં વળાંકો આવી શકે.

વ્હાલા વાચક બિરાદરો! પ્રત્યેક જીવનમાં ઘણા બધા મોડ-વળાંકો આવે જ છે.

- ક્ષમા અને ત્યાગ આવનારા જીવનને શુભવળાંકમાં ફેરવવાની તાકાત-શક્તિ રાખે છે.

- સત્સંગ, સાત્ત્વિક વાંચન, ઉચ્ચ શિક્ષણ અને કળાની સાધનાથી પણ શુભ વળાંકોની શક્યતાઓ વધી શકે.

- દૃષ્ટાભાવ,

- ઈશ્વર તથા અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તવાની,

- 'કર્તવ્યધર્મ' બજાવવાની દૃઢતા કેળવાય તો શુભવળાંકો આવતા જાય અને તેની ગતિ ઝડપી હોય, એક દિશામાં અને ધ્યેય તરફી હોય, પણ સામેથી આવનારા ભટકાઈ પણ શકે.

- જિસસ, ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર, પયગંબર હઝરત મહંમદ, મધર ટેરેસા, મહાત્મા ગાંધી, ડૉ. આંબેડકર, અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યુથર કિંગ, નૉબલ પ્રાઈઝ વિજેતા જેવાં મહામાનવો, સૂફી, સંતો, મહાત્માઓ, અવતારોના જીવનમાં વળાંકોએ તથા

- બાઈબલ

- ભગવદ્ગીતા,

- કુરાનપાક જેવા ગ્રંથોએ લાખો-કરોડો માનવોના જીવનને વળાંકો આપ્યા છે, તેમની દશા-દિશા બદલી નાખ્યા છે. ત્યારે કેટલાક વળાંકો અભિમન્યુના કોઠા જેવા ભૂલભૂલામણી જેવા, અનેક દિશામાં ફંટાતા રસ્તા જેવા હોય છે. ક્યારેક વળાંકો પસંદ કરવાની છૂટ હોય છે, ક્યારેક નહીં! ટૂંકમાં જીવન સતત પરિવર્તનશીલ એટલે કે વળાંકોથી ભરપૂર છે.

એક પ્રાર્થનાઃ

* સર્પાકારે વળાંકો લેતી નદીઓ કેટલાંય ગામોને નવજીવન આપતી મહાસાગરમાં વિલીન થવાના, મળવાના ધ્યેયને પામે છે.

* એવું જીવન ઉત્તમ છે જે અન્યોને નવજીવન આપે અને ઈશ્વર ઈચ્છામાં વિલીન થાય.

* અલ્લાહ, ઈશ્વર સર્વેને તથા મનેકમને એવી જાગૃતિવાળા વળાંકો આપે અને વળાંકો વખતે જાગૃતિ આપે તેવી પ્રાર્થના, દુઆ. ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ!

ગત અંકમાં જાણ્યું કે સર્વત્ર પરમાત્માને જોવાની દૃષ્ટિથી નમ્રતા આવે છે. હવે આગળ ભગવાન કૃષ્ણ કહે છે-

સમં પશ્યન્હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।
ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્

।।૧૩/૨૮।। અર્થાત્

''સર્વત્ર અંતર્યામી રૂપે રહેલા પરમાત્માને જે ભક્ત મન દ્વારા સમાન ભાવથી જુએ છે તે પોતાનો નાશ કરતો નથી, તેથી પરમ મુક્તિને પામે છે.''

સનાતન હિંદુ સંસ્કૃતિની એક વિલક્ષણ સમજણ એટલે સમગ્ર જડ ચેતન સૃષ્ટિમાં પરમાત્માની હાજરીનો સ્વીકાર ! આપણા ઋષિમુનિઓ તથા સંતોએ વૈદિક ગ્રંથોનું અધ્યયન અને આધ્યાત્મિક સાધનાને પરિણામે આ નક્કર વાતની ભેટ આપણને આપી છે. આ સમગ્ર સૃષ્ટિ પરમાત્માના અનુપ્રવેશથી ઉદ્ભવી છે. અને એટલે દરેક કણ કણ અને જીવ- પ્રાણીમાત્રમાં પરમાત્માનો અંતર્યામીપણે વાસ છે. અને એટલે જ સનાતન ધર્મમાં પર્વત, નદી, સમુદ્ર, વૃક્ષ, પશુ સહિત અન્ય મનુષ્યમાં પરમાત્માને જોવાની એક આગવી સમજણ રહેલી છે. અને તેને પરિણામે પેઢી દરપેઢી આ સમાજ કેળવાતી આવી છે. આજ કારણસર ગંગા-યમુના વગેરે નદીઓનું પૂજન, ગોવર્ધન પૂજા કે ગિરનાર પરિક્રમા, તુલસી કે પીપળાના વૃક્ષની પૂજા, ધરતીની પૂજા વગેરે સનાતન પરંપરાનો સહજ ભાગ છે. ભગવાન સર્વત્ર છે આ વાક્ય રોજબરોજના જીવનમાં અનેક વખત આપણે સાંભળ્યું હશે. આવી જ અનુભૂતિને વર્ણવતાં ભક્ત કવિ નરસિંહ મહેતાએ ગાયું છે-

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જૂજવે રૂપે અનંત ભાસે ..
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા
થઈ ફૂલી રહ્યો આકાશે .
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા
અંતે તો હેમનું હેમ હોયે .

જોકે આ પ્રમાણે બોલે તો છે લગભગ બધા, પણ આ વાતને માનીને વર્તે છે કેટલા? એ પ્રશ્ન છે. અહીં જ મોટો તફાવત પડે છે. માનવું એટલે



ખાલી બોલવું નહિ, પણ તે પ્રમાણે વર્તવું. જો આ વાત જીવમાં ઊતરી ગઈ હોય તો જીવનમાં એ વાત જીવાતી જોવા મળે છે. હિરણ્યકશ્યપુ અને પ્રહલાદની કથાથી સૌ કોઈ પરિચિત છે. અગ્નિથી લાલચોળ કરેલા લોખંડના થાંભલામાં પણ ભક્ત પ્રહલાદને પરમાત્માની હાજરી નિઃશંક અનુભવાઈ અને એટલે જ હિરણ્યકશ્યપુના કહેવાથી તે લોખંડના લાલચોળ થાંભલાને પણ નિર્ભયપણે બાથ ભીડી શકે છે.

જ્યાં સુધી નદી, પર્વત, વૃક્ષ વગેરેમાં ભગવાનનો વાસ છે તે માનવાની વાત છે ત્યાં સુધી તો ઘણા માનીને વર્તી શકે પણ જ્યારે અન્ય મનુષ્યમાં ભગવાનનો વાસ માનવાની વાત આવે છે ત્યાં તકલીફ પડે છે. તેમાં પણ માતા પિતા કે વડીલોને આદર આપવો સહેલો છે. પણ કોઈ સામાન્ય મનુષ્ય હોય, વિરોધી વ્યક્તિ હોય કે બાળક હોય, તેનામાં ભગવાન વસે છે તેમ માનીને તેની સાથે વર્તવું લગભગ અશક્ય બની જાય છે. આ વાત સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે ....જે ભગવાન સર્વમાં અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, તે પોતાની ઇચ્છા આવે ત્યાં તેટલી સામર્થી જણાવે છે. માટે તે ભક્તને અપમાને કરીને તે ભગવાનનું અપમાન થાય છે.

પણ જેમને પરમાત્માનો સાક્ષાત્કાર છે તેમને સમગ્ર સૃષ્ટિમાં પરમાત્માનું દર્શન થાય છે. સાચા સંતો આ રીતે જીવન જીવતા જોવાં મળે છે. કારણ તેમને પરમાત્માનો સાક્ષાત્કાર છે, જેના કારણે સમગ્ર ચરાચર તેમને પરમાત્માનાં અસ્તિત્વની સર્વોચ્ચ પ્રતીતિ રહે છે. આ પ્રતીતિને કારણે તેઓ પોતાની પ્રશંસા કરનારમાં જ નહીં પરંતુ નિંદા કરનારમાં પણ પરમાત્માનું દર્શન કરે છે. ગરીબ-તવંગર, ભણેલા- અભણ, બાળક-વૃદ્ધ સર્વેમાં સમાનભાવે પરમાત્માનું દર્શન થાય છે. કોઈનું પણ દિલ દુભાય તેવું વર્તન ક્યારેય કરતાં નથી.

૧૯૮૬ના વર્ષમાં અમેરિકાના ડલાસ શહેરમાં એક શિબિર પ્રસંગે કેટલાક યુવકો શિબિરના અંતે વાસણ ઉટકવાની સેવા કરી રહ્યા હતા. અચાનક તેમની નજર પાછળ ગઈ તો થોડે દૂર કોઈ જોઈ ન જાય તેમ પ.પૂ. મહંતસ્વામી મહારાજ તે યુવકોને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી રહ્યા હતા. ભગવાધારી એક સંત દ્વારા શિષ્ય સમા યુવકોને થતાં દંડવત પ્રણામનું દુર્લભ દૃશ્ય જોઈ, આ સંતની અનોખી સાધુતા યુવકોને સ્પર્શી ગઈ. આ મહંતસ્વામી મહારાજ એટલે પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજના આધ્યાત્મિક વારસદાર. તેઓ લાખો ભક્તોના ગુરૂપદે બિરાજતાં હોવાં છતાં જાહેરમાં ૫-૬ વર્ષના બાળકને પગે લાગતાં તેઓને લોકોએ જોયાં છે. કારણ તેઓ સર્વમાં રહેલાં પરમાત્માને સમાન ભાવથી જુએ છે.

ભગવાનને સર્વત્ર જોતાં મહાપુરુષોના જીવનમાં મૈત્રી અને દયાભાવ જ નહીં પરંતુ બીજા પ્રત્યે પૂજ્યભાવ પણ સહજ જ હોય છે. ■




# વિલ, વિરાટ અને વિક્ટરીઃ બૅન્ગલોરે આસાન વિજયને રોમાંચક બનાવી નાખ્યો

**કોહલીની સેન્ચુરીની રાહ જોવાતી હતી ત્યાં વિલ જૅક્સે આતશબાજી કરીને છગ્ગા સાથે સદી પૂરી કરીઃ તેના પહેલા ૧૭ બૉલમાં માત્ર ૧૭ રન અને પછીના ૨૪ બૉલમાં ૮૩ રન**

અમદાવાદઃ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ અહીં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સને ૨૪ બૉલ બાકી રાખીને નવ વિકેટના માર્જિનથી હરાવીને આ સીઝનમાં ત્રીજી જીત નોંધાવી હતી. જોકે દસમાંથી સાત મૅચ હારી ચૂકેલી આ ટીમ આ વિજય છતાં પણ પૉઇન્ટ્સ-ટેબલમાં છ પૉઇન્ટ અને -૦.૪૧૫ના રનરેટ સાથે તળિયે (૧૦મા નંબરે) હતી. ગુજરાત (૮ પૉઇન્ટ, -૧.૧૧૩નો રનરેટ)ની ટીમ સાતમા સ્થાને હતી. જોકે ગુજરાતનો પ્લે-ઑફમાં રહેવાનો ચાન્સ હજી માની શકાય.

બેન્ગલૂરુએ ૨૦૧ રનના લક્ષ્યાંક સામે ૧૯ ઓવરમાં એક વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. હજારો પ્રેક્ષકો ઓપનર વિરાટ કોહલી (૭૦ અણનમ, ૪૪ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર)ની સેન્ચુરીની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ તેમને વનડાઉન બૅટર વિલ જૅક્સ (૧૦૦ અણનમ, ૪૧ બૉલ, દસ સિક્સર, પાંચ ફોર)ની રોમાંચક બૅટિંગ અને મૅચના આખરી બનેલા બૉલે (૧૬મી ઓવરના છઠ્ઠા બૉલે) તેની ધમાકેદાર સદી માણવા મળી હતી. જૅક્સે પહેલા ૧૭ રન ફક્ત ૧૭ બૉલમાં બનાવ્યા હતા, પરંતુ પછીના ૮૩ રન બનાવવા તેણે માત્ર ૨૪ બૉલ લીધા હતા.

૧૫મી ઓવરને અંતે બેન્ગલૂરુનો સ્કોર એક વિકેટે ૧૭૭ રન હતો અને જીતવા બીજા ૨૪ રન બનાવવાના હતા. અહીં મુદ્દો એ હતો કે વિલ જૅક્સ ત્યારે ૭૨ રન પર હતો અને કોહલી ૬૯ રને રમી રહ્યો હતો. બેન્ગલૂરુ માટે ફક્ત ૨૪ રન બાકી હતા એટલે બેમાંથી કોઈની પણ સદી થવાની સંભાવના બહુ જ ઓછી હતી. જોકે વિલ જૅક્સે જાદુ કરી દેખાડ્યો હતો અને એમાં તેને કોહલીનો સાથ મળ્યો હતો.જૅક્સે ગુજરાતના મુખ્ય બોલર્સમાંના એક રાશીદ ખાનની ઓવરમાં ૨૮ રન ઝૂડી કાઢ્યા હતા. ઓવરના પ્રથમ બૉલમાં કોહલીએ એક રન લઈને જૅક્સને સદી પૂરી કરવાની જાણે તક આપી હતી. ચૅલેન્જ બહુ ગંભીર હતી, પણ જૅક્સે એમાં સફળતા મેળવી હતી. તેણે રાશીદના બીજા જ બૉલથી ધમાકા બોલાવાના શરૂ કરી દીધા હતા. પછીના ચાર બૉલમાં તેણે ૬, ૬, ૪ અને ૬ના સ્કોરિંગ-શૉટ સાથે પોતાને સેન્ચુરીની લગોલગ લાવી દીધો હતો. ત્યારે જૅક્સના ખાતે ૯૪ રન હતા. બેન્ગલૂરુના ૨૦૦ રન થઈ ચૂક્યા હોવાથી જીતવા માત્ર એક રન બાકી હતો. જૅક્સે એ બૉલમાં પણ સિક્સર ફટકારી અને સેન્ચુરી પૂરી અને સામા છેડેથી કોહલી આનંદિત મૂડમાં દોડી આવીને તેને ભેટી પડ્યો હતો. જૅક્સ અને કોહલીએ જાણે રાશીદની બોલિંગની મજાક ઉડાડી હોય એ રીતે વિનિંગ-સિક્સર અને જીત સેલિબ્રેટ કરી હતી.

જૅક્સને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

એ પહેલાં, કોહલી અને કૅપ્ટન ફાફ ડુ પ્લેસી (૨૪ રન, ૧૨ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) વચ્ચે ૪૦ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. ગુજરાતના છ બોલરમાં એકમાત્ર સાંઇ કિશોરને એક વિકેટ મળી હતી. મોહિત શર્મા ફરી એકવાર ખર્ચાળ સાબિત થયો. તેની બે ઓવરમાં ૪૧ રન બન્યા હતા. રાશીદ ખાન (૪-૦-૫૧-૦) સૌથી ખર્ચાળ પુરવાર થયો હતો.

એ અગાઉ, ગુજરાત ટાઇટન્સે પ્રથમ બૅટિંગ મળ્યા પછી ખરાબ શરૂઆત કર્યા બાદ છેવટે ત્રણ વિકેટના ભોગે ૨૦૦ રન બનાવ્યા હતા.


ગુજરાત ટાઇટન્સના સાંઇ સુદર્શન (ડાબે)ના અણનમ ૮૪ રન પાણીમાં ગયા હતા. છેલ્લે વિલ જૅક્સે છગ્ગો ફટકારીને સદી પૂરી કરતા જ કોહલી ખુશ થઈ ગયો હતો. (iplt20.com)

લેફ્ટ-એન્ડ બૅટર સાંઇ સુદર્શન (૮૪ અણનમ, ૪૯ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) ૧૬ રન માટે સેન્ચુરી ચૂકી ગયો હતો, પરંતુ તેની આ સતત બીજી હાફ સેન્ચુરી ગુજરાત માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ હતી. તેની અને એમ. શાહરુખ ખાન (૫૮ રન, ૩૦ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૮૬ રનની ભાગીદારી થઈ હતી. બૅટિંગ-ઑર્ડરમાં પ્રમોટ કરવામાં આવેલા શાહરુખ ખાનની આ પહેલી જ હાફ સેન્ચુરી હતી. ઓપનિંગમાં વૃદ્ધિમાન સાહા (પાંચ રન) ફરી એકવાર અને કૅપ્ટન શુભમન ગિલ (૧૯ બૉલમાં ૧૬ રન) સતત ચોથી મૅચમાં સારું પર્ફોર્મ કરવામાં નિષ્ફળ ગયો હતો. ગિલની વિકેટ કમબૅકમૅન ગ્લેન મૅક્સવેલે લીધી હતી. ડેવિડ મિલરે (૨૬ અણનમ, ૧૯ બૉલ, એક સિક્સર, બે ફોર) સુદર્શન સાથે ચોથી વિકેટ માટે ૬૯ રનની અતૂટ પાર્ટનરશિપ કરી હતી. મૅક્સવેલ ઉપરાંત મોહમ્મદ સિરાજ અને સ્વપ્નિલ સિંહે પણ એક-એક વિકેટ લીધી હતી.

બેન્ગલૂરુના કૅપ્ટન ફાફ ડુ પ્લેસીએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. બેન્ગલૂરુનો ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલ માનસિક અને શારીરિક રીતે અત્યંત થાક અનુભવ્યા બાદ બે અઠવાડિયાના બ્રેક પર ઊતરી ગયો હતો, પરંતુ ગુજરાત સામેની આ મૅચથી પાછો રમવા આવી ગયો હતો. ગુજરાતે અગાઉની મૅચની જ પ્લેઇંગ-ઇલેવન જાળવી રાખી હતી. ■

# ગાયકવાડ બે રન માટે સદી ચૂક્યો, ધોની સાતમી વાર પણ અણનમ

ચેન્નઈઃ આઇપીએલની ૧૭મી સીઝનમાં ૨૦૦-પ્લસના સ્કોર સાવ સામાન્ય થઈ ગયા છે અને એવામાં ચેપૉકમાં ચેન્નઈએ હૈદરાબાદ સામેના મહત્ત્વના મુકાબલામાં પ્રથમ બૅટિંગ કરવાની તક મળ્યા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૧૨ રન બનાવ્યા હતા.

ઋતુરાજ ગાયકવાડ (૯૮ રન, ૫૪ બૉલ, ત્રણ સિક્સર, દસ ફોર) ૨૦મી ઓવરમાં ૨૦૦ રનના ટોટલ પર નટરાજનના બૉલમાં ઉતાવળે સદી પૂરી કરવા જતાં લૉન્ગ-ઑન પર નીતિશ રેડ્ડીને આસાન કૅચ આપી બેઠો હતો. જોકે તે ફરી એકવાર કૅપ્ટન્સ ઇનિંગ્સ રમ્યો હતો. ૨૩મી એપ્રિલે ચેન્નઈમાં જ તેણે લખનઊ સામે અણનમ સદી (૧૦૮ રન) ફટકારી હતી, પણ માર્કસ સ્ટોઇનિસની ૧૨૪ રનની અણનમ સદીના કારણે ગાયકવાડની સેન્ચુરી પાણીમાં ગઈ હતી.

ગાયકવાડની ડેરિલ મિચલ સાથે બીજી વિકેટ માટે ૧૦૭ રનની અને શિવમ દુબે સાથે ૭૪ રનની ભાગીદારી થઈ હતી.

એમએસ ધોનીને ફરી એકવાર ટીમની ઇનિંગ્સની છેવટની પળો રમવા મળી હતી. તેણે એક ફોર સાથે પાંચ રન બનાવ્યા હતા અને લાગલગાટ સાતમી વાર અણનમ રહ્યો હતો. તે આ સીઝનમાં હજી સુધી આઉટ નથી થયો. શિવમ દુબે (૩૯ રન, ૨૦ બૉલ, ચાર સિક્સર, એક ફોર) પણ છેક સુધી આઉટ નહોતો થયો.

ઓપનર અજિંક્ય રહાણે (૯ રન) ફરી એકવાર સારું નહોતો રમી શક્યો. જોકે ડેરિલ મિચલે ૩૨ બૉલમાં બાવન રનનું ઉપયોગી યોગદાન આપ્યું હતું.

હૈદરાબાદના ભુવનેશ્વર, નટરાજન અને ઉનડકટને એક-એક વિકેટ મળી હતી. હૈદરાબાદે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા, કારણકે અત્યાર સુધી પ્રથમ બૅટિંગ મળતાં હૈદરાબાદે ૨૭૭ રન, ૨૮૭ રન અને ૨૬૬ રનના તોતિંગ સ્કોર નોંધાવ્યા હતા અને હવે જ્યારે પહેલા બૅટિંગ કરવાનો મોકો મળ્યો તો એનો લાભ નહોતો લીધો. ■

# કિંગ ખાનની ટેનિસ બૉલ ક્રિકેટ


બૉલીવૂડ અભિનેતા અને કોલકાતા નાઇટ રાઇડર્સના ફ્રૅન્ચાઇઝીનો સહ-માલિક શાહરુખ ખાન ગઈ કાલે ઈડન ગાર્ડન્સમાં ટેનિસ બૉલથી ક્રિકેટ રમ્યો હતો. તેની કેકેઆરની ટીમનો આજે દિલ્હી કૅપિટલ્સ સાથે મુકાબલો છે. કેકેઆરની ટીમ પૉઇન્ટ્સમાં બીજા નંબર પર છે અને ટાઇટલ જીતવા માટે એ પણ ફેવરિટ છે. (પીટીઆઇ)

# રાજસ્થાને લખનઊને બતાવી દીધું, 'હું ઇઝ ધ બોસ'

**સેમસનની ટીમ નવમાંથી આઠ મેચ જીતીને પ્લે-ઑફમાં લગભગ નક્કીઃ ધ્રુવ જુરેલ ચમક્યો, રાહુલ-હૂડાની ભાગીદારી એળે ગઈ**



લખનઊઃ રાજસ્થાન રોયલ્સે લખનઊ સુપર જાયન્ટ્સને શા માટે પોતે ઘણા દિવસથી પોઈન્ટ્સ-ટેબલમાં મોખરે છે એ શનિવારે રાત્રે હાથમાંથી જઈ રહેલી બાજી જીતીને બતાવી દીધું હતું. વિકેટકીપર-બેટર કેએલ રાહુલની ટીમ આ જંગ અગાઉ લખનઉના હોમ-ગ્રાઉન્ડ પર ચારમાંથી ત્રણ મેચ જીતીને ૭૫% વિનિંગ રેશિયો ધરાવતી હતી એટલે વિકેટકીપર-બેટર સંજુ સેમસનની ટીમ સામે જીતવા થોડી ફેવરિટ હતી, પરંતુ ખુદ સેમસન અને ઓચિંતા ફોર્મમાં આવી ગયેલા ધ્રુવ જુરેલની જોડીએ ફક્ત ૧૦.૨ ઓવરમાં ૧૨૧ રનની અતૂટ ભાગીદારી સાથે રાજસ્થાનને છ બોલ બાકી રાખી સાત વિકેટના મોટા માર્જિનથી વિજય અપાવી દીધો હતો. એ સાથે, મહામહેનતે ૧૧૫ રનની પાર્ટનરશિપ કરનાર રાહુલ અને દીપક હૂડાની બધી મહેનત પાણીમાં ગઈ હતી.

રાજસ્થાન હારી શકે એવી સ્થિતિ બે વાર સર્જાઈ હતી. એક તબક્કે રાજસ્થાને ૭૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને બીજા એક તબક્કે એણે છેલ્લા ૧૧૬ રન માત્ર ૧૦ ઓવરમાં બનાવવાના હતા. આ બન્ને જટિલ પરિસ્થિતિમાં સેમસન અને જુરેલ ટીમની વહારે આવ્યા હતા. રાજસ્થાને ૧૯૭ના ટાર્ગેટ સામે ૧૯ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૯૯ રન બનાવ્યા હતા.

મેન ઑફ ધ મેચ સેમસન ૩૩ બોલમાં ચાર સિક્સર અને સાત ફોરની મદદથી બનાવેલા ૭૧ રન તથા જુરેલ ૩૪ બોલમાં બે છગ્ગા અને પાંચ ચોક્કાની મદદથી બનાવેલા બાવન રને અણનમ રહ્યો હતો.

એ પહેલાં યશસ્વી જયસ્વાલે ૨૪ રન, જોસ બટલરે ૩૪ રન અને રિયાન પરાગે ૧૪ રનનું યોગદાન આપ્યું હતું. અગાઉની મેચમાં વિનિંગ સેન્ચુરી કરનાર યશસ્વીની વિકેટ માર્કસ સ્ટોઈનિસે, બટલરની યશ ઠાકુરે અને પરાગની પીઢ સ્પિનર અમિત મિશ્રાએ લીધી હતી.

લખનઊના સાત બોલરમાંથી માત્ર સ્ટોઈનિસ, યશ ઠાકુર અને અમિત મિશ્રાને એક-એક વિકેટ મળી હતી. ૪૧ વર્ષના મિશ્રાને આ સીઝનમાં પહેલી વાર રમવા મળ્યું જેમાં તેણે હાર જોવી પડી.

એ અગાઉ, લખનઊએ બેટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૧૯૬ રન બનાવ્યા હતા જેમાં રાહુલ (૭૬ રન, ૪૮ બોલ, બે સિક્સર, આઠ ફોર) અને હૂડા (૫૦ રન, ૩૧ બોલ, સાત ફોર)ના સૌથી મોટા યોગદાન હતા. અગાઉની મેચમાં વિનિંગ અણનમ ૧૨૪ રન બનાવનાર સ્ટોઈનિસ આ મેચમાં ઝીરોમાં આઉટ થયો હતો. તેને સંદીપ શર્માએ કલીન બોલ્ડ કર્યો હતો. નિકોલસ પૂરને ૧૧ રન, આયુષ બદોનીએ અણનમ ૧૮ અને કૃણાલ પંડ્યાએ અણનમ ૧૫ રન બનાવ્યા હતા. રાજસ્થાનના સંદીપ શર્માએ સૌથી વધુ બે તેમ જ બોલ્ટ, આવેશ ખાન અને અશ્વિનને એક -એક વિકેટ મળી હતી. ■

## આઈપીએલનું પૉઇન્ટ્સ-ટેબલ

| ક્રમ | ટીમ | મૅચ | પૉઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|
| ૧ | રાજસ્થાન | ૯ | ૧૬ | ૦.૬૯૪ |
| ૨ | કોલકાતા | ૮ | ૧૦ | ૦.૯૭૨ |
| ૩ | હૈદરાબાદ | ૮ | ૧૦ | ૦.૫૭૭ |
| ૪ | લખનઊ | ૯ | ૧૦ | ૦.૦૫૯ |
| ૫ | દિલ્હી | ૧૦ | ૧૦ | -૦.૨૭૬ |
| ૬ | ચેન્નઈ | ૮ | ૮ | ૦.૪૧૫ |
| ૭ | ગુજરાત | ૧૦ | ૮ | -૧.૧૧૩ |
| ૮ | પંજાબ | ૯ | ૬ | -૦.૧૮૭ |
| ૯ | મુંબઈ | ૯ | ૬ | -૦.૨૬૧ |
| ૧૦ | બેન્ગલૂરુ | ૧૦ | ૬ | -૦.૪૧૫ |

નોંધઃ (૧) દરેક ટીમે ૧૪ લીગ મૅચ રમવાની છે. (૨) તમામ આંકડા રવિવારની ચેન્નઈ-હૈદરાબાદ મૅચ પહેલાંના છે.)

# લિયોનેલ મેસીનો રેકૉર્ડ-બ્રેક ક્રાઉડ સામે ગોલનો વિક્રમ

મૅસેચ્યૂસેટ્સ (અમેરિકા): આર્જેન્ટિનાનો વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસી જ્યાં જાય ત્યાં વધારાનું ક્રાઉડ સ્ટેડિયમ તરફ આકર્ષાય છે અને મેસી મોટા ભાગે ગોલ કરીને પ્રેક્ષકોનો ફેરો ફોગટ નથી જવા દેતો.

શનિવારે રાત્રે એવું જ બન્યું. અમેરિકામાં મૅસેચ્યૂસેટ્સના ફૉક્સબરો ખાતેના સ્ટેડિયમમાં આ પહેલાં એક મૅચમાં વધુમાં વધુ ૬૧,૩૧૬ પ્રેક્ષકોની હાજરીનો રેકૉર્ડ હતો, પણ શનિવારે ૬૫,૬૧૨ પ્રેક્ષકોએ મેસીવાળી મૅચ માણી અને એ સાથે પ્રેક્ષકોની સંખ્યાનો નવો રેકૉર્ડ રચાયો હતો. બીજું, મેજર લીગ સૉકર (એમએલએસ) નામની ટૂર્નામેન્ટમાં ઇન્ટર માયામી ટીમ વતી સીઝનની પહેલી સાત મૅચમાં ૧૬ ગોલ કરવાનો નવો વિક્રમ મેસીએ નોંધાવ્યો છે.

મેસીએ શનિવારે બે ગોલ કર્યા હતા અને ઇન્ટર માયામીએ ન્યૂ ઇંગ્લૅન્ડ રિવૉલ્યૂશન ક્લબની ટીમને ૪-૧થી હરાવી દીધી હતી. મેસીએ ૩૨મી અને ૬૭મી મિનિટમાં ગોલ કર્યો હતો. ઉરુગ્વેનો લુઇસ સુઆરેઝ પણ ઇન્ટર માયામી ટીમમાં છે અને તેણે ૮૮મી મિનિટમાં ગોલ કર્યો હતો. ચોથો ગોલ બેન્જામિન ક્રેમાસ્કીએ ૮૩મી મિનિટમાં કર્યો હતો.

ઇન્ટર માયામી ટીમનો શાનદાર વિજય થયો, પણ આ મૅચમાં ગોલની શરૂઆત ન્યૂ ઇંગ્લૅન્ડ ટીમના ખેલાડીએ કરી હતી.

તોમાસ શૅન્કેલે આર્જેન્ટિનાનો છે અને તેણે મૅચ હજી તો શરૂ થઈ ત્યાં ૪૦મી સેકન્ડમાં ગોલ કરીને મૅચને શરૂઆતથી જ રોમાંચક બનાવી દીધી હતી. જોકે ત્યાર પછી મેસીના ૩૨મી મિનિટમાં ડાબા પગથી કરેલા ગોલ સાથે ઇન્ટર માયામીએ ન્યૂ ઇંગ્લૅન્ડને એકેય ગોલ ન કરવા દીધો અને ઉપરાઉપરી ચાર ગોલ કરીને ૪-૧થી વિજય મેળવી લીધો હતો. ■



# પાકિસ્તાનની લીગમાં હિટ, આઇપીએલમાં સુપર ફ્લૉપઃ મુંબઈ માટે લ્યૂક વૂડ સૌથી ખર્ચાળ

નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડનો પેસ બોલર લ્યૂક વૂડ એક મહિના પહેલાં પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં પેશાવર ઝલ્મી ટીમનો બેસ્ટ બોલર બન્યો હતો, કારણકે એ ટૂર્નામેન્ટમાં તેણે આ ટીમ વતી સૌથી વધુ ૧૨ વિકેટ લીધી હતી જેને ધ્યાનમાં લઈને આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સે તેને ઇજાગ્રસ્ત જેસન બેહરનડૉર્ફના સ્થાને ૫૦ લાખ રૂપિયામાં મેળવ્યો, પણ બીજી જ મૅચમાં વૂડના નામે ખરાબ રેકૉર્ડ લખાઈ ગયો.

વૂડને માત્ર સાત ઇન્ટરનૅશનલ મૅચનો અનુભવ છે, પણ ડોમેસ્ટિક ક્રિકેટની ૧૪૨ ટી-૨૦ મૅચમાં ૧૪૮ વિકેટ લઈ ચૂકેલા વૂડને મુંબઈ ઇન્ડિયન્સે ૨૪મી માર્ચે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે રમાડ્યા બાદ એક મહિને (શનિવારે) દિલ્હી કૅપિટલ્સ સામે રમવા મેદાન પર ઉતાર્યો અને તેની ચાર ઓવરમાં ૬૮ રનનો ખર્ચ થઈ ગયો.

મુંબઈ ઇન્ડિયન્સ વતી બોલિંગ કરી ચૂકેલા તમામ બોલર્સે એક મૅચમાં ચાર ઓવરમાં જેટલા રન આપ્યા છે એમાં હવે વૂડે આપેલા ૬૮ રન (૪-૦-૬૮-૧)નો આંકડો સૌથી વધુ છે. તેણે સાઉથ આફ્રિકન પેસ બોલર ક્વેના મફાકા (હૈદરાબાદ સામે ૪-૦-૬૬-૦)નો બરાબર એક મહિના પહેલાંનો મુંબઈના સૌથી મોંઘા બોલરનો વિક્રમ તોડ્યો હતો. ■



**મુંબઈ ઇન્ડિયન્સના સૌથી ખર્ચાળ બોલર્સઃ**

(૧) ૪ ઓવરમાં ૬૮ રન, લ્યૂક વૂડ, ૨૦૨૪માં દિલ્હી સામે
(૨) ૪ ઓવરમાં ૬૬ રન, ક્વેના મફાકા, ૨૦૨૪માં હૈદરાબાદ સામે
(૩) ૪ ઓવરમાં ૫૮ રન, લસિથ મલિન્ગા, ૨૦૧૭માં પંજાબ સામે
(૪) ૪ ઓવરમાં ૫૭ રન, ડેનિયલ સૅમ્સ, ૨૦૨૨માં દિલ્હી સામે


# ટીનેજ ચેસસમ્રાટ ગુકેશને તામિલનાડુ સીએમનું ૭૫ લાખ રૂપિયાનું ઇનામ

ચેન્નઈઃ તાજેતરમાં કૅનેડાના ટૉરન્ટોમાં કૅન્ડિડેટ્સ નામની ચેસ જગતની પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતીને ચેન્નઈ પાછા આવી ગયેલા ૧૭ વર્ષના ડી. ગુકેશને તામિલનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને રવિવારે ૭૫ લાખ રૂપિયાનું રોકડ ઈનામ આપ્યું છે. સીએમે શાલ ઓઢાડીને તેનું બહુમાન કર્યું હતું તેમ જ તેને પ્રશસ્તિપત્રની ભેટ પણ આપી હતી. આ પ્રસંગે ગુકેશના મમ્મી-પપ્પા અને બીજા મહાનુભાવો ઉપસ્થિત હતાં.

ગુકેશ કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ જીતનારો સૌથી યુવાન ખેલાડી છે. તેને ટ્રોફી સાથે એક કરોડ રૂપિયાનું ઇનામ મળ્યું હતું.

ગુકેશ હવે આ ટૂર્નામેન્ટનો ચૅમ્પિયન બની ગયો હોવાથી ૨૦૨૪ના વર્ષના અંતમાં ચીનના વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેનને વિશ્વ ખિતાબ માટે પડકારશે. ગુકેશ આ મહિનાની શરૂઆતમાં કૅનેડા ગયો એ પહેલાં જ તામિલનાડુની સરકારે ગુકેશને કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ માટે તાલીમ લેવા સંબંધમાં ૧૫ લાખ રૂપિયાની સહાયતા કરી હતી. તેણે ટૂર્નામેન્ટના નિર્ણાયક રાઉન્ડમાં ટાઇટલ માટેના ફેવરિટ હિકારુ નાકામુરા સામેની ગેમ ડ્રૉ કરી એ સાથે ગુકેશના હાઈએસ્ટ નવ પૉઇન્ટ થઈ ગયા હતા અને તે વિજેતા ઘોષિત થયો હતો.

ગુકેશ ગયા અઠવાડિયે મધરાત પછી ત્રણ વાગ્યે કૅનેડાથી ચેન્નઈ પાછો આવ્યો ત્યારે ઍરપોર્ટ પર તેના પરિવારજનો ઉપરાંત તેના અસંખ્ય ચાહકો હાજર હતા અને તેમણે ગુકેશનું શાનદાર સ્વાગત કર્યું હતું. ■


ડ્રિન્ક્સ પાર્ટી દરમ્યાન બધા ખેલાડીઓએ શેમ્પેનની મોજ માણી હતી, જ્યારે ૧૭ વર્ષના ગુકેશના હાથમાં માત્ર પાણીનો ગ્લાસ હતો. આ તસવીર સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ છે. ગુકેશે આવું કરીને પૅરેન્ટ્સે આપેલા સંસ્કારની ખાતરી કરાવી હતી.

# ભારતીય મહિલા ટીમે બંગલાદેશને ૪૪ રનથી હરાવી

સિલ્હટ (બાંગલાદેશ): ભારતની મહિલા ક્રિકેટ ટીમે ગઈ કાલે અહીં બાંગલાદેશને સિરીઝની પ્રથમ ટી-૨૦માં ૪૪ રનથી હરાવી દીધી હતી. લો-સ્કોરિંગ મૅચમાં ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૫ રન બનાવ્યા હતા જેમાં યાસ્તિકાના ૩૬, શેફાલીના ૩૧ અને કૅપ્ટન હરમનપ્રીતના ૩૦ રન સામેલ હતા. બાંગલાદેશની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૦૧ રન બનાવી શકી હતી. ફાસ્ટ બોલર રેણુકા સિંહે ત્રણ અને બીજી પેસ બોલર પૂજા વસ્ત્રાકરે બે વિકેટ લીધી હતી. રેણુકાને પ્લેયર ઑફ ધ મેચનો પુરસ્કાર અપાયો હતો. ■

# નિફ્ટી માટે ૨૨,૩૦૦ની સપાટી નિર્ણાયકઃ મજબૂત અંડરટોન સાથે બજારની નજર ફેડરલના નિર્ણય, કંપની પરિણામો ઈકોનોમિક ડેટા પર

મુંબઈઃ શેરબજારને અસરકર્તા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પરિબળોમાં કોઇ મોટા ફેરફાર થયા નથી પરંતુ આ સપ્તાહે બજારની નજર એફઓએમસી બઠકના નિર્ણય, કોપોરેટ ક્ષેત્રના ચોથા ત્રિમાસિક પરિણામ, ઓટોનોબાઇલના વેચાણના આંકડા અને સ્થાનિક આર્થિક ડેટા પર રહેશે. પહેલી મેના રોજ મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર બંધ રહશે. રોકાણકારો ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણયની ખાસ પ્રતીક્ષા કરી રહ્યાં છે. આ ઉપરાંત મેન્ટુફેકચરિંગ પીએમઆઇ ડેટાની બજારના સેન્ટિમેન્ટ પર અસર થઇ શકે છે. બજાર હકારાત્મક પૂર્વગ્રહ સાથે મજબૂત થવાની અપેક્ષા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું.

સમીક્ષા હેઠળાના ૨૬ એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં બજારે એક ટકાના વધારા સાથે રાહતનો શ્વાસ લીધો હતો, જોકે પાછલા શુક્રવારે અપેક્ષા કરતાં નીચા અમેરિકન જીડીપી અને યુએસ કોર પીસીઇના ઊંચા ભાવો (અગ્રિમ અનુમાન દીઠ)ને કારણે ફેડ રેટ કટ ચક્રમાં વધુ વિલંબનો સંકેત મળતા બજારનો સાપ્તાહિક ઉછાળો મર્યાદિત રહ્યો હતો.

કોર્પોરેટ ક્ષેત્રના માર્ચ ક્વાર્ટરના મિશ્ર પરિણામો, મધ્ય પૂર્વના તણાવમાં મળેલા હાશકારા, ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા ઘટાડા અને મેન્યુફેકચરિંગ અને સર્વિસિસ સેકટરના ફ્લેશ ડેટા સકારાત્મક રહેતા ઇક્વિટી માર્કેટના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. જોકે, તે અગાઉના સપ્તાહમાં ઈન્ડેક્સ ૧.૬૫ ટકા ગબડ્યો હતો.

નિષ્ણતોએ જણાવ્યું હતું કે, આ ચાર સત્રના સપ્તાહમાં, ફેડરલના વ્યાજ દરના નિર્ણય, કોર્પોરેટ કમાણી, માસિક ઓટો વેચાણ ડેટા અને ઉત્પાદન પીએમઆઇ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરીને, બજાર હકારાત્મક પૂર્વગ્રહ સાથે મજબૂત થવાની અપેક્ષા છે. ચાલુ અર્નિંગ સિઝનને ધ્યાનમાં રાખીને વધુ શેરલક્ષી કામકાજમાં વ્યસ્ત રહેશે.

સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ ૦.૮૮ ટકા વધીને ૭૩,૭૩૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ઇન્ડેક્સ ૧.૨ ટકા વધીને ૨૨,૪૨૦ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો. પરંતુ વ્યાપક બજારોમાં સારી એવી તેજી જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ અને સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ અનુક્રમે ચાર અને ૪.૪ ટકા ઉછળ્યા હતા અને નવી બંધ ઊંચાઈએ પહોંચ્યા હતા. સોમવારે, બજારો પ્રથમ આઇસીઆઇસીઆઇ બેન્ક, મારૂતિ સુઝુકી અને એચસીએલ ટેક્નોલોજીના ત્રિમાસિક પરિણામો પર પ્રતિક્રિયા આપશે, જે સપ્તાહના અંતે જાહેર કરવામાં આવ્યા હતા.

ટોચના ફંડ મેનેજરે જણાવ્યું હતું કે, નજીકના ગાળામાં બજારમાં કોન્સોલિડેશનની અપેક્ષા છે. મોટાગજાના રોકાણકારો બોન્ડ્સ અને સોના તરફ ફંટાઇ શકે છે. વધુમાં, આગામી યુએસ ફેડની નીતિની જાહેરાત અને નોન-ફાર્મ પેરોલ ડેટા વૈશ્વિક બજારોને અસર કરશે, જ્યારે ચાલુ ચોથા ક્વાર્ટરની કમાણીના અહેવાલો સ્થાનિક બજારની ગતિશીલતાને પ્રભાવિત કરશે.

પ્રાથમિક બજારોના મોરચે, આ સપ્તાહે મેઇન બોર્ડમાં કોઈ નવો આઇપીઓ નથી, પરંતુ એસએમઇ સેગમેન્ટમાં હલચલ ચાલુ રહેશે. સ્ટોરેજ ટેક્નોલોજીસ એન્ડ ઓટોમેશન, એમકે પ્રોડક્ટ્સ અને સાઈ સ્વામી મેટલ્સ એન્ડ એલોયસ, એમ ત્રણ કંપનીઓના પ્રારંભિક જાહેર ભરણાં (આઈપીઓ) ૩૦મી એપ્રિલે ખુલશે અને ત્રીજી મેના રોજ બંધ થશે, જ્યારે સ્લોન ઈન્ફોસિસ્ટમ માટે આઈપીઓ ત્રીજી મેના રોજ ખુલશે.

જીઓસ્પેશિયલ ટેક્નોલોજી સોલ્યુશન્સના અગ્રણી પ્રદાતાઓમાંની એક, સ્કેનપોઇન્ટ જીઓમેટિક્સ લિમિટેડ ૩૦મી એપ્રિલે રૂ. ૪૯.૪૦ કરોડના રાઈટ્સ ઈશ્યૂ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. કંપનીએ શેરદીઠ ત્રણ રૂપિયાના પ્રીમિયમ સહિત પાંચ રૂપિયાનો ભાવ જાહેર કર્યો છે. રેકોર્ડ ડેટ ૧૯મી એપ્રિલ નક્કી થઇ હતી અને ભરણું આઠમી મેના રોજ બંધ થશે. રેશિયો ૬૭:૪૭ (રેકોર્ડ તારીખ મુજબ, કંપનીના પાત્ર ઇક્વિટી શેરધારકો દ્વારા પાસે રહેલા દરેક ૬૭ ઇક્વિટી શેર માટે ૪૭ ઇક્વિટી શેર્સ) નક્કી થયો છે.

વૈશ્વિક સ્તરે, તમામની નજર પહેલી મેના રોજ યોજાનારી બે દિવસીય ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠકના પરિણામ પર રહેશે. બજારના નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ ૫.૨૫-૫.૫૦ ટકાના ફેડ ફંડ રેટમાં

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

કોઈ ફેરફારની અપેક્ષા ધરાવતા નથી. બજારનું ધ્યન ફેડ ચેરમેન જેરોમ પોવેલની કોમેન્ટ્રી પર રહેશે.

કોમેન્ટ્રીમાં નિષ્ણાતો ફેડરલ રિઝર્વ તેના બેન્ચમાર્ક વ્યાજ દરમાં ક્યારે ઘટાડો કરવાનું શરૂ કરશે તે અંગેના સંકેતો શોધશે. કોર્પોરેટ કમાણી સિવાય, બેરોજગારી દર, નોન ફાર્મ પેરોલ્સ, મેન્યુફેકચરિંગ અને સર્વિસિસ પીએમઆઇ, યુનાઇટેડ સ્ટેટ્સમાંથી માસિક ફેક્ટરી ઓર્ડર ડેટા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

અન્ય વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોના મેન્યુફેકચરિંગ પીએમઆઇ ડેટા, યુરોપના જીડીપી ડેટા અને બેન્ક ઓફ જાપાનની નાણાકીય નીતિ મીટિંગની મિનિટ્સ પણ સેન્ટિમેન્ટને અસર પહોંચાડશે.

સ્થાનિક મોરચે પાથછા ફરીએ તો માર્ચ ક્વાર્ટરના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે અત્યાર સુધી મિશ્રિત છે. અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી પોર્ટ્સ, કોલ ઇન્ડિયા, બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, ટાઇટન કંપની અને કોટક મહિન્દ્રા બેન્ક જેવી નિફ્ટી-૫૦ બેન્ચમાર્કમાની કંપનીઓ સહિત ૨૦૦થી વધુ કંપનીઓ આ સપ્તાહે ત્રિમાસિક પરિણામો જાહેર કરશે.

આ ઉપરાંત ઈન્ડસ ટાવર્સ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, અદાણી પાવર, અંબુજા સિમેન્ટ્સ, એવન્યુ સુપરમાર્ટ્સ, ટાટા ટેક્નોલોજી, જના સ્મોલ ફાઈનાન્સ બેન્ક, કેપીઆઈટી ટેક્નોલોજી, પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ, પૂનાવાલા ફિનકોર્પ, અદાણી એનર્જી સોલ્યુશન્સ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, હેવેલ્સ ઈન્ડિયા, બ્લુ સ્ટાર, કોફોર્જ, ડાબર ઈન્ડિયા, ફેડરલ બેંક, ગોદરેજ પ્રોપર્ટીઝ, જેએસડબલ્યુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અને આઇડીબીઆઇ બેંક પણ સપ્તાહ દરમિયાન તેમની ત્રિમાસિક કમાણી જાહેર કરશે.

બજારના સહભાગીઓ એપ્રિલ માટેના માસિક ઓટો વેચાણના આંકડા પર પણ નજર રાખશે, જે પહેલી મેથી બહાર પાડવામાં આવશે. બ્રોકરેજ ટુ-વ્હીલર તેમજ પેસેન્જર વાહનોના વેચાણમાં બે આંકડામાં વૃદ્ધિની અપેક્ષા રાખે છે, પરંતુ કમર્શિયલ વાહનોના વેચાણમાં નબળાઈ જોવા મળે છે અને ટ્રેક્ટર સેગમેન્ટમાંથી નિરસ સંકેતની ધારણા છે. આ ઉપરાંત, બીજી મેના રોજ રીલિઝ થતા અંતિમ ઉત્પાદન પીએમઆઇ ડેટા પણ જોવામાં આવશે. પ્રારંભિક ડેટા મુજબ, એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ એપ્રિલ માટે ૫૯.૧ પર આવ્યો હતો. વધુમાં, માર્ચ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપુટ ૩૦ એપ્રિલે જાહેર કરવામાં આવશે, જ્યારે ૧૯ એપ્રિલે પૂરા થયેલા પખવાડિયા માટે બેન્ક લોન અને ડિપોઝિટ વૃદ્ધિના આંકડા અને ૨૬ એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણની અનામતો ત્રીજી મેના રોજ જાહેર કરવામાં આવશે.

આ સપ્તાહે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની પ્રવૃત્તિ પર પણ નજર રાખવામાં આવશે, જોકે અગાઉના સપ્તાહમાં તેમજ ચાલુ મહિનામાં ઇક્વિટી માર્કેટમાં એફઆઇઆઇ આઉટફ્લો સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) દ્વારા સતત મજબૂત ખરીદી દ્વારા સરભર થઇ ગઇ હતી.

અગાઉના સપ્તાહમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ કેશ સેગમેન્ટમાં રૂ. ૧૪,૭૦૪ કરોડના શેરનું વેચાણ કર્યું હતું, જ્યારે ડીઆઇઆઇએ કામચલાઉ ડેટા મુજબ રૂ. ૨૦,૭૯૬ કરોડના શેરની ખરીદી કરી હતી. ચાલુ મહિનામાં હજુ બે ટ્રેડિંગ દિવસો બાકી હોવા છતાં, એપ્રિલમાં અત્યાર સુધીમાં એફઆઇઆઇ દ્વારા કુલ ચોખ્ખું વેચાણ રૂ. ૩૬,૯૩૩ કરોડના સ્તરે હતું, જે જાન્યુઆરી ૨૦૨૩ પછી સૌથી વધુ છે, જ્યારે ડીઆઇઆઇએ મહિના દરમિયાન રૂ. ૪૨,૦૬૫ કરોડની નેટ ખરીદી કરી હતી.

ટેકનિકલી રીતે નિફ્ટી ૫૦ એ સાપ્તાહિક ચાર્ટ પર એક હાઈ વેવ પ્રકારની કેન્ડલસ્ટિક પેટર્ન બનાવી છે, જે ભાવિ બજારના વલણ વિશે તેજીમંદીવાળા વચ્ચે અનિર્ણાયકતા દર્શાવે છે. એકંદરે, જ્યાં સુધી ઇન્ડેક્સ ૨૨,૩૦૦નું સ્તર ધરાવે છે ત્યાં સુધી વલણ તેજીવાળાની તરફેણમાં રહી શકે છે. જો કે શુક્રવારે દૈનિક ચાર્ટ પર ડાર્ક ક્લાઉડ કવર કેન્ડલસ્ટિક પેટર્ન હતી, જે મંદીનું રિવર્સલ વલણ હતું, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ઇન્ડેક્સે ૧૦-અઠવાડિયાના ઇએમએ (૨૨,૨૨૨)નો પણ બચાવ કર્યો હતો, જે ઇન્ડેક્સ માટે આગામી સપોર્ટ તરીકે કામ કરી શકે છે. આથી જો ઇન્ડેક્સ ૨૨,૫૦૦ની સપાટી ફરીથી હાંસલ કરે એન થોડા દિવસો માટે ઉપર ટકી રહે તો નિષ્ણાતોના મતે બેન્ચમાર્ક સરળતાથી ૨૨,૭૦૦-૨૨,૮૦૦ના સ્તરને હાંસલ કરી શકે છે. જો કે ૨૨,૩૦૦ પરના સમર્થનનો ભંગ બજારોમાં વેચાણનું દબાણ વધુ તીવ્ર બનાવી શકે છે. સાપ્તાહિક ઓપ્શન્સ ડેટા દર્શાવે છે કે નિફ્ટીને ઊંચી બાજુએ ૨૨,૫૦૦ પર અડચણનો સામનો કરવો પડી શકે છે, અને તેનાથી ઉપરની ટકાઉપણું ઇન્ડેક્સને બહુપ્રતિક્ષિત ૨૩,૦૦૦ માર્ક સુધી લઈ જઈ શકે છે, જ્યારે ૨૨,૦૦૦ આગામી સત્રોમાં ચાવીરૂપ સપોર્ટ બનવાની ધારણા છે.

# રિટેલ ઇન્વેસ્ટર્સ માટે શૅરબજારમાં અણધારી પરિસ્થિતિ માટે સ્પેશિયલ સિચ્યુએશન ફંડની કેટેગરી

મુંબઇઃ શેરબજાર અનેક અણધારી ઘટનાઓમાંથી પસાર થતું રહે છે અને તેને કારણે રોકાણકારોને નુકસાન થાય છે. જોકે, બજારના નિષ્ણાતો માને છે કે ઐતિહાસિક ડેટાને ધ્યાનમાં રાખી લાંબા ગાળા માટે રોકાણ કરનાર આ તકનો લાભ લઇને નુકસાનને બદલે નપો પણ મેળવી શકે છે. રિટેલ ઇન્વેસ્ટર માટે જોકે ચક્રીય વળાંકો અને બજાર દ્વારા અપરિચિત વૃદ્ધિની સંભાવનાઓ પર મર્યાદિત માહિતીને જોતાં, અનિશ્ચિતતાને શોધીને સતત પરિણામો મેળવવું એટલું સરળ નથી. આનો ઉપાય સ્પેશિયલ સિચ્યુએશન ફંડમાં મળી શકે છે.

આ એક એવું ફંડ હોય છે જ્યાં ફંડ મેનેજર એવા શેરમાં રોકાણ કરે છે, જેની કંપની, સેક્ટર અથવા અર્થતંત્રને લગતા કેટલાક ઓવરહેંગને કારણે તેની બેલેન્સ-શીટ મૂલ્યની સરખામણીમાં નીચા મૂલ્ય પર ઉપલબ્ધ હોય છે. જો કોઈ ઉદ્યોગ કોઈ વિક્ષેપમાંથી પસાર થઈ રહ્યો હોય તો શેરના મૂલ્યાંકનને સંકોચતા અવરોધ લાંબા ગાળાની હોઈ શકે છે, અથવા જો કોઈ ઘટનાના આધારે સેક્ટર ડાયનેમિક શિફ્ટ અથવા ટૂંકા ગાળા માટે સંબંધિત હોય તો મધ્યમ ગાળાની હોઈ શકે છે.

સામાન્ય રોકાણકાર સામાન્ય રીતે જ્યારે ઇવેન્ટ અંગે સ્પષ્ટતા હોય ત્યારે જ સ્ટોક દાખલ કરવાની યોજના બનાવે છે અને એ રીતે મોટા પાયે વળતર ગુમાવે છે, એમ જણાવતાં મ્યુચ્યુઅલ ફંડ વિતરક, પ્રશાંત ગિરધરદાસ સંપત કહે છે કે, જે રિટેલ રોકાણકાર ખાસ પરિસ્થિતિની તકોનો ઉપયોગ કરવા માગતા હોય, તેઓ સ્પેશિયલ સિચ્યુએશન ફંડનું માધ્યમ પસંદ કરી શકે છે.

સ્પેશિયલ સિચ્યુએશન ફંડમાં રોકાણ કરવા માંગતા રોકાણકાર માટે રોકાણ કરતા પહેલા કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી હિતાવહ છે. પ્રથમ, ઘણા પોર્ટફોલિયો ટર્નઅરાઉન્ડ સ્ટોરી પર આધારિત હોવાથી, ફંડમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ કે તેથી વધુ સમય સુધી રોકાણ કરવું જરૂરી છે. બીજું, ફંડની જોખમ પ્રોફાઇલ તમારી જોખમની ક્ષમતા સાથે મેળ ખાય છે કે કેમ તે તપાસી લેવું અને અંતે ઊંચી સલામતી માટે એસઆઇપી રૂટ પસંદ કરવું જોઇએ.

# મ્યુચ્યુઅલ ફંડની ડાયરેક્ટ સ્કીમમાં નાનાં શહેરોનો ગ્રોથ મોટાં શહેરો કરતાં ૩૩ ટકા વધુ

મુંબઇઃ ઑનલાઇન પ્લેટફોર્મ મારફતે મ્યુચ્યુઅલ ફંડ્સના ડાયરેક્ટ પ્લાનમાં નાના શહેરોના રોકાણકારો તેજીથી રોકાણ કરી રહ્યાં છે. ટોપ ૩૦ (ટી-૩૦) શહેરોની તુલનાએ નાના શહેરો (બી-૩૦)માં રોકાણકારોનો હિસ્સો ઝડપી ગતિએ વધી રહ્યો છે. રિટેલ બી-૩૦ (ટી-૩૦ સિવાય) શહેરોના એકાઉન્ટ અથવા ફોલિયો ગત નાણાકીય વર્ષે બાવન ટકા વધ્યા હતા. ટી-૩૦ શહેરોમાં આ ગ્રોથ ૩૯ટકા રહ્યો હતો. એટલે કે મોટા શહેરોની તુલનામાં નાના શહેરોમાં ૩૩.૩૩ટકા વધુ ગ્રોથ નોંધાયો હતો. ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ ડાયરેક્ટ પ્લાનમાં બી-૩૦ શહેરોના રિટેલ ખાતાની સંખ્યા ૨.૮૧ કરોડ થઇ હતી. ટી-૩૦ એટલે કે ટોપ ૩૦ શહેરોના ખાતાની સંખ્યા તેનાથી આઠ ટકા ઓછી ૨.૬ કરોડ છે. જો કે કુલ રોકાણમાં નાના શહેરોનો હિસ્સો ખૂબ ઓછો છે. બી-૩૦ કુલ ૨.૮૧ કરોડ ખાતામાંથી ૧.૪૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ છે જ્યારે ટી-૩૦ શહેરોના ૨.૬ કરોડ ખાતામાં ૫.૮ લાખ કરોડનું રોકાણ છે. ફોલિયો દીઠ સરેરાશ રોકાણ નાના શહેરોમાં ૫૧,૬૦૦ રૂપિયા છે જ્યારે મોટા શહેરોમાં તે ૨,૨૩,૦૦૦ રૂપિયા છે.

નાના શહેરોના રોકાણકારોનો શેરમાર્કેટમાંથી મ્યુચ્યુઅલ ફંડ તરફ ઝોક વધ્યો છે.

# ઈ-વ્હિકલ ક્ષેત્રે ક્રાંતિઃ ભારતે થ્રી-વ્હિલર્સના વેચાણમાં ૬૫ ટકાના વધારા સાથે ચીનને પછાડ્યું

મુંબઇઃ : ઈ-થ્રી વ્હીલર્સના વેચાણની દ્રષ્ટિએ ભારતે ચીન કરતા પણ નોંધપાત્ર પ્રગતિ સાધી છે. ધ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના એક રિપોર્ટ પ્રમાણે, ૨૦૨૩માં ભારતમાં ઈ-થ્રી વ્હીલર્સનો વેચાણ આંક ચીન કરતા પણ વધુ રહી ૫.૮૦ લાખ રહ્યું હતું. ચીનમાં વેચાણમાં ઘટાડો જોવા મળ્યો છે. સરકારી પ્રોત્સાહનોને કારણે ભારતમાં ઈ-વ્હીકલ ક્ષેત્રે ક્રાંતિ થઈ રહ્યાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૨૦૨૩માં વિશ્વમાં વેચાયેલા દર પાંચમાંથી એકથી વ્હીલર્સ ઈલેક્ટ્રિક હતા. આમાંનું ૬૦ ટકા વેચાણનું મૂળ ભારતમાં હતું. ઈ-વાહનોના વેચાણમાં વિશ્વભરમાં મજબૂત વધારો જોવા મળી રહ્યો હોવાનું જણાવી એજન્સીએ નોંધ્યું હતું કે, ઊભરતી બજારોમાં વીજ વાહનોની માગમાં જોરદાર વૃદ્ધિ જોવા મળી રહી છે. ઈલેક્ટ્રિક કારની વેચાણ વૃદ્ધિ જળવાઈ રહેશે અને ૨૦૨૪માં તેનો વેચાણ આંક વિશ્વભરમાં ૧.૭૦ કરોડ પહોંચવાની અપેક્ષા છે, જે દરેક પ્રકારના કારના કુલ વૈશ્વિક વેચાણના વીસ ટકા જેટલો હશે. ભારતમાં ગયા વર્ષે વીજ વાહન બજારે મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. સરકાર દ્વારા પૂરી પડાયેલી ફાસ્ટર એડોપ્શન એન્ડ મેન્યુફેકચરિંગ ઓફ ઈલેકટ્રિક વ્હીકલ્સ (ફેમ-ટુ) સબસિડી સ્કીમને કારણે આ શકય બન્યું છે. ૨૦૨૨ની સરખામણીએ ૨૦૨૩માં ભારતમાં ઈ-થ્રી વ્હીલર્સના વેચાણમાં ૬૫ ટકા વધારો થઈને ૫.૮૦ લાખ રહ્યું હતું જે ચીન કરતા વધુ હતું. આની સામે ચીનમાં વેચાણ આઠ ટકા ઘટી ૩.૨૦ લાખ રહ્યું હતું. ૨૦૨૩માં ભારતના ઈ-ટુ વ્હીલર્સના વેચાણમાં ૪૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે. ચીન તથા એશિયન દેશો સાથે ભારત ટુ તથા થ્રી વ્હીલર્સની બજારમાં વૈશ્વિક આગેવાન તરીકે ઊભરી રહ્યા છે.

# ભારતીય આઈટી કંપનીઓની આવક યુરોપના દેશોમાંથી વધી, પરંતુ અમેરિકામાં ઘટી

મુંબઇઃ એક તરફ જ્યાં ભારતીય આઇટી કંપનીઓની અમેરિકન માર્કેટમાંથી થનારી કમાણીમાં ઝડપથી ઘટાડો થયો છે ત્યારે બીજી તરફ યુરોપ અને એશિયા પેસિફિકના માર્કેટમાં થનારી કમાણી આઇટી કંપનીઓ માટે રાહતનું કામ કરી રહી છે.

ટેક સર્વિસ પર થનારા કુલ ૧૦૮.૩૬ લાખ કરોડના કુલ વૈશ્વિક ખર્ચમાં ઉત્તર અમેરિકાનો હિસ્સો ૫૦ટકાથી વધુ છે. પરંતુ આર્થિક અનિશ્ચિતતા વધવાથી તેમજ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સનો રૂટ અપનાવવાને કારણે કંપનીઓ પોતાના ખર્ચમાં ઘટાડો કરી રહી છે.

આનાથી આઇટી સેવા ઉપલબ્ધ કરાવતી ભારતીય કંપનીઓને નુકસાન થઇ રહ્યું છે. દેશની ત્રણ મોટી આઇટી કંપનીઓમાં સામેલ ટીસીએસ અને ઇન્ફોસિસની કમાણી ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સિંગલ ડિજિટમાં વધી રહી છે. જ્યારે વિપ્રોની કમાણી ઘટી છે. આ ત્રણ કંપનીઓનું અમેરિકન માર્કેટમાં પ્રદર્શન નબળું રહ્યું છે. પરંતુ બ્રિટન, યુરોપ અને અન્ય હિસ્સા અને ભારત, એશિયા પેસિફિકના વિસ્તારોમાં થયેલા સારા બિઝનેસને કારણે ભારતીય આઇટી કંપનીઓને તેની અસરને ઘટાડવામાં મદદ મળી છે.

દેશની સૌથી મોટી આઇટી કંપની ટીસીએસની આવક ૪.૧ ટકા વધીને ૨.૪૩ લાખ કરોડ રૂપિયા રહી છે. પરંતુ કંપનીના સૌથી મોટા માર્કેટ નોર્થ અમેરિકાથી આવકમાં ૦.૨ ટકાનો ઘટાડો થયો છે.

ટીસીએસની યુકેથી આવક ૧૬.૫ટકાના હિસ્સા સાથે ગત નાણાકીય વર્ષમાં ૧૦ ટકા વધી હતી.

વીમા કંપની અવીવાની સાથે ૧૫ વર્ષના સોદા અને જેએલઆરની સાથે ૭૧,૪૫૦ કરોડ રૂપિયાની ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ડીલથી યુકેમાં ટીસીએસને મદદ મળી છે. ઇન્ફોસિસની આવક યુરોપ, બાકી વિશ્વથી ૬.૩ ટકા વધી છે.

દેશની બીજી સૌથી મોટી આઇટી કંપની ઇન્ફોસિસને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૪ ટકાના વાર્ષિક ગ્રોથની સાથે ૧.૫૫ લાખ કરોડ રૂપિયાની આવક થઇ હતી. કંપનીને ટીસીએસની તુલનાએ અમેરિકાથી આવકનો મોટો હિસ્સો (૬૦ટકા) મળ્યો છે, પરંતુ તેમાં ૧.૧ ટકાનો ઘટાડો થયો હતો.

જ્યારે, યુરોપ અને બાકી વિશ્વ (એશિયા પેસિફિક, મધ્ય-પૂર્વ અને આફ્રિકા વગેરે)થી ઇન્ફોસિસની આવક અનુક્રમે ૬.૩ ટકા અને ૩.૯ ટકા વધી. જ્યારે, વિપ્રોની આઇટી સેવામાંથી આવક નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪.૪ ટકા ઘટીને રૂપિયા ૯૦,૦૦૦ કરોડ નોંધાઇ છે.

# કમર્શિયલ રિયલ એસ્ટેટને બેન્કો દ્વારા ત્રણગણી વધુ લોનનું વિતરણ

મુંબઇઃ કમર્શિયલ રિયલ એસ્ટેટને વિવિધ કારણોસર બૅન્કોએ પાછલા વર્ષ કરતાં ત્રણગણી વધુ લોન આપી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરના નાણાકીય વર્ષના એપ્રિલ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીના ૧૧ મહિનામાં બેન્કોનું કોમર્શિયલ રિયલ એસ્ટેટને ધિરાણ લગભગ ત્રણ ગણું વધીને રૂ. ૬૭,૪૮૫ કરોડ થયું છે, જ્યારે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં તે રૂ. ૨૩,૪૩૨ કરોડ હતું.

કમર્શિયલ રિયલ એસ્ટેટ લોનમાં વધારો મુખ્યત્વે ઓફિસ સ્પેસના લીઝ ભાડામાં છૂટછાટને કારણે થયો છે. ભારતીય રિઝર્વ બેંકના ડેટા અનુસાર, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં કોમર્શિયલ રિયલ એસ્ટેટ પર બાકી લોન રૂ. ૩.૯ લાખ કરોડ હતી, જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં આ હેડ હેઠળ બાકી લોન રૂ. ૨.૯૪ લાખ કરોડ હતી. આ રીતે પાછલા બે વર્ષમાં લગભગ રૂ. એક લાખ કરોડનો વધારો થયો છે.

ઓફિસ લીઝિંગ માર્કેટમાં ભારત સારૂ પ્રદર્શન કરી રહ્યું છે. આ મુખ્યત્વે બે પ્રકારના લીઝ લેનારાઓ દ્વારા પ્રમોટ કરવામાં આવ્યું છે. એક ભારતની કોર્પોરેટ અને સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે જે સતત સારૂ પ્રદર્શન કરી રહી છે.

બીજું, બહુરાષ્ટ્રીય કંપનીઓના વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો છે જે ભારતમાં તેમના મોટા કેમ્પસ સ્થાપી રહી છે. આ મહિનાની શરૂઆતમાં બહાર પાડવામાં આવેલા અર્થતંત્રની સ્થિતિ અંગેના અહેવાલ મુજબ, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રોએ ગ્રેડ 'એ' ઓફિસોની માગમાં મજબૂત ઉછાળો લાવવામાં મદદ કરી છે.

આ સેગમેન્ટમાં લિસ્ટેડ કંપનીઓની કામગીરીને કારણે એકંદર લીઝિંગ પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

# રિઝર્વ બેન્કે યુનિવર્સલ બેન્ક બનવા ઈચ્છતી સ્મોલ ફાઈનાન્સ બેન્કો પાસે અરજી મગાવી

મુંબઇઃ આરબીઆઈએ સ્મોલ ફાઈનાન્સ બેન્ક પાસે યુનિવર્સલ અર્થાત મુખ્ય બેન્કોની યાદીમાં સામેલ થવા અરજી મગાવી છે. દેશમાં હાલ ૧૦થી વધુ સ્મોલ ફાઈનાન્સ બેન્ક કાર્યરત છે. જેમાંથી ઘણી બેન્કોની માર્કેટ સાઈઝ વધતાં તે યુનિવર્સલ બેન્ક અર્થાત રેગ્યુલર બેન્કનો દરજ્જો મેળવવા મુદ્દે કામ કરી રહી છે. રિઝર્વ બેન્કે જેના માટે બેન્કની સ્થિતિ, નફો અને માર્કેટમાં લિસ્ટિંગ જેવી અનેક શરતો લાગૂ કરી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ યુનિવર્સલ બેન્ક અર્થાત રેગ્યુલર બેન્કનો દરજ્જો મેળવવા માગતી સ્મોલ ફાઈનાન્સ બેન્ક માટે અમુક શરતો જારી કરી છે. જેને આધિન સ્મોલ ફાઈનાન્સ બેન્કોએ અરજી પણ કરી છે.

યુનિવર્સલ બેન્કનું લાયન્સ માટેની આરબીઆઈની શરતો અનુસાર, યુનિવર્સલ બેન્કનું લાયન્સ મેળવવા માટે કોઈ પણ ત્રિમાસિકના અંતે સ્મોલ ફાઈનાન્સ બેન્કની નેટવર્થ ઓછામાં ઓછી રૂ. ૧૦૦૦ કરોડ હોવી જોઈએ. તેમજ કેપિટલ એડેકવન્સી રેશિયો ૧૫ ટકા હોવો જોઈએ.

તેમજ ઓછામાં ઓછા પાંચ વર્ષનો ટ્રેક રેકોર્ડ મજબૂત હોવો જોઈએ. તેમાંથી ઓછામાં ઓછા બે નાણાકીય વર્ષમાં નફો નોંધાવવાની સાથે ગ્રોસ એનપીએ ત્રણ ટકા કે તેથી ઓછી અને નેટ એનપીએ એક ટકા કે તેથી ઓછી હોવી જોઈએ.

લિસ્ટેડ સ્મોલ ફાઈનાન્સ બેન્કનું લાયન્સ પણ આવેદન કરવુ પડશે. તેમજ લાયન્સ માટે આવેદન કરતી વખતે સ્મોલ ફાઈનાન્સ બેન્કના કોઈ પ્રમોટર હોય તો તે સ્મોલ ફાઈનાન્સ બેન્કમાંથી યુનિવર્સલ બેન્કમાં તબદીલ થતી વખતે પણ પ્રમોટર પદે કાર્યરત રહેશે.

યુનિવર્સલ બેન્કના લાભો મેળવવા રિઝર્વ બેન્ક સાથે અનેક બેઠકો બાદ સ્મોલ ફાઈનાન્સ બેન્કના પ્રમુખો દ્વારા યુનિવર્સલ બેન્કનો દરજ્જો આપવા અપીલ કરવામાં આવી હતી. દેશમાં ઘણી સ્મોલ ફાઈનાન્સ બેન્કની સાઈઝ વધી રહી છે.

જોકે, સાથે યુનિવર્સલ બેન્ક માટેની લાયકાતમાં પણ વધારો થયો છે. સ્મોલ ફાઈનાન્સ બેન્કો પાસે લોન ફાળવણી, લોન સાઈઝ, ટાર્ગેટ કસ્ટમર સહિત મર્યાદિત સીમાઓ હોય છે. યુનિવર્સલ બેન્ક બનતાં આ મર્યાદાઓથી મુક્ત થાય છે.

હાલ કાર્યરત સ્મોલ ફાઈનાન્સ બેન્કોમાં એયુ સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ, ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ, સુર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ફિનો સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક, ઊજ્અત્રઃ સ્મોલ ફાઈનાન્સ બેન્કનો સમાવેશ છે.

# નાણાકીય વર્ષમાં દેશની ઓટોમોબાઈલ નિકાસમાં ૫.૫૦ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષમાં દેશની ઓટોમોબાઈલ નિકાસમાં ૫.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે પેસેન્જર વ્હીકલ સેગમેન્ટમાં નિકાસ ૧.૪ ટકા વધીને ૬,૭૨,૧૦૫ યુનિટ થઈ છે. વિવિધ દેશોમાં નાણાકીય સમસ્યાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાંથી ઓટોમોબાઈલની નિકાસમાં ઘટાડો થયો હોવાનું સાધનો જણાવે છે.

સિયામના તાજેતરના ડેટા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાંથી ૪૭,૬૧,૨૯૯ યુનિટ વાહનોની નિકાસ થઈ હતી, જેની સરખામણીમાં ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ નિકાસ ૪૫,૦૦,૪૯૨ યુનિટ થઈ હતી.

પેસેન્જર વ્હીકલ સેગમેન્ટમાં નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૬,૬૨,૭૦૩ યુનિટથી ૧.૪ ટકા વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૬,૭૨,૧૦૫ યુનિટ થઈ હતી. મારૂતિ સુઝુકીએ ૨૦૨૨-૨૩માં ૨,૫૫,૪૩૯ યુનિટ સામે ૨,૮૦,૭૧૨ યુનિટ નિકાસ ગત વરષે કરી હતી.

હ્યુન્ડઇ મોટર ઇન્ડિયાએ ગત નાણાકીય વર્ષમાં ૧,૬૩,૧૫૫ યુનિટની નિકાસ કરી હતી. તેણે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૧,૫૩,૦૧૯ યુનિટ્સની નિકાસ કરી હતી. કિયા મોટર્સે ૫૨,૧૦૫ યુનિટની નિકાસ કરી હતી, જ્યારે ફોક્સવેગન ઈન્ડિયાએ ગત નાણાકીય વર્ષમાં ૪૪,૧૮૦ યુનિટની નિકાસ કરી હતી.

નિસાન મોટર ઈન્ડિયા અને હોન્ડા કાર્સે ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષમાં અનુક્રમે ૪૨,૯૮૯ અને ૩૭,૫૮૯ યુનિટનું શિપમેન્ટ કર્યું હતું. ટુ-વ્હીલરની નિકાસ ૨૦૨૨-૨૩માં ૩૬,૫૨,૧૨૨ યુનિટની સરખામણીમાં ગત નાણાકીય વર્ષમાં ૫.૩ ટકા ઘટીને ૩૪,૫૮,૪૧૬ યુનિટ થઈ હતી. એવી જ રીતે કોમર્શિયલ વાહનોનું શિપમેન્ટ નાણાકીય વર્ષ ૨૩ માં ૭૮,૬૪૫ યુનિટ સામે ૧૬ ટકા ઘટીને ૨૦૨૩-૨૪માં ૬૫,૮૧૬ યુનિટ થયું હતું. થ્રી-વ્હીલરની નિકાસ ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં ૩,૬૫,૫૪૯ યુનિટની સરખામણીએ ગયા નાણાકીય વર્ષમાં ૧૮ ટકા ઘટીને ૨,૯૯,૯૭૭ યુનિટ થઈ હતી.

ગત નાણાકીય વર્ષમાં ઓટોમોબાઈલની નિકાસમાં ઘટાડા અંગે પ્રતિક્રિયા આપતા સિયામના પ્રમુખ વિનોદ અગ્રવાલે જણાવ્યું હતું કે વિવિધ વિદેશી બજારોમાં નાણાકીય સ્થિતિ અસ્થિર છે. કેટલાક દેશોમાં કોમર્શિયલ અને ટુ વ્હીલર સેગમેન્ટમાં નિકાસ સારી રહે છે તે દેશોમાં ફોરેન કરન્સીની સમસ્યા પણ હોવાથી નિકાસ પર અસર થઈ છે.

# ગો ફર્સ્ટના ૫૪ એરક્રાફ્ટનું રજિસ્ટ્રેશન રદ થશે?

નવી દિલ્હીઃ દિલ્હી હાઈકોર્ટે એવિએશન રેગ્યુલેટર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનને ગો ફર્સ્ટ પાસેથી લીઝ પર લીધેલા તમામ ૫૪ એરક્રાફટનું રજીસ્ટ્રેશન રદ કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે ડીજીસીએને ગો ફર્સ્ટ દ્વારા લીઝ પર લીધેલા એરક્રાફ્ટની ડીરજીસ્ટ્રેશન પ્રક્રિયાને આગામી ૫ કામકાજના દિવસોમાં આગળ વધારવા જણાવ્યું છે. જસ્ટિસ તારા વિતાસ્તા ગંજુની સિંગલ જજની બેન્ચે શુક્રવારે આ આદેશ આપ્યો છે. હાઈકોર્ટે એરલાઈન અને તેના ડિરેક્ટરોના સંચાલન માટે ઈન્સોલ્વન્સી એક્ટ હેઠળ નિયુક્ત રિઝોલ્યુશન પ્રોફેશનલને એરક્રાફટ અથવા સ્પેરપાર્ટ્સ, દસ્તાવેજો, રેકોર્ડ્સ અને અન્ય કોઈપણ સામગ્રી લેવા અથવા સંગ્રહિત કરવા પર પણ રોક લગાવી છે.

# રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય આંદોલન ઉગ્ર, પોલીસ અને ક્ષત્રિય સમાજના યુવકો વચ્ચે ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ સીટથી ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના બફાટને લઈ ક્ષત્રિય સમાજમાં હજુ પણ આક્રોશ યથાવત છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી જામનગર, ભાવનગર, રાજકોટમાં ક્ષત્રિય સમાજના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો છે. ભાવનગર શહેરમાં ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયાના ચાલુ કાર્યક્રમ દરમિયાન સ્ટેજ પાસે પહોંચીને ક્ષત્રિય સમાજના આગેવાનોએ સૂત્રોચાર કર્યા હતા.

મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો એક સાથે ભાજપના ચાલુ કાર્યક્રમમાં અચાનક પહોંચી જતા કાર્યક્રમ થોડીવાર માટે સ્થગિત થયો હતો.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ અભયભાઈ ચૌહાણ અને ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણિયા સહિતના નેતાઓ હાજર હતાં. જો કે કાર્યક્રમ સ્થળેથી પોલીસ દ્વારા વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજના યુવાનોને બહાર લઈ જવામાં આવ્યા હતા.

ભાવનગરમાં તો છેલ્લા બે દિવસથી ક્ષત્રિયો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ભાજપ વિરુદ્ધ ભાવનગરમાં શુક્રવારે અને શનિવારે વિરોધ પ્રદર્શન થયું છે.

જામનગરમાં પૂનમ માડમના પ્રચાર કાર્યક્રમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. તો રાજકોટમાં પણ વિરોધના કારણે રૂપાલાનો ગઈકાલે કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો.

સુરેન્દ્રનગરના લખતર બાદ થાનગઢમાં ભાજપનો ક્ષત્રિય સમાજ દ્વારા હલ્લાબોલ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. થાનમાં ભાજપનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો, તે સિરામીક ઉદ્યોગની ફેક્ટરીમાં પ્રવેશ કરવાનો ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા પ્રયાસ કરાયો હતો. સિરામીક ઉદ્યોગની ફેક્ટરી બહાર બંદોબસ્તમાં ઊભેલી પોલીસે ક્ષત્રિય સમાજના યુવકોને રોકતા પોલીસ અને યુવકો વચ્ચે ઘર્ષણનાં દ્રશ્યો સર્જાયાં હતાં. જેમાં વિરોધ નોંધાવી રહેલા ૨૦ થી વધુ યુવકોની અટકાયત કરવામાં આવી હતી.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે અભદ્ર ટિપ્પણી કરી હતી તેથી ક્ષત્રિય સમાજના લોકોમાં રોષ ફેલાયો હતો અને ક્ષત્રિયસમાજના લોકોએ રૂપાલાની ટિકિટ રદ કરવા માગણી કરી હતી, પરંતુ ભાજપે રૂપાલાની ટિકિટ રદ કરી નથી જેના પગલે હવે ક્ષત્રિય સમાજના લોકોએ ભાજપનો વિરોધ શરૂ કર્યો છે. આ દરમિયાન નર્મદાના ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનોએ રાજીનામાં ધરી દેતા હડકંપ મચ્યો છે.

ગોપાલપુરા ગામ ખાતે રાજપૂત સમાજ દ્વારા ભાજપ વિરુદ્ધ પ્રચાર અંગે મીટિંગ યોજવામાં આવી હતી.

મીટિંગના ભાજપાના વિવિધ હોદ્દેદારોએ તેમના પદ પરથી ક્ષત્રિય સમાજના હિતમાં અને રૂપાલાની ટિકિટ રદ નહીં કર્યાના વિરોધમાં રાજીનામાં આપ્યાં હતાં.

આ હોદ્દેદારોમાં રાજપાલસિંહ ગોહિલ આઈ ટી સેલ કો કન્વીનર નર્મદા જિલ્લો, અજીતસિંહ ગોપાલસિંહ મંત્રી, કિસાન મોરચા, રાજેન્દ્રસિંહ ગોહિલ-સ્પોર્ટ્સ સેલ કન્વીનર, નર્મદા, પુષ્પરાજસિંહ ગોહિલ, મંત્રી યુવા મોરચા, જયવીર સિંહ ગોહિલ, યુવા મોરચાનો સમાવેશ થાય છે. ■

# રાજકીય રીતે ક્ષત્રિયોની બાદબાકી કરવામાં આવી છેઃ પ્રદ્યુમનસિંહ જાડેજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બારડોલીમાં કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે રાજ્યસ્તરના મોભીઓની હાજરીમાં ક્ષત્રિય સમાજનું બીજું અસ્મિતા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડા, સંકલન સમિતિના રાજ્યના મહિલા પ્રમુખ તૃપ્તિબા રાઓલ સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા જેમાં રાજકોટ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને સામે ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત્ રહ્યો હતો.

કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે અમારી ઉપર આંદોલનકારીનો ટેગ લગાડવામાં આવ્યો છે. અમારી હારજીત મહત્ત્વની નથી પણ અમારી પેઢીને લાચારી આપીને નહિ જઈએ. લોકશાહી ભલે હોય પણ મત આપવા જાવ ત્યારે યાદ રાખજો દરેક સમાજને કહું છું મત આપવા જાવ ત્યારે તમારી દીકરીનો ચહેરો જોઈને જજો. રૂપાલાને ''પસાભાઈ'' તરીકે સંબોધવામાં આવ્યા હતા. બારડોલીમાં સેમી રતનપર દેખાય છે. સફેદ દાઢી, કાળી દાઢી, ભોળા ભૂપેન્દ્રભાઈ સાંભળી લેજો. પસાકાકા સાતમી તારીખે તમારો ડાયરો બારડોલીમાં કરવાનો છે. અમે તમને જીતાડવાના નથી. આપણા આંદોલનનું કેન્દ્ર રાજકોટમાં છે. તમે અમારી પાઘડી ઉછાળી છે, અમારા નાક કાપવાવાળાનું નાક સલામત રાખશું નહિ. તમે અમને ટેકિંગ ફોર ગ્રાન્ટેડ લઈ લીધા છે.

પ્રદ્યુમનસિંહ જાડેજા જણાવ્યું હતું કે રાજકીય રીતે ક્ષત્રિયોની બાદબાકી કરવામાં આવી છે. આપણે બધું જાણીએ છે કે રાજ્યસભા, વિધાનસભા અને લોકસભામાં અવગણના કરવામાં આવી છે. મારા હાથ નીચે સંકલન સમિતિની રચના કરવામાં આવી છે. સરકારમાં માગણી મૂકીએ ત્યારે હાસ્યાસ્પદ સ્થિતિમાં ન મુકાય તેને માટે યોગ્ય રજૂઆત કરવામાં આવે છે. રૂપાલાના મુદ્દે સંકલન સમિતિ દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી હતી. આ વખતે કરવાનો નિર્ણય સમિતિમાં કરવામાં આવે તેવો નિર્ણય લેવાયો હતો. સંકલન સમિતિ દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું તે રીતે લડત લડવાની શરૂ કરવામાં આવી હતી. દશરથ બાએ જણાવ્યું હતું કે, સમાજના આગેવાનો પોતાનો વેપાર ધંધા બાજુ પર મૂકી કામ કરી રહ્યા છે. હવે બધા કમળનાં ફૂલનું નિકંદન નીકળી જવાનું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપાલાની વિવાદાસ્પદ ટિપ્પણીને લઈ ક્ષત્રિયોએ સૌપ્રથમ ૧૪ એપ્રિલે રાજકોટના રતનપરમાં અસ્મિતા મહાસંમેલન યોજ્યું હતું. જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા. આ સંમેલનમાં ક્ષત્રિયોએ રણસંગ્રામ પાર્ટ-૨ શરૂ કરવાની ઘોષણા કરી હતી તેમ જ ક્ષત્રિયોએ લડી લેવા માટે તૈયારીઓ બતાવી હતી. ■

**દેશમાં લોકતંત્રને ખતમ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે**

# દમણમાં રાહુલ ગાંધીની જનસભા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રૂપાલાના નિવેદન બાદ છેડાયેલા ક્ષત્રિય આંદોલનની વચ્ચે રાહુલ ગાંધીએ રાજા મહારાજાઓ અંગે કરેલા નિવેદનના વિવાદની વચ્ચે રવિવારે સંઘપ્રદેશ દમણમાં જાહેરસભાને સંબોધી હતી.

દમણની સભામાં રાહુલ ગાંધીએ સંઘપ્રદેશના પ્રશાસક પ્રફૂલ પટેલ, ભાજપ અને આરએસએસ પર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ પ્રફૂલ પટેલને એડમિનિસ્ટ્રેટર નહીં પણ રાજા ગણાવ્યા હતા. દિલ્હીમાં અમારી સરકાર આવશે એટલે પ્રફૂલ પટેલને બે મીનિટમાં જ અહીંથી આઉટ કરી દેવાશે.

તેમણે ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે બંધારણને ખતમ કરવાનો ભાજપ આરએસએસનો પ્રયાસ છે, દેશમાં લોકતંત્રને ખતમ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, શિક્ષણ વિભાગમાં પણ અભણ લોકોને બેસાડાયા છે.

બીજી તરફ દમણ બીચનું ખાનગીકરણ કરવામાં આવશે, કોંગ્રેસ કહે છે સંસ્કૃતિનુ સન્માન થવુ જોઈએ પણ તે થતું નથી, દેશમાં નોટબંધીથી કોઈને પણ ફાયદો થયો નથી, ખેડૂતોનો એક પણ રૂપિયો માફ કરાયો નથી, નાના વેપારીઓને ખતમ કરી દેવાયા છે, જીએસટીથી કોઈને ફાયદો નથી થયો, પ્રફૂલ પટેલ એડમિનિસ્ટ્રેટિવ નહી પણ રાજાની જેમ વર્તે છે. ■

# છોટાઉદેપુરના ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવા પાદરાના જાસપુરમાં ક્ષત્રિયોના રોષનો ભોગ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છતાંય પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિય સમાજનો વિરોધ શમી રહ્યો નથી. પાદરામાં ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને કાળા વાવટા ફરકાવી ગામમાં ભાજપના ઉમેદવારને પ્રવેશ કરતા અટકાવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ છોટાઉદેપુર મત વિસ્તારના ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવા દ્વારા પાદરા ખાતે પ્રચાર કરવામાં આવી રહ્યા હતા પાદરાના જાસપુર ગામે ચૂંટણી પ્રચાર માટે આવેલા જશુભાઈ રાઠવાને ગામમાં ઘૂસવા ન દીધા હતા. ક્ષત્રિયોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ક્ષત્રિય યુવાનોએ કાળા વાવટા ફરકાવી ભાજપના ઉમેદવારને ગામમાં પ્રવેશ કરતા અટકાવી દીધા અને છેલ્લે સુધી ગામમાં પ્રવેશ ન કરવા દીધો હતો. આ ઘટનાની જાણ થતા જ પાદરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા લોકોને મનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ■

# કાર્યકર્તાઓ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે જાનની બાજી લગાડવા તત્પરઃ સી.આર. પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠા લોકસભા બેઠકમાં બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. કાર્યકર્તાઓ ચૂંટણીમાં જીતવા માટે આયોજન અને લોકસંપર્ક તેમ જ નરેન્દ્ર મોદીને જીતાડવા માટે જાનની બાજી લગાડવા તત્પર હોય છે એટલે ગુજરાતમાં અને દેશમાં સત્તા પર છે. ભારતને વિકસિત બનાવવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સતત પરિશ્રમ કરી રહ્યા છે એવુ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે જણાવ્યું હતું.

તેમણે વધુમા જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમા કોઇ કચાસ ન રહે તેનુ ધ્યાન રાખવાનું છે. બૂથ પ્રમુખોએ મતદાન દિવસે વધુમા વધુ મતદાન થાય તેવો પ્રયાસ કરવાનો છે. લોકસભા ચૂંટણીમા ભાજપના ઉમેદવાર પાંચ લાખથી વધુની લીડ સાથે જીતે તેવા મક્કમતાથી પ્રયાસ કરવાનો છે.

આ કાર્યક્રમમાં લોકસભા કલસ્ટર પ્રભારી બાબુભાઈ જેબલિયા, લોકસભાના પ્રભારી દુષ્યંત પંડ્યા, લોકસભાના સંયોજક જે. ડી. પટેલ, લોકસભાના ઉમેદવાર શોભનાબેન બારૈયા, જિલ્લા મહામંત્રીઓ તેમજ પદાધિકારીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાબરકાંઠા લોકસભાના ઉમેદવાર શોભનાબેન બારૈયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે ભારતને વિકસિત બનાવવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સતત પરિશ્રમ કરી રહ્યા છે. લોકસભા ચૂંટણીમાં વધુમા વધુ મતદાન થાય તે દિશામા પ્રયાસ કરવાના છે. એક વોટની તાકાતથી આજે ભારત આત્મનિર્ભર બની રહ્યો છે અને મંદિરોના જિણોદ્ધાર થઇ રહ્યા છે. આજે દેશની જનતાએ પણ નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડા પ્રધાન બનાવવાનો સંલ્પ કર્યો છે. ■

**કચ્છમાં હાજીપીરનો મેળો શરૂ**

# ઠેર ઠેર જોવા મળી રહ્યા છે પદયાત્રીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત અને પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ પાસેના કચ્છના લખપત તાલુકાના નરા ખાતેની વિશ્વ પ્રસિદ્ધ હાજીપીરની દરગાહ ખાતે ત્રણ દિવસના મેળાનો એટલે કે, ઉર્ષનો પ્રારંભ થયો છે. હાજીપીરની દરગાહને સલામ ફરમાવવા માટે સમગ્ર દેશ વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજીપીર પહોંચી રહ્યા છે. સમગ્ર કચ્છના રસ્તાઓ પર ઉકળાટભરી ગરમી વચ્ચે હાજીપીર જતા પદયાત્રીઓની ચહલપહલ ચરમસીમા પર પહોંચી છે.



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

ભારતના અન્ય રાજ્યોમાંથી પણ પગપાળા રવાના થયેલા પદયાત્રીઓ કચ્છમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. ભુજના હમીરસર તળાવની સામે આવેલા આલપનાહ ગઢના ઓટલે પદયાત્રીઓ વિસામો લેતા જોવા મળ્યા હતા. હાજીપીરના મેળાને કચ્છનો એક મોટો લોકમેળો માનવામાં આવે છે. અગાઉ ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ હાજીપીર પહોંચતા. આ ઉપરાંત સેંકડો શ્રદ્ધાળુઓ ગાડા વાટે પણ અહીં પહોંચતા. હિંદુઓને પણ હાજીપીર પ્રત્યે શ્રદ્ધા છે અને ખાસ કરીને આયર કોમના લોકો હાજીપીર પહોંચે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હાજીપીર અને મહેસાણા જિલ્લામાં મીરા દાતાર એમ બે જાણીતી દરગાહનું નવીનીકરણ અને વિકાસ કરશે. આ પહેલીવાર છે જ્યારે બોર્ડ દરગાહના વિકાસમાં સામેલ થયું છે. પ્રવાસન વિભાગ હેઠળ કામ કરતા બોર્ડે આગામી પાંચ વર્ષમાં હાજીપીર દરગાહના વિકાસ માટે રૂ. ૨૦ કરોડ અને મીરા દાતારના સ્થળ માટે રૂ. ૧૫ કરોડની બજેટની માગણી કરી છે. બંને સ્થળો દર વર્ષે નોંધપાત્ર સંખ્યામાં યાત્રાળુઓને આકર્ષે છે. ૨૦૨૪-૨૫ના બજેટ માટે હાજીપીર સાઇટ માટે ૪ કરોડ રૂપિયા અને મીરા દાતાર માટે ૫ કરોડ રૂપિયાની બજેટ ફાળવણીની વિનંતી કરવામાં આવી છે.

કચ્છમાં આવેલી દરગાહ મુસ્લિમ સંત હાજી પીરને સમર્પિત છે, જેઓ શહાબુદ્દીન મુહમ્મદ ગૌરીની સેનામાં સૈનિક તરીકે સેવા આપ્યા બાદ નરામાં સ્થાયી થયા હોવાનું માનવામાં આવે છે. ગાયોને ડાકુઓથી બચાવતી વખતે તેમણે શહાદત વહોરી હતી. હજયાત્રા કર્યા બાદ તેઓ હાજીપીર તરીકે ઓળખાવા લાગ્યા. તેમને ઝિંદા પીર અથવા વલી પીર નામથી પણ ઓળખવામાં આવે છે. તેમનું મૂળ નામ અલી અકબર હતું અને તેઓ સિંધની ફોજના સૈનિક હતા અને નરા ખાતેના રોકાણ દરમિયાન તે ફકીર બની ગયો હતો. ગામ લોકોએ તેની યાદમાં આ મસ્જિદનું નિર્માણ કર્યું હતું. લોકસભાની ચૂંટણીના કાઉન્ટડાઉન વચ્ચે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે આ મેળા દરમ્યાન સુરક્ષા કર્મીઓ રાત-દિવસ ફરજ બજાવશે તેમજ સાદા વેશમાં પોલીસ તથા ડોગ સ્કવૉડની સેવા પણ લેવામાં આવશે. શ્રદ્ધાળુઓની સગવડ માટે પાણીના ચાર ટાંકા ભરી દેવાયા છે તથા વોટર ટ્રેક્ટર સ્ટેન્ડ બાય રખાયા છે. હાજીપીર ગ્રામ પંચાયત દ્વારા અંદાજે ૨૫૦ જેટલા પ્લોટ ફાળવાયા છે,જ્યારે ટ્રાફિકના ધસારાને પહોંચી વળવા એસ.ટી.તંત્ર દ્વારા બસો ચાલુ કરી દેવામાં આવી છે. ■

# પુરુષોત્તમ રૂપાલા સામેના વિરોધમાં માંડવી તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું ભાજપમાંથી રાજીનામું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ક્ષત્રિય સમાજ અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરનારા ભાજપની રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુસોત્તમ રૂપાલાની ટિકિટ કાપવાની ઉગ્ર માગણીને ગણકાર્યા વિના રૂપાલાએ ઉમેદવારી યથાવત રાખતાં હાલ ક્ષત્રિય રાજપૂત સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ચૂંટણીના કાઉન્ટડાઉન વચ્ચે રાજપૂત સમાજ કચ્છ સહિત ગુજરાતની તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો સામે ઉગ્ર વિરોધ કરી રહ્યો છે તેવામાં સમાજની લાગણીને અનુલક્ષીને માંડવી તાલુકા પંચાયતમાં ગુંદિયાળી બેઠક પરથી ચૂંટાયેલા સભ્ય ભુપેન્દ્રસિંહ બચુભા જાડેજાએ ભાજપમાંથી રાજીનામું ધરી દેતાં સ્થાનિક રાજકારણમાં ચકચાર પ્રસરી જવા પામી છે.

કચ્છ ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદને પોતે પક્ષના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપતા હોવાના પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે પોતે ભાજપનો વર્ષો જૂનો કાર્યકર છે. રાજપૂત સમાજ વિશે રૂપાલા દ્વારા જાહેર કાર્યક્રમમાં કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી સંદર્ભે પક્ષે રૂપાલાની ટિકિટ નહીં કાપીને રૂપાલાના વાણી વિલાસને સમર્થન આપ્યું છે. ભાજપ સામે સમસ્ત ક્ષત્રિય સમાજે છેડેલી લડાઈને પોતે સમર્થન જાહેર કર્યું છે, પોતાના માટે સમાજ પ્રથમ છે અને અત્યારે જો સમાજ સાથે ના રહે તો સમાજ કદી માફ નહીં કરે રૂપાલા સામેના આંદોલનમાં અગાઉ ભાજપ સંગઠનના ઘણાં હોદ્દેદારોએ પાર્ટીમાંથી રાજીનામાં આપેલા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છની તમામ દસ તાલુકા પંચાયતો સહિત નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં ભાજપનું શાસન છે ત્યારે કોઈ ચૂંટાયેલા હોદ્દેદારે રાજીનામું આપ્યું હોય એવો કચ્છ માટેનો આ પ્રથમ બનાવ છે.

દરમ્યાન કચ્છના રાજપૂત ક્ષત્રિય સમાજમાં ભાજપ સામેનો આક્રોશ યથાવત્ રહ્યો છે. દરરોજ ક્યાંક ને ક્યાંક ભાજપ સામેના વિરોધની ઘટના ઘટી રહી છે. આજે બંદરીય મુંદરામાં બારોઈ માર્ગ પર ભાજપના ચૂંટણી પ્રચાર કાર્યાલયના ઉદઘાટન બાદ રાજપૂત યુવાનોએ ત્યાં ધસી જઈ 'ભાજપ હાય હાય'ના નારા પોકાર્યા હતા. બનાવના પગલે પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને નારાજ યુવાનોના ટોળાંને ત્યાંથી હટાવ્યું હતું. ■

# રાજકોટ રેલવે ડિવિઝનની વર્ષ ૨૦૨૩-૨૪માં ₹૨૨૭૮ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડિવિઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૮ ટકા એટલે કે ૨૩૦ કરોડ રૂપિયા વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ.૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડાથી, રૂ.૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવકથી અને રૂ.૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે. રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષની રૂ.૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦ ટકા એટલે કે રૂ.૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવકમાંથી ૨૦૨૩-૨૪માં રૂ.૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષની રૂ.૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦ ટકા એટલે કે રૂ.૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે. ■

# ભારતના સૌથી નાની ઉંમરના જગદ્‌ગુરુ બનતા મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગિરિ મહારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પંચ દશનામ જૂના અખાડા જૂનાગઢ, ગુજરાતના અનંત વિભૂષિત ૧૦૦૮ મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગિરિ મહારાજ કે જેઓ ગર્ગાચાર્યની પરંપરા અને સંપૂર્ણ સનાતનની પરંપરાના અનુયાયી છે, તેઓને આજના શુભ દિવસે વૈદિક પરંપરા મુજબ ગુરુમહારાજ મહંત હરિગિરિજી મહારાજ અને ચારેય મઢી અને અખાડાઓના સંતો, મહાત્માઓ અને સંતોએ તથા તમામ પદાધિકારીઓની સંમતિ અને હાજરીમાં પ્રયાગરાજના ત્રિવેણી સંગમની સિધ્ધ ભૂમિ પર જગદગુરુની પદવી આપવામાં આવી છે.

કાશી સુમેરુ પીઠાધીશ્વર જગદગુરુ નરેન્દ્રાનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું હતું કે મહેન્દ્રાનંદગિરિ મહારાજે સનાતન ધર્મની જે સેવા કરી છે અને દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તેનો ધ્વજ લહેરાવ્યો તે સેવાને ધ્યાનમાં રાખીને ગર્ગાચાર્ય પીઠની પરંપરા મુજબ તેમને પીઠના જગદગુરુ બનાવવામાં આવ્યા છે. મહંત હરિગિરી મહારાજે જણાવ્યું હતું કે, મહામંડલેશ્વર મહેન્દ્રાનંદ પ. ગિરિ મહારાજના જગદગુરુ બનવાથી સનાતન ધર્મનો પરચમ આના વિશ્વમાં લહેરાશે. મહંત નારાયણગિરિ મહારાજે કહ્યુ કે જગદગુરુ મહામંડલેશ્વર મહેન્દ્રાનંદ ગિરિ મહારાજે જે રીતે સનાતન ધર્મ માટે તેમનું જીવન સમર્પિત કર્યું છે તેનાથી લાખો-કરોડો લોકો પ્રેરણા લઈ રહ્યા છે. તેમના હજારો શિષ્યો છે જે સનાતન ધર્મને મજબૂત કરવાનું કામ કરી રહ્યા છે.

હિંદુઓને એક કરવાની સાથે તેઓ જાતિના ભેદભાવને દૂર કરવા માટે પણ કામ કરી રહ્યા છે. આ જ કારણ છે કે તેઓ તેમના શિષ્યોની જાતિ જોતા નથી, પરંતુ તેમના સમાજ, દેશ અને હિંદુ ધર્મ પ્રત્યે તેમનું સમર્પણ જુએ છે. તેમના ગર્ગાચાર્ય પીઠના જગદગુરુ બનવાથી હિંદુ ધર્મ સંગઠિત અને મજબૂત બનશે. ■

# અનધિકૃત બાંધકામ પ્રકરણમાં ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ સામે કોર્ટનો કાયમી મનાઇ હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષ ૨૦૦૧માં કચ્છને તારાજ કરનારા વિનાશક ધરતીકંપ બાદ ભુજ શહેરની વૈશ્વિક ઓળખ બની ચૂકેલા ભુજિયા ડુંગરની તળેટીમાં નિર્માણ પામેલી ભુજ ગ્રેઇન એન્ડ સીડસ મર્ચન્ટ એસો.સંચાલિત નવી જથ્થાબંધ બજારમાં અનધિકૃત બાંધકામ બાબતે ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ (ભાડા) દ્વારા નોટિસો પાઠવી હાથ ધરેલી કાર્યવાહી સામે અદાલતે કાયમી મનાઇહુકમ આપતો આદેશ આપતાં વેપારીઓને મોટી રાહત થઇ છે.

ભાડા દ્વારા અનધિકૃત બાંધકામ દૂર કરવા બાબતે અંતિમ નોટિસ આપી આવાં બાંધકામ તોડી પાડવા બાબતે તજવીજ કરતા બજારના વેપારી કાંતિલાલ જેરામ ગણાત્રા સહિતના ૧૩૭ જેટલા વેપારીઓએ અદાલત સમક્ષ ધા નાખી હતી.

અત્રેના છઠ્ઠા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટમાં આ બાબતે સુનાવણી હાથ ધરાયા બાદ મનાઇહુકમ ફરમાવતો ચુકાદો અપાયો હતો.

ન્યાયાધીશ એચ.એ. બારડે આ ચુકાદો આપતા ભાડાની કાર્યવાહીને ગેરકાયદેસરની તથા બંધારણ અને ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધની ગણાવી હતી. ભાડા કોઇ તોડફોડ ન કરે તથા વેપારીઓને કોઇ અડચણ ઊભી ન કરે તેવો આદેશ તેમણે કાયમી મનાઇહુકમ આપતા કર્યો હતો. ■

# જામનગરની આસપાસના દરિયામાં ૨૧૧ ડોલ્ફિનનો વસવાટ, ૧૦ ટીમોએ હમ્પબેક ડોલ્ફિન સર્વે હાથ ધર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિલોમીટરનો છે. કચ્છના અખાત સહિત જામનગરના દરિયામાં અવારનવાર ડોલ્ફિન જોવા મળે છે. તેથી, ગુજરાત સરકાર દ્વારા કચ્છના અખાતના મરીન નેશનલ પાર્કમાં વન વિભાગ દ્વારા સૌપ્રથમવાર ભારતીય મહાસાગર હમ્પબેક ડોલ્ફિનનો સર્વે કરવામાં આવ્યો હતો. જામનગર અને આસપાસમાં ૨૧૧ ડોલ્ફીન જોવા મળી હતી.

વન વિભાગની ૧૦ ટીમો સર્વે માટે બનાવવામાં આવી હતી. દરેક ટીમમાં ૧ ટેકનિકલ,વૈજ્ઞાનિક વ્યક્તિ, ૨ નિરીક્ષકો, ૧ ફોટોગ્રાફર અને ૬ ક્ષેત્ર સહાયકોનો સમાવેશ થાય છે. તેમણે જામનગર અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચરના રિપોર્ટ અનુસાર ભારતમાં લગભગ ૨ હજાર ડોલ્ફિન છે. આનો અર્થ એ થયો કે ભારતની ૧૦ ટકા ડોલ્ફિન જામનગર અને તેની આસપાસ છે. કચ્છનો અખાત ડુગોંગ, ડોલ્ફિન, પોર્પોઈસ વગેરે જેવી ઘણી દરિયાઈ પ્રજાતિઓનું ઘર છે, પરંતુ માનવીય પ્રવૃત્તિઓ અને આબોહવા પરિવર્તન દરિયાઈ જીવન માટે જોખમ ઊભું કરે છે.

તેથી, મરીન નેશનલ પાર્ક્સનું કાર્ય તેમના સંરક્ષણ માટેના જોખમોને સમજવા અને તેનું નિવારણ કરવાનું છે. આ વિસ્તાર અત્યંત ઉત્પાદક ઇકોસિસ્ટમ છે. તેમાં મેન્ગ્રોવ જંગલો, રેતાળ દરિયાકિનારા, હજારો વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનો સમાવેશ થાય છે. ■